# ગિરનારની બાળવાર્તાઓ

સચિત્ર



-આચાર્ય હેમવલ્લભસૂરિ



**વિજય રૂપાણી**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apo/kp/2020/12/15/rs

તા. ૧૫-૧૨-૨૦૨૦

## સંદેશ

ગુજરાતની ધરતી પર શ્રી ગિરનાર મહાતીર્થનું મહાત્મ્ય અપરંપાર છે. ગિરનાર એટલે અખંડ શ્રદ્ધાનું પ્રતીક. આજની નવી પેઢીને વાર્તા સ્વરૂપે ચિત્રો સાથેનું "ગિરનારની બાળવાર્તાઓ" નામે પ્રકાશિત થઈ રહેલું પુસ્તક ગુજરાતની ધરોહર સમા ગિરનારના ઈતિહાસ માટે સોનામાં સુગંધ સમું બની રહેશે. વળી, આજના આવા ભૌતિકવાદના સમયમાં મોબાઈલ અને ટેકનોલોજીમાં રચ્યાપચ્યા રહેતા બાળકો માટે આ ચિત્રસભર વાર્તાસમૂહ નવી પેઢીને ગુજરાતી સાહિત્ય તરફ દોરી જવા એક માર્ગદર્શક સમું બની રહેશે.

ગિરનાર મહાતીર્થની આશરે ૩૧૫૦ વખત યાત્રા કરી ચૂકેલા અને આ પુસ્તકના લેખક પ.પૂ. આચાર્ય હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબને "ગિરનારની બાળવાર્તાઓ" પુસ્તક પ્રકાશિત કરવા બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Dineshchandrabhai D. Shah,** *Trustee*
Sahsawan Kalyanak Bhoomi Tirthoddhar Samiti
Opp. Mitraj School, Rupayatan Road,
Bhavnath Taleti, Junagadh – 362 001.
Mo.: 94096 85999.

ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ



# ગિરનારની બાળવાર્તાઓ

**(જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયની દૃષ્ટિએ સચિત્ર બાલાવબોધ ગિરનાર માહાત્મ્ય)**


: સંપાદક :

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં. **શ્રી ચન્દ્રશેખરવિજયજી** ગણિવર્યના શિષ્ય
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી ધર્મરક્ષિતસૂરિ** મહારાજ સાહેબના શિષ્ય
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી હેમવલ્લભસૂરિ** મહારાજ સાહેબ



: પ્રકાશક :

**શ્રી ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**
C/o ગિરનાર દર્શન ધર્મશાળા,
શિવનિકેતનની બાજુમાં, રૂપાયતન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧.
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯ મો. ૯૪૦૯૬૮૫૯૯૯




## ગિરનારની બાળવાર્તાઓ (સચિત્ર)

પ્રથમ આવૃત્તિ - ગુજરાતી ૫૦૦૦,
હિંન્દી ૫૦૦૦, અંગ્રેજી ૫૦૦૦ નકલ

પડતર કિંમત : ૧૨૫/-

વેચાણ કિંમત : ૧૦૦/-

સંપાદક : આચાર્ય હેમવલ્લભસૂરિ

ISBN : 978-81-948198-9-9

JSBN
gyann0005




### પ્રાપ્તિસ્થાન


**શ્રી ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**
C/o ગિરનાર દર્શન ધર્મશાળા,
શિવનિકેતનની બાજુમાં, રૂપાયતન રોડ,
જુનાગઢ-૩૬૨૦૦૧.
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯
મો. ૯૪૦૯૬૮૫૯૯૯

**સમકિત ગ્રુપ**
૧૪૮/૧૦૨, ચંદ્ર દર્શન,
જવાહરનગર, રોડ નં. ૯,
ગોરેગામ (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૨.
મો. ૯૮૨૦૧૨૧૧૯૫

**કેયુરભાઈ શેઠ**
G/F-૩૧, અર્પણ કોમ્પલેક્ષ,
ડીલક્ષ ચાર રસ્તા, પાસપોર્ટ ઓફીસ પાસે,
નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨.
મો. ૭૨૮૫૦૦૫૧૫૨, ૯૫૧૦૫૮૦૪૮૭

**જ્ઞાનની બારી**
જી-૧, લાભ કોમ્પલેક્ષ,
૧૭ તાલુકા સોસાયટી,
નવજીવન, અમદાવાદ-૩૮૦૦૧૪.
મો. ૯૪૦૮૩૭૧૨૦૬

**વર્ધમાન સંસ્કાર ધામ**
ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળે,
૧૧૨, જગન્નાથ શંકર શેઠ રોડ,
ગિરગામ ચર્ચ પાસે, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૬૭૦૯૭૪

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
૦૨૬૧-૨૫૯૯૩૩૭

**મહેતા ડેરી**
તળેટી રોડ, પાલિતાણા-૩૬૪૨૭૦.
ફોન : ૦૨૮૪૮-૨૫૨૨૩૨

**Amitkumar Mahaveerji Salecha**
C/O Arham Gold, Ground Floor, Ram Rajendra Kuteer,
Isukavagu Street, R.Agraharam Guntur - 522003 (A.P)
98492 76450, 86366 47791



મુદ્રકઃ કિરીટ ગ્રાફિક્સ - અમદાવાદ - મો. ૯૮૯૮૪૯૦૦૯૧, ૯૪૦૯૩૪૨૬૦૧



# પ્રસ્તાવના

**જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;**
**એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.**

આ બે તીર્થમાં શત્રુંજય મહાતીર્થ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં ખૂબ પ્રસિદ્ધ છે પરંતુ ગિરનાર મહાતીર્થના માહાત્મ્યથી સૌ અજ્ઞાત રહ્યા હોવાથી આ તીર્થ પ્રત્યે છેલ્લા કેટલાક વર્ષોથી ઉપેક્ષા સેવાયેલ છે.

ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષ માટે છેલ્લા લગભગ ૧૧ વર્ષથી અથાગ પ્રયત્ન કરવામાં આવેલ હોવાથી આજે સૌ ગિરનારના માહાત્મ્યને જાણવા અને માણવા લાગ્યા છે. ભારતભર અને વિદેશમાં પણ લોકોના હૈયામાં આજે દિનપ્રતિદિન ગિરનાર અને ગિરનારી નેમિપ્રભુ પ્રત્યે પ્રીતિ અને ભક્તિમાં વિશેષ વધારો થવા લાગ્યો છે.

ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષના "સૌ ચાલો ગિરનાર જઈએ..." ના આ અભિયાનમાં ગિરનારની વિવિધ વાતો જણાવતા અનેક પુસ્તકાદિ સાહિત્યના પ્રકાશનો આજ સુધી થયા છે. આ રીતે સૌ ભક્તજનોના હૈયામાં ગિરનાર પ્રત્યે સહજ સદ્ભાવ પ્રગટતો રહે તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે.

આજના બાળકો અને યુવાનો આવતી કાલના સુશ્રાવકો, સંઘના હોદ્દેદારો અને શાસનના કાર્યોમાં અનેક નિર્ણયો કરતા થવાના છે. તેથી નવી પેઢી દ્વારા પણ આ ગિરનારના માહાત્મ્યનો અભ્યાસ થાય તે ખાસ જરૂરી છે જેથી તેઓ પણ આ પવિત્રભૂમિના મહિમાને જાણી વિશેષ શ્રદ્ધાવાન બની શકે.

ભૂતકાળમાં અનંતા તીર્થંકરોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે, વર્તમાનના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી નેમિનાથ ભગવાનના પણ દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયેલ છે તથા ભાવિની આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્માના મોક્ષકલ્યાણક તથા છેલ્લા બે તીર્થંકરના દીક્ષા અને કેવલજ્ઞાનકલ્યાણક પણ આ પાવનભૂમિ ઉપરથી થવાના છે. આ તીર્થના આવા મહિમાને જાણી તેના પ્રત્યે વિશેષ આદર-બહુમાન દ્વારા સૌના આત્માનું ઉત્થાન થાય તેવા શુભ આશયથી આ સચિત્ર બાલવાર્તાનું પ્રકાશન થઈ રહ્યું છે. "ચિત્રો શબ્દો કરતાં વધુ બોલે છે", તેથી પૂર્વાચાર્યાદિના તીર્થમહિમા, તીર્થભક્તિ, તીર્થબલિદાન આદિ અંગેના પ્રસંગોના વર્ણન કરતી વાર્તાઓ બાલજીવોને વિશેષથી ગ્રાહ્ય બને તેવા સુંદર અને આકર્ષક ચિત્રો સહિતનું આ પુસ્તક બાળવર્ગના હૈયામાં આ તીર્થ પ્રત્યે વિશેષ લાગણી, શ્રદ્ધા અને સમર્પણ ભાવ જગાડશે તેવો વિશ્વાસ છે.

ગિરનાર માહાત્મ્ય દર્શાવતી આ વાર્તાઓ અનેક ગ્રંથોના આધારે તૈયાર કરવામાં આવી છે. તે દરેક સાહિત્યના સર્જકો, પ્રકાશકો, આ ગ્રંથ સર્જન કરવામાં અનંતર કે પરંપર સહાયક બનેલા સાધુ-સાધ્વીજી ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓ, અનેક જ્ઞાનભંડારો, વિવિધ સંસ્થાઓ તથા વિશેષ તો ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કૃતિના ઐતિહાસિક સાહિત્યસર્જનમાં સદા વ્યસ્ત રહેતા એવા વિદ્વદ્વર્ય પ્રોફેસર **(ડૉક્ટર) વિશાલભાઈ આર. જોષીએ** પોતાનો અમૂલ્ય સમય ફાળવીને પુસ્તકનું વાંચન કરી 'પ્રસાદ' રૂપી પ્રસ્તાવના લખી આપેલ છે તે બદલ તેઓશ્રીનો પણ અત્યંત ઋણી છું.

આ પુસ્તકમાં રજૂ કરવામાં આવેલ વાર્તાઓને કુશળ ચિત્રકાર **અંકુરભાઈ સુચકે** સુંદર ચિત્રો દ્વારા વાચા આપીને વાર્તાઓને વિશેષ રસપ્રદ બનાવી ખૂબ સહાય કરેલ છે તથા સદા ખડે પગે મને બધી રીતે અનુકૂળ બનેલા મારા શિષ્યો મુનિ **દેવર્ષિવલ્લભવિજયજી**, મુનિ **હ્રીઁવલ્લભવિજયજી**, મુનિ **શ્રીઁવલ્લભવિજયજી** તથા મુનિ **મોક્ષવલ્લભવિજયજી**નો ઉપકાર તો કેમ વિસરાય !

પ્રાન્તે આ મહાતીર્થ પ્રત્યેની તીવ્રલાગણી - ભક્તિ - બહુમાનના કારણે આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા ચાહું છું.

આ મહાતીર્થએ ચિંતામણીરત્ન છે, તેનો પ્રભાવ અકલ્પનીય અને અવર્ણનીય છે, સૌ કોઈ આ મહાતીર્થની પ્રીતિ-ભક્તિના પ્રભાવે આ ભવમાં શાંતિ-સમાધિ, પરભવમાં સદ્ગતિ અને પરંપરાએ સિદ્ધગતિ પામે એ જ મંગલકામના.

વિ.સં. ૨૦૭૬ — એજ લિ.
દ્વિ. આસો વદ બારસ — **હેમવલ્લભવિજય**
(શ્રીનેમિનાથ ચ્યવનકલ્યાણક)

INDEX

# વિષયદર્શન


| | | |
|---|---|---|
| ૧) | ગિરનારનો મહિમા ન્યારો... | ૭ |
| ૨) | આ વિશ્વની સૌથી પ્રાચીન પ્રતિમા કઈ...? | ૧૦ |
| ૩) | સત્ત્વશાળી રત્નસાર શ્રાવક | ૧૬ |
| ૪) | પૃથ્વીના તિલક સમો 'કર્ણવિહાર પ્રાસાદ...' | ૨૪ |
| ૫) | જાપ જપીએ પાપ ખપીએ (ગોમેધ યક્ષ) | ૩૦ |
| ૬) | શાસનરખવાળી મા અંબિકાદેવી | ૩૪ |
| ૭) | જાદુઈ ગજપદકુંડ | ૪૨ |
| ૮) | સિદ્ધિદાયક રૈવતગિરિ | ૪૬ |
| ૯) | રાજર્ષિ ભીમસેન | ૫૦ |
| ૧૦) | એક હતો તાપસ.. (વશિષ્ટ મુનિ) | ૫૮ |
| ૧૧) | રંક બન્યો રાજા (અશોકચન્દ્ર) | ૬૨ |
| ૧૨) | સૌભાગ્ય મંજરી | ૬૬ |
| ૧૩) | જીવતા ને જાગતા દેવ | ૭૦ |
| ૧૪) | બુદ્ધિના બેતાજ બાદશાહ (વસ્તુપાળ) | ૭૬ |
| ૧૫) | તીર્થભક્તિ માટે ત્યાગ (પેથડ મંત્રી) | ૮૪ |
| ૧૬) | જીત તો હંમેશા સત્યની જ હોય છે... | ૯૨ |
| ૧૭) | મંત્રનો પ્રભાવ | ૯૬ |
| ૧૮) | અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ... પામે કેવળજ્ઞાન... | ૧૦૨ |
| ૧૯) | ગિરનારની અજબ-ગજબની વાતો | ૧૦૬ |
| ૨૦) | ગિરનારના અર્વાચીન ઉદ્ધારકોની એક ઝાંખી ઝલક | ૧૧૦ |





## ગિરનારનો મહિમા ન્યારો... ૧

- ગિરનાર પણ શત્રુંજયગિરિની માફક પ્રાયઃ શાશ્વત છે. પાંચમા આરાના અંતે જ્યારે શત્રુંજયની ઊંચાઈ ઘટીને સાત હાથ થશે ત્યારે ગિરનારની ઊંચાઈ ૪૦૦ હાથ રહેશે.
- રૈવતગિરિ (ગિરનાર)એ શત્રુંજયગિરિનું પાંચમું શિખર હોવાથી તે પાંચમું જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન અપાવનારું છે.
- ગિરનાર ઉપર અનંતા તીર્થંકરો આવેલા છે અને મહાસિદ્ધિ અર્થાત્ મોક્ષપદને પામેલા છે. બીજા અનંતા તીર્થંકરના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે. તેમજ અનેક મુનિઓ પણ મોક્ષપદને પામ્યા છે અને ભવિષ્યમાં પામશે.
- ગઈ ચોવીસીમાં ૧૦ તીર્થંકરોના મોક્ષ ગિરનાર ઉપર જ થયા હતા.
- વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ગિરનાર ઉપર થયા છે.
- આવતી ચોવીસીમાં થનારા શ્રી પદ્મનાભ વગેરે ચોવીસ તીર્થંકર પરમાત્માના મોક્ષકલ્યાણક ગિરનાર ઉપરથી થશે.
- સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ ગિરનારના આકારને હંમેશા પૂજે છે.
- ગિરનારની ભક્તિ કરનારને આ ભવમાં કે પરભવમાં દારિદ્રય આવતું નથી.
- ગિરનાર મહાતીર્થમાં નિવાસ કરતાં તિર્યંચો (જનાવરો) પણ આઠભવની અંદર સિદ્ધિપદને પામે છે.
- ગિરનાર મહાતીર્થ એ પુણ્યનો ઢગલો છે.
- ગિરનાર મહાતીર્થની સેવાથી કેટલાય પુણ્યાત્માઓ આ લોકમાં સર્વસંપત્તિ અને પરલોકમાં પરમપદને પામે છે.



- ગિરનાર મહાતીર્થની સેવાથી પાપી જીવો પણ સર્વકર્મનો સંક્ષેપ કરી અવ્યક્ત અને અક્ષય એવા શિવપદને પામે છે.
- ગિરનાર મહાતીર્થની માટીને ગુરુગમના યોગથી તેલ અને ઘીની સાથે ભેળવીને અગ્નિમાં તપાવવાથી તે સુવર્ણમય બની જાય છે.
- ગિરનાર મહાતીર્થમાં દરેક શિખરોની ઉપર જલ, સ્થળ ને આકાશમાં ફરનારા જે જે જીવો હોય છે તે સર્વે ત્રણ ભવમાં મોક્ષે જાય છે.
- જે જીવો ગિરનાર મહાતીર્થ ઉપર આવી પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રદાન દ્વારા સદ્વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

- જે જીવો ગિરનાર મહાતીર્થ ઉપર આવી ભાવથી જિનપ્રતિમાની પૂજા કરે છે તે શીઘ્ર શિવસુખને પ્રાપ્ત કરે છે. ઘેરબેઠા પણ શુદ્ધભાવપૂર્વક ગિરનારનું ધ્યાન ધરનાર ચોથાભવે મોક્ષપદને પામે છે.
- આકાશમાં ઉડતાં પક્ષીઓની છાયા પણ જો આ ગિરનાર મહાતીર્થનો સ્પર્શ પામે તો તેઓની પણ દુર્ગતિનો નાશ થાય છે.
- ગિરનારમાં મોક્ષલક્ષ્મીના મુખરૂપે રહેલા ગજપદ નામના કુંડના પવિત્રજલના સ્પર્શમાત્રથી જીવોના અનેક ભવના પાપો નાશ પામે છે.
- ગિરનારના ગજપદકુંડના જલનું પાન કરવાથી કામ, શ્વાસ, અરૂચિ, ગ્લાનિ, પ્રસુતિ અને ઉદરમાં ઉત્પન્ન થયેલા બાહ્યરોગો પણ અંતરના કર્મમલની પીડાની જેમ નાશ પામે છે.
- જગતમાં કોઈપણ શાશ્વતી દિવ્ય ઔષધીઓ, સ્વર્ણાદિ સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી કે જે આ ગિરનાર ઉપર ન હોય!
- સહસાવનમાં નેમિનાથ ભગવાનની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકો થયા હતા.
- સહસાવનમાં શ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતિશ્રીજી આદિ મોક્ષપદને પામ્યા છે.
- સહસાવનમાં હાલ સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા યુક્ત અદ્‌ભુત સમવસરણ મંદિર છે.
- ગિરનારની પહેલી ટૂંકે હાલ ચૌદ-ચૌદ બેનમૂન જિનાલયો ગિરિવરના તિલક સમાન શોભી રહ્યા છે.
- ભારતભરમાં મૂળનાયક તરીકે તીર્થંકર ન હોય તેવા સામાન્ય કેવળી સિદ્ધાત્મા શ્રી રહનેમિનું એક માત્ર જિનાલય ગિરનાર ગિરિવર ઉપર છે.
- જ્યાં સુધી ગિરનારની યાત્રા નથી કરી ત્યાં સુધી જ જીવને સર્વપાપ, સર્વદુઃખ અને સંસાર ભ્રમણ રહે છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ ગઈ ચોવીસીના કેટલા તીર્થંકરો ગિરનાર ઉપરથી મોક્ષે ગયા હતા ?

પ્ર.૨ ગિરનાર મહાતીર્થ એ શાનો ઢગલો છે ?

પ્ર.૩ ઘેરબેઠાં ગિરનારનું ધ્યાન ધરનાર કેટલા ભવે મોક્ષપદને પામે છે ?

**ગિરનારની આવી ન્યારી વાતો જાણી સ્વ અને સૌને આ તીર્થ પ્રત્યે આદરબહુમાન જાગે તે માટે તન-મન-ધનથી પ્રબળ પુરુષાર્થ કરવો.**

## આ વિશ્વની સૌથી પ્રાચીન પ્રતિમા કઈ...? ૨

“અસંખ્યાતા વરસો પહેલાની આ વાત છે. ગઈ ચોવીસીના ‘સાગર’ નામના ત્રીજા તીર્થંકર પરમાત્માના દર્શન કરી આખી’ય ઉજ્જયની નગરીમાં ઉમંગ છવાયો હતો. કેવલજ્ઞાની પરમાત્મા વિહાર કરતાં-કરતાં એક વાર ઉજ્જયની નગરીની બહાર બગીચામાં પધાર્યા. ત્યાં કરોડો દેવોએ આવીને પ્રભુનું ભવ્ય સમવસરણ રચ્યું. પહેલો ગઢ ચાંદીનો, બીજો સોનાનો ને ત્રીજો રત્નનો.... જોતાં જાણે દેવના વિમાન કરતાંય વધારે મનોહર લાગે.

ભગવાન પાસે જવું કોને ન ગમે ? ભગવાન પધાર્યા છે એ સમાચાર મળતા જ નાના-મોટા સહુ કોઈ ભગવાનના દર્શન કરવા ચાલ્યા. હજારો દેવી-દેવતાઓ, નર-નારીઓ, પશુ-પંખીઓ બધા જ એક ધ્યાનથી ભગવાનની મીઠી-મધુરી વાણી સાંભળે છે. કોઈ ઉભા થવાનું નામ નથી લેતા. કોઈને પણ સમવસરણ છોડીને જવાની ઈચ્છા નથી થતી. ભગવાને ભવ્ય જીવોને મોક્ષ માર્ગ બતાવનારી દેશના આપી.

દેશના (પ્રવચન) પૂર્ણ થયા બાદ દેશના સાંભળવા આવેલા નગરના રાજા ‘નરવાહન’ પ્રભુને પૂછે છે કે, “હે પ્રભુ ! હું મોક્ષે ક્યારે જઈશ ? આ સંસારમાંથી મારો છૂટકારો ક્યારે થશે ?” ભગવાને કહ્યું, “રાજન્ ! આવતી ચોવીસીના બાવીસમાં તીર્થંકર શ્રીનેમિનાથ પરમાત્માનું તીર્થ, તારા માટે તો સાચું તારક તીર્થ બની જશે ! સંસારના સાગરથી તારે તે તીર્થ! શ્રીનેમિનાથ પ્રભુના શાસનમાં તને કેવલજ્ઞાન થશે, તારું નિર્વાણ થશે અને તું આ સંસારમાંથી છૂટીને મોક્ષના સુખને પામીશ !”

પોતાનું ભવિષ્ય જાણી નરવાહન રાજાને સંસારમાં રહેવું નહીં ગમતું. તે હવે સંસારથી થાકી ગયા હતા. તેમને જલ્દી-જલ્દી મોક્ષે જવું હતું આથી નરવાહન રાજાએ ભગવાન પાસે દીક્ષા લીધી. સંયમધર્મની ઉત્તમ આરાધના કરતાં-કરતાં નરવાહન રાજા મૃત્યુ પામ્યા. ત્યાંથી મરીને તે પાંચમા દેવલોકમાં દસ સાગરોપમ વર્ષોના આયુષ્યવાળા ઈન્દ્ર થયા.

અષ્ટમહાપ્રાતિહાર્યથી શોભતા સાગર પ્રભુ ભરતક્ષેત્રની ધરતીને પાવન કરતાં-કરતાં એકવાર ચંપાપુરી નગરીના બગીચામાં પધાર્યા. સમવસરણમાં બેસી પરમાત્મા પોતાની મીઠી-મધુરી વાણી વડે સિદ્ધશિલા અને સિદ્ધના જીવોનું વર્ણન કરી રહ્યાં હતાં :



"૪૫ લાખ યોજનની, ઊંધી છત્રીના આકારવાળી, સફેદ વર્ણની સિદ્ધશિલા છે. તે ચૌદ રાજલોકના સૌથી ઉપરના ભાગમાં આવેલી છે. તે સિદ્ધશિલા મધ્યમાં આઠ યોજન જાડી છે ને બન્ને બાજુ પાતળી થતી-થતી માંખીની પાંખ જેવી અતિ પાતળી થાય છે. મોતી, શંખ કે સ્ફટિકરત્ન સમાન સિદ્ધશિલા અતિનિર્મલ ને અતિસુંદર છે. તે સિદ્ધશિલા ઉપર અનંતા સિદ્ધ પરમાત્માના જીવો આઠ કર્મનો નાશ કરી ક્યારે પણ ખૂટે નહીં એવા અનંત સુખનો અનુભવ કરે છે તે સુખનું સ્વરૂપ માત્ર જિનેશ્વર પરમાત્મા કે કેવલી ભગવંતો જ જાણી શકે છે."



ત્યારે દેશના સાંભળી પાંચમા દેવલોકનો ઈન્દ્ર એટલે કે નરવાહન રાજાનો જીવ સર્વજ્ઞ ભગવંતને નમન કરી પૂછે છે, ‘‘ભગવન્ ! હું આ સંસારની જેલમાંથી ક્યારે છૂટીશ ? આપે કહેલા આ મોક્ષના સુખને પામીશ કે નહીં ? બીજા બધા ભગવાનની જેમ મારે પણ મોક્ષે જવું છે. કહોને ભગવન્ ! મારો મોક્ષ ક્યારે થશે ?’’

ભગવાન તો ખૂબ જ્ઞાની હતા. ભગવાન તો આ લોકનું જાણી શકે. દૂર-દૂરનું જોઈ શકે. અરે, મોક્ષ સુધીનું બધું જ ભગવાન જોઈ શકે. ભગવાને તો પોતાના જ્ઞાનમાં જોયું કે આ જીવ ક્યારે મોક્ષમાં જશે ? ને



બ્રહ્મેન્દ્રને કહ્યું, ''સાંભળો ! બ્રહ્મદેવ ! તમે તો ખૂબ જ પુણ્યશાળી છો, ચોક્કસ તમે મોક્ષે જશો પણ આ ભવમાં તો તમારો મોક્ષ નહીં થાય. થોડાક સમય પછી (આવતી ચોવીસીમાં) આદિનાથ પ્રભુથી માંડીને મહાવીર પ્રભુ સુધીના જે ચોવીસ ભગવાન થશે તેમાં બાવીસમાં શ્રી નેમિનાથ ભગવાન બનશે. તે બાલબ્રહ્મચારી પ્રભુના તમે 'વરદત્ત' નામના પ્રથમ ગણધર બનશો. ભવ્ય જીવોને બોધ પમાડી, બધા કર્મોનો નાશ કરશો એટલે શ્રી રૈવતાચલ મહાતીર્થ ઉપરથી તમે મોક્ષમાં જશો.''

સાગર ભગવાનની વાત સાંભળી બ્રહ્મેન્દ્રના હર્ષનો પાર ન રહ્યો. ખુશીમાં અને ખુશીમાં તેઓ ઝૂમવા લાગ્યાં. હવે તો બસ તેમને બધે જ પ્રભુ નેમિનાથ જ યાદ આવ્યા કરે.

''અહો ! મારા ઉપર શ્રીનેમિનાથ પ્રભુનો ખૂબ ઉપકાર થશે કેમકે શ્રીનેમિનાથ પ્રભુ મને દીક્ષા આપશે. તેમનો હું ગણધર બનીશ. માટે અત્યારથી જ શ્રીનેમિનાથ ભગવાનની શ્રેષ્ઠ રત્નોની મૂર્તિ બનાવી તેમની ખૂબ ખૂબ હૃદયથી ભક્તિ આરાધના કરી મારા કર્મોનો નાશ કરૂં.'' એવા ભાવ સાથે બ્રહ્મેન્દ્રએ બાર-બાર યોજન સુધી જેનું તેજ ફેલાય તેવી શ્યામ વર્ણની પ્રભુની વજ્રમય પ્રતિમા બનાવી. દસ સાગરોપમ સુધી રોજ તે પ્રતિમાની સંગીત, નૃત્ય-નાટક વગેરેથી ત્રણ કાળ (સવાર, બપોર, સાંજ) ભક્તિ કરે છે. આવી રીતે શ્રીનેમિનાથ પ્રભુની ઉત્તમ શુભ ભાવથી ભક્તિ કરતાં-કરતાં પોતાના આયુષ્યને પૂર્ણ કરે છે. ત્યાંથી અનેક નાના-મોટા ભવો કરીને તે શ્રીનેમિનાથ પ્રભુનાં સમયમાં 'પુણ્યસાર' નામનો રાજા થાય છે.

એક વખત સમવસરણમાં પ્રભુ કહે છે, ''આ પુણ્યસાર રાજા ગયા ભવમાં પોતે કરાવેલી મારી મૂર્તિની દસ-દસ સાગરોપમ સુધી કરેલી ભક્તિના પ્રભાવે મારા વરદત્ત નામના પ્રથમ ગણધર થશે અને મોક્ષના શાશ્વત સુખને માણશે...''

સમવસરણમાં દેશના સમયે શ્રીનેમિનાથ પ્રભુનાં આવા મધુર વચનો સાંભળી તે વખતના પાંચમાં દેવલોકનો ઈન્દ્ર ઉઠીને પરમાત્માને નમસ્કાર કરીને જણાવે છે કે, ''હે ભગવંત ! આપની તે મૂર્તિને હું આજે પણ અમારા પાંચમાં દેવલોકમાં પૂજું છું અને મારી પહેલા થયેલા બધા ઈન્દ્રોએ પણ તેની ભક્તિ કરેલી છે. આજે આપના કહેવાથી જ આ પ્રતિમા અશાશ્વતી છે એમ જણાયું. બાકી અમે સૌ તો તે પ્રતિમાને શાશ્વતી જ માનતા હતા.'' ત્યારે પ્રભુએ કહ્યું, ''હે ઈન્દ્ર ! તિર્ચ્છાલોકમાં હોય તેમ દેવલોકમાં અશાશ્વતી પ્રતિમા હોતી નથી. તેથી તમે તે પ્રતિમાને અહીં લાવો.''

પ્રભુની આજ્ઞાથી ઈન્દ્ર જલ્દીથી તે મૂર્તિને લઈ આવ્યા. કૃષ્ણ મહારાજાએ હર્ષથી પૂજા કરવા માટે એ મૂર્તિ પ્રભુ પાસેથી લીધી. સુર, અસુર ને રાજાઓ શ્રીનેમિ પ્રભુને નમીને તેમના મુખેથી શ્રીરૈવતાચલનું મહત્ત્વ સાંભળવા લાગ્યા.

પ્રભુ કહે છે કે, ''આ રૈવતાચલગિરિ શ્રીશત્રુંજય ગિરિરાજનું અતિસુંદર પાંચમું મુખ્ય શિખર છે. જે કલ્પવૃક્ષ વગેરે ઉત્તમ વૃક્ષોથી ઘેરાયલું છે. તે મહાતીર્થમાં વહેતા ઝરણાંઓના પાણીના સ્પર્શથી પણ ભવ્ય પ્રાણીઓના પાપોનો નાશ થાય છે.

સર્વ તીર્થની યાત્રાનું ફળ આ ગિરનારના દર્શન અને સ્પર્શથી મળે છે.

આ ગિરનાર ઉપર આવીને જેઓ પોતાના ધનનું દાન કરે છે તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ મળે છે.

જે પ્રાણી અહીં ભાવથી જિનપ્રતિમાની પૂજા કરે છે, તે મોક્ષસુખને મેળવે છે. તો માનવસુખની તો શી વાત કરવી...?

જે જીવ અહીં સુસાધુને શુદ્ધ અન્ન, વસ્ત્ર અને પાત્ર વહોરાવે છે તેનો મોક્ષ જલ્દીથી થાય છે.

આ રૈવતગિરિ ઉપરના વૃક્ષો અને મોર વગેરે પશુ-પક્ષીઓ પણ ધન્ય અને પુણ્યશાળી છે, તો મનુષ્યોની શી વાત કરવી ?

દેવતાઓ, ઋષિઓ, સિદ્ધપુરૂષો, ગંધર્વો અને કિન્નરો વગેરે હંમેશા આ તીર્થની સેવા કરવા માટે આવે છે.

ગિરનાર ઉપરના ગજપદ કુંડ વગેરે કુંડોના જુદા જુદા પ્રભાવ છે. જેમાં છ મહિના સ્નાન કરવાથી જીવોના રોગો નાશ પામે છે...''

આ પ્રમાણે બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ પ્રભુના મુખમાંથી શ્રી ગિરનાર ગિરિવરનો મહિમા સાંભળી બધા આનંદ પામે છે. તે સમયે શ્રીકૃષ્ણ મહારાજા પૂછે છે, ''હે પરમ કરૂણાસગર ! જે આ પ્રતિમા મારા મહેલમાં રાખવાની છે, તે ત્યાં કેટલો સમય રહેશે ? અને પછી બીજે ક્યાં-ક્યાં પૂજાશે?''

પ્રભુ કહે છે કે, ''જ્યાં સુધી દ્વારિકાપુરી રહેશે ત્યાં સુધી આ પ્રતિમા તમારા દેરાસરમાં પૂજાશે. ત્યાર પછી કાંચનગિરિ ઉપર દેવતાઓ તેની પૂજા કરશે. મારા મોક્ષમાં ગયાના બે હજાર વર્ષ પછી અંબિકાદેવીની આજ્ઞાથી ઉત્તમ ભાવનાવાળો 'રત્નસાર' નામનો એક વણિક એક ગુફામાંથી તે પ્રતિમાને બહાર લાવશે. ને આ રૈવતગિરિ પર જિનાલયમાં પધરાવી તેની પૂજા કરશે. પછી એક લાખ, ત્રણ હજાર બસોને પચાસ વર્ષ સુધી આ પ્રતિમા ત્યાં રહેશે ને પછી ત્યાંથી અદશ્ય થઈ જશે. તે વખતે 'દુષમ દુષમ' નામના છટ્ઠા આરાની શરૂઆત થતાં અધિષ્ઠાયિકા અંબિકાદેવી તે પ્રતિમાને પાતાળલોકમાં પૂજશે. બીજા દેવતાઓ પણ તેની પૂજા કરશે.''

વર્તમાન કાળમાં શ્રીરૈવતગિરિ પર શોભતા શ્રીનેમિનાથ ભગવાનનો અદ્‌ભુત ઈતિહાસ એમ જણાવે છે કે આ પ્રતિમા ગઈ ચોવીસીના ત્રીજા 'સાગર' તીર્થંકર પરમાત્માના કાળમાં પાંચમા બ્રહ્મલોક દેવલોકના બ્રહ્મેન્દ્રે ભરાવેલ હોવાથી ભરતક્ષેત્રમાં વર્તમાનમાં સૌથી જૂની પ્રતિમા તરીકે આ પ્રતિમા ગણાય છે.

ગત ચોવીસીના ત્રીજા સાગર તીર્થંકરના સમયમાં બનેલી અને આ ચોવીસીના ચોવીસમાં મહાવીરપ્રભુના શાસનમાં ગિરનાર ઉપર આજે બિરાજમાન શ્રીનેમિનાથ પરમાત્માની પ્રતિમા ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષમાં થોડાક ઓછા વર્ષ એટલે કે અબજોના અબજો વર્ષ જૂની છે.

આ પ્રતિમા વર્તમાન સ્થાન ઉપર પ્રતિષ્ઠિત થયાનો કાળ :

શ્રી નેમિનાથ પ્રભુ મોક્ષમાં ગયા બાદના ૨૦૦૦ વર્ષ પછી આ પ્રતિમાજી પ્રતિષ્ઠિત થયેલ હોવાથી

લગભગ ૮૪,૭૮૪ વર્ષથી આ પ્રતિમા આ સ્થાને બિરાજમાન છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ આ ભરતક્ષેત્રની સૌથી પ્રાચીન પ્રતિમા કઈ છે ? તે કોણે, ક્યારે બનાવી હતી ?

પ્ર.૨ અશાશ્વતી પ્રતિમા ક્યાં હોતી નથી ?

પ્ર.૩ શ્રીગિરનાર મહાતીર્થ ઉપર શ્રીનેમનાથપ્રભુની પ્રતિમા કોણે પધરાવી છે ?

કેવો ગજબ ઇતિહાસ છે આ ગિરનારના નેમિનાથ દાદાનો ! અરે ! આપણે બહુ પુણ્ય કર્યું હોયને ! તો જ આવા દાદાનાં દર્શન અને જાત્રા કરવા મળે !

ભગવાનની વાણી સાંભળી દીક્ષા લઈને નરવાહન રાજાએ પોતાનો ભવ કેવો સુધારી દીધો ! દેવ બનીને તેમણે નેમિનાથ ભગવાનની મૂર્તિ બનાવડાવી અને ખૂબ ભક્તિ કરીને મોક્ષ પામી ગયા !

હવે તો આપણે દરવર્ષે ઓછામાં ઓછા એકવાર તો આ દાદાના દર્શન-પૂજા કરવા જઈશું ને ? આપણે પણ આવી ભક્તિ કરશું ને ?



## સત્ત્વશાળી રત્નસાર શ્રાવક 3

ભરતક્ષેત્રની ધન્યધરા ઉપર વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાળબ્રહ્મચારી શ્રીનેમિનાથ પરમાત્માના મોક્ષમાં ગયા પછી બે હજાર વર્ષ જેટલો કાળ પસાર થઈ ગયો હતો. તે સમયે સોહામણા સોરઠ દેશમાં 'કાંપિલ્ય' નામનું નગર હતું. ધનાઢ્યોથી શોભતી નગરીમાં 'રત્નસાર' નામનો એક ધનવાન શ્રાવક રહેતો હતો. અચાનક બાર-બાર વર્ષ સુધીના અતિ અઘરા દુષ્કાળનો સમય આવ્યો. પશુઓ તો શું માનવો પણ પાણીની ખોટથી કમોતે મરવા લાગ્યા. તેવા સમયે જીવન જીવવા માટે અને ધન કમાવવા રત્નશ્રાવક એકદેશથી બીજા દેશમાં ફરતો-ફરતો કાશ્મીર દેશના કોઈ નગરમાં જઈને રહેવા લાગ્યો.

કાશ્મીર દેશમાં આવી અચાનક રત્નશ્રાવકને નસીબનો સાથ મળ્યો. તે દિન-પ્રતિદિન અઢળક ધન કમાવવા લાગ્યો. ગયા ભવોમાં બાંધેલા કોઈ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળેલી લક્ષ્મીને સારા કામોમાં વાપરવાની તેને ઈચ્છા થવા લાગી. ધનનો સંગ્રહ કરવાને બદલે તેનો ધર્મના કાર્યોમાં સદુપયોગ કરે છે. શ્રી અરિહંત પરમાત્માની વિશિષ્ટ પૂજા-ભક્તિ કરવા શ્રી આનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી સિદ્ધાચલ, ગિરનાર વગેરે મહાતીર્થોની સ્પર્શના કરવા પગપાળા સંઘયાત્રાની શરૂઆત કરે છે.

ગામેગામ દેવ-ગુરુ અને સાધર્મિક ભક્તિ તથા નવા-નવા જિનાલયો બનાવતા શ્રી આનંદસૂરિ ગુરુની અપાર ભક્તિ કરતાં સંઘ આગળ વધી રહ્યો હતો. પહેલા બાંધેલા કોઈ ખરાબ કર્મોના કારણે માર્ગમાં આવતા ઉપસર્ગોને વિઘ્નોનો નાશ કરવા શ્રીનેમિનાથ ભગવાનની અધિષ્ઠાયિકા શ્રીઅંબિકાદેવીનું ધ્યાન કરતાં કરતાં રત્નસાર સંઘને આગળ વધારી રહ્યો હતો. આનંદ સાથે શ્રી સંઘ તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિની શીતળ છાયામાં આવ્યો. ખૂબજ ઉલ્લાસ સાથે તીર્થાધિરાજની ભક્તિ કરી. ત્યારબાદ શ્રી સંઘ રૈવતગિરિ મહાતીર્થના આનંદકારી વાતાવરણમાં આવ્યો. પહેલાં થયેલા અનંતા તીર્થંકરોની સિદ્ધ ભૂમિની સ્પર્શના કરી પોતાના આત્માને ધન્ય સમજવા લાગ્યા.

વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાળબ્રહ્મચારી શ્રીનેમિનાથ પ્રભુની પાવન પ્રતિમાની શ્રી સંઘ ભાવથી પૂજા કરે છે. રત્નસારશ્રાવક સંઘ સાથે મુખ્ય શિખર તરફ

આગળ વધી રહ્યો હતો. તે સમયે રસ્તે જતાં બધાએ છત્રશિલાને નીચેથી ધ્રુજતી (હલતી) જોઈ. રત્નસારે તરત જ અવધિજ્ઞાની ગુરુ શ્રી આનંદસૂરિ મ.સા.ને આવું થવાનું કારણ પૂછ્યું. ત્યારે જ્ઞાનથી જોઈ ગુરુ ભગવંત જણાવે છે કે, ''હે રત્નસાર ! તારાથી આ રૈવતગિરિ તીર્થનો ભંગ થશે ને તારાથી જ આ તીર્થનો ઉદ્ધાર પણ થશે.''

રત્નસારશ્રાવક પોતે મહાતીર્થના ભંગમાં નિમિત્ત બનવાનો હોવાથી અત્યંત દુઃખ પામે છે. પ્રભુની પ્રતિમાને દૂરથી જ નમન કરી પાછો ફરતો હતો, ત્યારે ગુરુશ્રી આનંદસૂરિ જણાવે છે કે, ''રત્ન ! આ તીર્થનો ભંગ તારાથી થવાનો અર્થ તારા સંઘના શ્રાવકો દ્વારા થશે. તારાથી તો આ મહાન તીર્થનો અધિક ઉદ્ધાર થશે, માટે અફસોસ ન કરીશ !'' ગુરુભગવંતના આવા ઉત્સાહપૂર્વકના વચનો સાંભળી રત્નશ્રાવક સંઘ સાથે રૈવતગિરિના મુખ્ય શિખરે પ્રવેશ કરે છે. આનંદીત થયેલા સૌ યાત્રાળુઓ ગજેન્દ્રપદ કુંડમાં સ્નાન કરવા લાગ્યાં. રત્નશ્રાવક પણ આ દિવ્યજલથી સ્નાન કરે છે. ઉત્તમવસ્ત્રો પહેરી ગજપદકુંડના પાણીને કુંભમાં ભરી જૈનધર્મમાં શ્રદ્ધાવાન એવા વિમલરાજાએ શ્રી રૈવતગિરિ ઉપર સ્થાપન કરાવેલી લેપમયી શ્રીનેમિનાથ પ્રભુની પ્રતિમા પાસે જાય છે.

સૌ યાત્રાળુઓ ખૂબ જ હર્ષ સાથે ગજપદકુંડના શુદ્ધજલના કુંભો ભરી ભરીને લેપમય પ્રતિમાનો પ્રક્ષાલ કરવા લાગ્યા. તે સમયે અનેકવાર પૂજારી દ્વારા અટકાવવા છતાં તેઓ માન્યા નહીં. વધારે આનંદમાં આવી પુષ્કળ પાણી વડે પ્રક્ષાલ કરવાથી પાણીના એકધારા પ્રવાહના કારણે લેપમયી પ્રતિમાનો લેપ ગળવા લાગ્યો. ક્ષણવારમાં તે પ્રતિમા ભીની માટીના ઢગલા જેવી બની ગઈ. આ દ્રશ્ય જોઈને રત્નશ્રાવકને અત્યંત આઘાત લાગ્યો. તે દુઃખી બની બેભાન થઈ ગયો. બધા લોકો શોક કરવા લાગ્યા. ચારે'ય દિશામાં હાહાકાર મચી ગયો. સૌ દુઃખી થઈ ગયા. સંઘપતિ રત્નશ્રાવક ઉપર શીતળ જલ છાંટવાથી થોડીવારમાં તે ફરીથી ભાનમાં આવ્યો.

સ્વસ્થ થયા બાદ પ્રભુજીની પ્રતિમાને માટીના રૂપમાં જોઈ રત્નશ્રાવક દુઃખી હૈયાવાળો થઈ વિલાપ કરવા લાગ્યો કે, ''આ મહાતીર્થનો નાશ કરનાર એવો હુ મહાપાપી ! મને ધિક્કાર છે ! અજ્ઞાની એવા મારા યાત્રિકોને પણ ધિક્કાર હો ! અરે આ શું થઈ ગયું ? ઉલ્લાસ સાથે આ મહાતીર્થને ભેટવા આવ્યો અને તીર્થની ભક્તિને બદલે તીર્થનાશમાં નિમિત્ત બની ગયો. હવે હું દાન-શીલ-તપ-ભાવના કયા કાર્ય કરૂં ? જેના પ્રભાવે મારૂં આ પાપકર્મ ધોવાઈ જાય ! ના ! ના ! હવે તો અનેક સારા કામ કરવા છતાં પણ મારૂં આ પાપ ધોવાશે નહીં એવું લાગે છે. હવે ખોટી ચિંતા કરવી શી કામની ? બસ ! હવે તો શ્રી નેમિનાથ પરમાત્મા જ મને શરણભૂત થાઓ !'' એવા દ્રઢ સંકલ્પ સાથે રત્નશ્રાવક ચારે આહારપાણીનો ત્યાગ કરી ત્યાં જ પ્રભુના ચરણોમાં આસન લગાવી બેસી ગયો.





રત્નશ્રાવકની ધીરજ અને સત્ત્વની પરિક્ષાની શરૂઆત થવા લાગી. અનેક આફતોને સહન કરી એ મહિનો પૂરો થતાં શાસનના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીએ રત્નસારને દર્શન આપ્યા. તપધર્મનો પ્રભાવ જાણી હર્ષ સાથે રત્નશ્રાવકે અંબિકાદેવીને નમસ્કાર કર્યા. અંબિકાદેવી તેને કહે છે કે, "હે વત્સ ! તું ધન્ય છે. તું દુઃખી શા માટે થાય છે ? તેં પોતે તીર્થયાત્રા કરવા સાથે અનેક જીવોને સંઘ સાથે આ મહાતીર્થની યાત્રા કરાવી. તેં તારા મનુષ્ય જન્મને સફળ કર્યો છે. આ પ્રતિમાનો જૂનો લેપ નાશ પામતાં નવો લેપ થયા જ કરે છે. જેમ જૂનું વસ્ત્ર કાઢી નવું વસ્ત્ર પહેરાય છે તેમ તું પણ આ પ્રતિમાનો નવો લેપ કરાવીને ફરી પ્રતિષ્ઠા કરાવ !" અંબિકાદેવીના આ વચનો સાંભળી રત્ન કહે છે, "મા ! આપની આજ્ઞાથી આ મૂર્તિને લેપ કરાવી ફરી સ્થાપના કરૂં તો ભવિષ્યમાં ફરીથી મારી જેમ અન્ય કોઈ અજ્ઞાની આવી આ બિંબનો નાશ કરનાર થશે. માટે હે મૈયા ! જો આપ મારા તપથી ખરેખર પ્રસન્ન થયો હો તો મને એવી કોઈ મૂર્તિ આપો જેથી ભવિષ્યમાં કોઈનાથી તેનો નાશ ન થઈ શકે અને ભક્તજનો ભાવથી જલનો અભિષેક વગેરે કરવાની પોતાની ઈચ્છાને પૂર્ણ કરી શકે."

રત્નશ્રાવકના આ વચનોને સાંભળ્યા ન સાંભળ્યા ત્યાં તો અંબિકાદેવી ગાયબ થઈ ગયા. દેવીને અદશ્ય થયેલ જોઈ રત્ન થોડા સમય માટે ચિંતીત બની ગયો. પરંતુ તરત સ્વસ્થ થઈ રત્ન ફરીથી અંબિકાદેવીના ધ્યાનમાં બેસી ગયો. તેની કસોટી કરવા અંબિકાદેવીએ ઘણા ઉપસર્ગો કર્યા પણ રત્ન ધ્યાનમાંથી ટસનો મસ ના થયો. ત્યારે ગર્જના કરતા સિંહ ઉપર બેસી ચારે દિશામાં પ્રકાશ ફેલાવતી અંબિકાદેવી ફરી પ્રત્યક્ષ થઈ. રત્નને કહે છે કે "હે વત્સ ! તારા સત્ત્વથી હું અત્યંત સંતુષ્ટ થઈ છું. માટે તારા મનની જે ઈચ્છા હોય તે મારી પાસે માંગી લે." દેવીના આ વચનો સાંભળી રત્ન શ્રાવક કહે છે કે "હે માં ! આ મહાતીર્થના ઉદ્ધાર સિવાય મારી બીજી

કોઈ ઇચ્છા નથી. આપ મને શ્રીનેમિનાથ પ્રભુની એવી વજ્રમય મૂર્તિ આપો કે જે અહીં હમેશા રહે. જેને પૂજીને હું મારો જન્મ સફળ કરું અને અન્ય જીવો પણ આનંદને પામે.''

ત્યારે અંબિકાદેવી કહે છે કે, ''તીર્થંકર ભગવંતે તારા હાથે તીર્થનો ઉદ્ધાર થવાનો છે એમ કહ્યું છે. માટે તું મારી સાથે ચાલ ! મારા પગલે-પગલે આજુ-બાજુ જોયા વગર આવ !'' રત્નશ્રાવક દેવીની પાછળ-



પાછળ જવા લાગ્યો. દેવી પૂર્વ દિશામાં આવેલા હિમાદ્રિપર્વતના કંચન શિખર ઉપર ગઈ. ત્યાં સુવર્ણ નામની ગુફા પાસે આવીને 'સિદ્ધિ વિનાયક' નામના અધિષ્ઠાયક દેવને ગુફાનું દ્વાર ખોલવા વિનંતી કરે છે. દેવીના આદેશથી તે દેવ તરત જ દ્વારને ખોલે છે. ત્યારે અંદરથી અનોખો પ્રકાશ પ્રગટ થયો. આગળ અંબિકાદેવી અને પાછળ રત્નશ્રાવક આ દિવ્ય ગુફામાં પ્રવેશ કરે છે. વિવિધ મણિ, રત્ન વગેરેની મૂર્તિઓ બતાવતા અંબિકાદેવી કહે છે, ‘‘હે રત્ન ! આ સૌધર્મ નામના ઈન્દ્રે બનાવેલી મૂર્તિ છે, આ ધરણેન્દ્રે પદ્મરાગમણિમાંથી બનાવેલી મૂર્તિ છે, આ મૂર્તિઓ ભરત મહારાજા, આદિત્ય યશા, બાહુબલી વગેરેએ રત્ન, માણેક વગેરેની બનાવેલી, લાંબા સમય સુધી પૂજા-ભક્તિ કરેલી મૂર્તિઓ છે. આ બ્રહ્મેન્દ્રે રત્ન-મણિના સારથી બનાવેલી અસંખ્ય કાળ સુધી બ્રહ્મલોકમાં પૂજાયેલી મૂર્તિ છે. આ રામ અને કૃષ્ણ એ બનાવેલી મૂર્તિ છે. આ મૂર્તિઓમાંથી તને જે ગમે તે મૂર્તિ તું ગ્રહણ કર !’’

દેવાધિદેવ પરમાત્માની આવી દિવ્ય પ્રતિમાઓના દર્શન કરી રત્નશ્રાવક ખુશ થઈ ગયો. એની આંખ ને અંતરમાં આનંદ ને આશ્ચર્ય સમાતું નહોતું. આજે એના જીવનનો ધન્ય દિવસ હતો ! એક પ્રતિમા જુવે ને બીજી ભૂલી જાય છે. કઈ પ્રતિમા પસંદ કરવી તેનો નિર્ણય કરવો તેના માટે અઘરૂં બની ગયું. અંતે તે મણિરત્નવાળી મૂર્તિ પસંદ કરે છે. ત્યારે દેવીએ કહ્યું, ‘‘હે વત્સ ! ભવિષ્યમાં લોકો લોભી થશે ને આ બિંબની આશાતના કરશે. માટે ભાવિનો વિચાર કરી તું બ્રહ્મેન્દ્રે રત્ન-માણેકના સાર વડે બનાવેલી વિજળી, વાવાઝોડાં, અગ્નિ, જલ કે લોખંડ, પત્થર કે વજ્રથી પણ તૂટી ના શકે એવી મજબુતને અતિપ્રભાવક આ પ્રતિમાને ગ્રહણ કર.’’ ત્યારબાદ દેવીએ ૧૨ યોજન સુધી પ્રકાશ કરતી મૂર્તિના તેજને પોતાની શક્તિથી ખેંચી તે પ્રતિમાને સામાન્ય તેજવાળી બનાવી. પછી દેવીએ કહ્યું કે ‘‘હવે આ મૂર્તિને કાચા સુતરના દોરાથી બાંધીને આજુ-બાજુ કે પાછળ જોયા વગર જલ્દીથી લઈ જા ! જો માર્ગમાં ક્યાંય પણ ઉભો રહીશ તો આ મૂર્તિ ત્યાં જ સ્થિર થઈ જશે.’’ રત્નશ્રાવકને આ રીતે સુચના કરી અંબિકાદેવી પોતાના સ્થાને ગયા.

અંબિકાદેવીની અપાર કૃપાથી મેળવેલ પ્રતિમાને લઈ રત્નશ્રાવક દેવીના આદેશ મુજબ આજુ-બાજુ કે પાછળ જોયા વગર જલ્દીથી મૂર્તિને જિનાલયના મુખ્ય દ્વાર સુધી લાવે છે. તે સમયે રત્નશ્રાવક વિચારે છે કે, ‘‘જિનાલયમાં પહેલા રહેલી લેપવાળી પ્રતિમાને ખસેડી અંદરની જગ્યાને સાફસુફ ન કરૂં ત્યાં સુધી આ નવી મૂર્તિને અહીં જ મૂકી રાખું.’’ તેથી તે મૂર્તિને દ્વાર પાસે જ રાખી જૂની મૂર્તિને ખસેડીને સાફસૂફ કરીને રત્નશ્રાવકે બહાર આવી નવી મૂર્તિને અંદર લઈ જવાનો પ્રયત્ન કર્યો. પણ તે પ્રતિમા તે જ સ્થાને સ્થિર થઈ ગઈ. કરોડો લોકોથી પણ ના હલી શકે એવી રીતે ચોંટી ગઈ. ત્યારે રત્નશ્રાવક ચિંતિત થઈ ચારે આહારનો ત્યાગ કરીને ફરી અંબિકાદેવીની આરાધનામાં બેસી ગયો. સતત સાત દિવસના ઉપવાસ પછી અંબિકાદેવી

ફરી પ્રગટ થઈને કહે છે, ‘‘હે વત્સ ! મેં પહેલા કહેલું જ હતુ કે રસ્તામાં ક્યાંય ઉભા રહ્યા વગર આ બિંબને પધરાવજે ! હવે કોઈ પણ રીતે આ પ્રતિમા ખસી શકશે નહીં. તેથી આ પ્રતિમાને આ જગ્યા પર રાખી પશ્ચિમ દિશામાં દ્વાર આવે એવું જિનાલય બનાવ.’’

આ પ્રમાણે કહી અંબિકાદેવી ગાયબ થઈ ગયા. રત્નશ્રાવક પણ તેમના કહેવા પ્રમાણે જિનાલય બનાવે છે. સકળ સંઘ સાથે આનંદ-ઉલ્લાસથી પ્રતિષ્ઠાનો મહોત્સવ કરે છે. અષ્ટકર્મનો નાશ કરનાર અષ્ટપ્રકારી પૂજા કરે છે. લોકોમાં જિનશાસનનો મહિમા દેખાડતી ગગનને જાણે અડતી હોય તેવી મહાધજાને આકાશમાં લેહરાવી. ઉદાર દિલે દાન વગેરે સદ્ કાર્યો કરે છે. શ્રીનેમિનાથ પ્રભુની સામે ઊભો રહી સ્તુતિ કરે છે.

‘‘હે જગતના નાથ ! આપ જય પામો ! આપ અમ સહુના હૃદયમાં હંમેશા રહો ! આપ દેવ-દાનવ-માનવથી પૂજાયેલ છો ! આપનો મહિમા અદ્ભુત છે. અષ્ટપ્રાતિહાર્યથી શોભતા એવા હે વિશ્વના આધાર ! પ્રભુ ! આપને નમસ્કાર હો !’’



અત્યંત ભાવથી સ્તુતિ કર્યા પછી રત્નશ્રાવક જાણે કે સાક્ષાત્ પ્રભુને જોતા ન હોય ! તેમ તે મૂર્તિને પ્રણામ કરે છે. ત્યારે તેની ભક્તિથી ખુશ થયેલ અંબિકાદેવી ક્ષેત્રપાલ દેવતાઓ સાથે ત્યાં આવી રત્નશ્રાવકના ગળામાં પુષ્પોની સુંદર સુગંધી માળા પહેરાવે છે. જિનશાસનની ઘણી પ્રભાવના કરનાર રત્નશ્રાવક પોતાના જન્મને સફળ બનાવે છે. ને પરંપરાએ તે મોક્ષસુખને પામશે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ રત્નસારશ્રાવક સંઘમાં આવતા ઉપસર્ગો અને વિઘ્નોનો નાશ કેવી રીતે કરે છે ?

પ્ર.૨ સુવર્ણ ગુફામાં કેવી-કેવી પ્રતિમાઓ હોય છે ?

પ્ર.૩ ગિરનાર પર રત્નશ્રાવકની પહેલાં કોણે શ્રીનેમપ્રભુની પ્રતિમાજી સ્થાપન કરેલી ? તે પ્રતિમા કેવી હતી ?

પ્ર.૪ બ્રહ્મેન્દ્રએ બનાવેલી શ્રી નેમિનાથપ્રભુની પ્રતિમાની શું વિશેષતા છે ?

**ધન્ય હો ! તે રત્નસાર શ્રાવકને કે જેની શ્રદ્ધા અને સત્ત્વના કારણે વિશ્વની સૌથી પ્રાચીન પ્રતિમાની પૂજા-ભક્તિ કરવાનું પુણ્ય આપણને મળ્યું. પ્રભુને પ્રાર્થના કરીએ કે જીવનમાં આવતી કસોટીઓ-મુશ્કેલીઓની સામે આપણે ડગ્યા વગર આવી શ્રદ્ધા અને સત્ત્વ ફોરવી શકીએ અને આપણા આત્માનું કલ્યાણ કરીએ...**

## પૃથ્વીના તિલક સમો ‘કર્ણવિહાર પ્રાસાદ...’ ૪

કલિકાળસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજીના વખતની આ વાત છે. તે સમયે ગુજરાત દેશની જાહોજલાલી કાંઈ અદ્‌ભુત જ હતી. મહારાજા સિદ્ધરાજ ત્યારે ગુજરાત પર રાજ્ય કરતા હતા. પ્રજાજનોમાં તે ખૂબ જ પ્રિય હતો. નગર-નગરમાં, ગામ-ગામમાં તેના ગુણ-ગાન ગવાતાં. પાટણના રાજા સિદ્ધરાજે સં. ૧૧૭૦માં સોરઠદેશ ઉપર ચઢાઈ કરીને ત્યાંના રાજા રા'ખેંગારને હરાવી દીધો. હવે મહારાજા સિદ્ધરાજનું ગુજરાત તથા સૌરાષ્ટ્ર પર એક ચક્રી શાસન ચાલતું હતું. જૈનધર્મ પ્રત્યે અથાગ શ્રદ્ધાવાળા, પુણ્યશાળી એવા સજ્જનમંત્રીને મહારાજાએ સૌરાષ્ટ્રના ‘દંડનાયક’નું પદ આપ્યું.



પ્રતિભાશાળી, હોંશિયાર, કુશળ કાર્ય કરનાર, સજ્જને ટુંકા સમયમાં જ સોરઠની પ્રજાનો પ્રેમ જીતી લીધો હતો. રાજ વહીવટો માટે સજ્જનમંત્રીએ જુનાગઢને મુખ્યસ્થાન બનાવ્યું. સોરઠદેશની શાન વધારવા તેણે ઘણાં પ્રયત્નો કરી સફળતા મેળવી. એકવાર ગિરનાર ગિરિવર ઉપર ચડાણ કરવાનું થયું. ત્યારે ત્યાં તૂટેલા અને જુના થયેલા જિનાલયોની ખરાબ હાલત જોઈ સજ્જનમંત્રીનું મન ખૂબ જ દુઃખી બન્યું. મહારાજ સિદ્ધરાજના રાજ્યમાં જિનેશ્વર પરમાત્માના જિનાલયોની આ હાલત ! તે સમયે કાયમ એકાંતરે ઉપવાસ તપની આરાધના કરતાં રાજગચ્છના આચાર્યશ્રી ભદ્રેશ્વરસૂરિજીના શુભ ઉપદેશથી સજ્જન મંત્રીએ જીર્ણ થયેલા શ્રીનેમિનાથ પરમાત્માના લાકડાથી બનેલા જિનાલયને નવું બનાવવાનો સંકલ્પ કર્યો.

સારા મુહૂર્તે ગિરિનારના જિનાલયને નવા કરવાનું કામ ચાલુ થયું. હોંશિયાર કારીગરો પોતાની કળાઓ દેખાડવા લાગ્યા. ખંડેર થયેલા મંદિરોને મહેલ સ્વરૂપ બનાવવા લાગ્યા. ગિરનારની ગુફાઓ ને શિખરોમાં આજે શિલ્પીઓનાં ટાંકણાંઓ અને હથોડીઓનો અવાજ ઘૂમી રહ્યો હતો. સજ્જન પોતાની બધી શક્તિ જિનાલયને બનાવવા માટે લગાડી રહ્યા હતા. એક તરફ સોરઠદેશની જવાબદારી ને બીજી બાજુ જિનાલયનો જીર્ણોદ્ધાર ! આ બે મહત્ત્વના કાર્યમાં વ્યસ્ત રહેતા સજ્જનને જિનાલયો માટે ધનની ચિંતા હતી. તે ઈચ્છે તો સોરઠદેશના ગામોગામ ફરી ઘણી સંપત્તિ ભેગી કરી શકે પરંતુ રાજ્યની જવાબદારીનો ભાર તેમના માથે હોવાથી તે શક્ય ન હતું. તેથી હમણા તો સોરઠદેશની આવક જે રાજભંડારમાં જમા કરવાની હતી તે ત્રણ વર્ષની આવકને આ જીર્ણોદ્ધારના કામમાં લગાવી. ને સમયે સૌરાષ્ટ્રના ગામોમાંથી તે રકમ ભેગી કરી રાજભંડારમાં ભરી દેવાશે તેવો નિર્ણય કર્યો. ને ૭૨ લાખ દ્રમ્મની રકમ જીર્ણોદ્ધારના કાર્યમાં વાપરી.

સજ્જનમંત્રીના આવા સારા કાર્ય ન જોઈ શકનાર કેટલાક લોકોએ રાજાને ફરીયાદ કરી. સૌરાષ્ટ્રના સજ્જનમંત્રીએ ત્રણ-ત્રણ વર્ષથી સોરઠદેશની આવકનો એક રૂપિયો પણ રાજાના ભંડારમાં જમા કર્યો નથી. મહારાજા સિદ્ધરાજ તે વાતો સાંભળી ઉકળી ઉઠ્યા. તેમને પણ કંઈક ખોટું થઈ રહ્યું છે એવું લાગ્યું. તેથી જુનાગઢ જઈ રાજવહીવટનો હિસાબ જોવાની તેમને ઈચ્છા થઈ. રાજાને સજ્જનમંત્રી ઉપર અવિશ્વાસ જાગી ગયો છે આવા સમાચાર મહામંત્રી બહાડે જુનાગઢ સજ્જનમંત્રીને પહોંચાડ્યા. બુદ્ધિશાળી એવા સજ્જનમંત્રી પરિસ્થિતિને જાણી ગયા. સોરઠદેશની આવકની રકમ હવે કેવી રીતે ભરવી તેના વિચારો કરવા લાગ્યા. તેમની નજર સામે વંથલી ગામ આવ્યું. વંથલી તીર્થની રિદ્ધિ-સિદ્ધિ અનોખી હતી. ગિરનાર માટે તન-મન-ધન આપી દેનાર ઘણા શ્રાવકો ત્યાં વસતા હતા.

જીર્ણોદ્ધારની આવક ભેગી કરવા સજ્જનમંત્રી સિદ્ધરાજના આવવા પહેલા વંથલી તરફ ગયા. ગામના શ્રેષ્ઠિઓ-મહાજનને ભેગા કરી ગિરનારના જિનાલયોના જીર્ણોદ્ધાર માટે રકમની વાત કરી. ગામના શ્રેષ્ઠિઓ ખૂબ ઉલ્લાસ ને ઉત્સાહ સાથે પોતાની રકમ લખાવવા પડાપડી કરવા લાગ્યા. ભરચક સભામાં મેલા-ઘેલા કપડા પહેરેલ એક માણસ આગળ આવવા મહેનત કરી રહ્યો હતો. ત્યારે ધક્કામુક્કીના કારણે ગુસ્સામાં આવેલ એક વ્યક્તિ તેને કહે છે કે, ''અલ્યા ! તારે ત્યાં શું કામ જઉં છે ? ત્યાં શું કાંઈ દાટ્યું છે ? ગિરનાર ગિરિવરની આ ટીપ ચાલે છે તેમાં વચ્ચે ના આવ. બે પૈસા પણ લખાવવાની તારી તાકાત છે ખરી ?'' તે માણસ કોઈની પણ વાત ન સાંભળતા મૌનપૂર્વક આગળ વધી સજ્જનમંત્રીની નજીક પહોંચી જાય છે. સજ્જનમંત્રીના કાન પાસે જઈ કહે છે, ''મંત્રીશ્વર ! આ મહાપ્રભાવક ગિરનાર માટે તો હું મારૂ બધુંજ આપવા તૈયાર છું. ત્યાં આ સોરઠદેશની ત્રણ વર્ષની આવક જેવી મામૂલી રકમ માટે આપ શા માટે ટીપ કરો છો ? આ મહાજન તો ભાગ્યશાળી છે એમને તો દાન-પુણ્યના ઘણાં લાભ મળ્યાં જ કરે છે. પણ આજે આ રાંક ઉપર કૃપા કરી આ બધી રકમનો લાભ મને જ લેવા દો.''

સજ્જનમંત્રી બે મિનિટ માટે તો આશ્ચર્યને પામ્યા. આ મેલા વસ્ત્રવાળો આખી રકમ આપવા તૈયાર ! આ કોણ છે ? તે વિચારમાં પડીને તેને પૂછે છે ''આપનું નામ ?'' તે માણસ પ્રેમથી જવાબ આપે છે ''ભીમ-સાથરીયો, મંત્રીશ્વર ! આ ગરીબને બે પૈસાના પુણ્ય કમાવાની તક આપશો તો મારૂં જીવન ધન્ય બની જશે.'' એમ કહી આખી સભા સામે પોતાની ભાવના દર્શાવી સજ્જન મંત્રીના ચરણે નમસ્કાર કરી પોતાની ઝોળી ફેલાવે છે.



સજ્જનમંત્રી પણ તેની ભાવના જોઈ, તેની વાતનો સ્વીકાર કરે છે. ભીમ સાથરીયા પાસેથી જીર્ણોદ્ધારની રકમના વચનને લઈ મંત્રીશ્વર પાછા જુનાગઢ પધારે છે. ત્યાં પહોંચતા જ મહારાજા સિદ્ધરાજ નજીક આવી ગયાના સમાચાર આવે છે. વહેલી સવારે મહારાજાનો પ્રવેશ થાય છે. તે સમયે જુનાગઢના નગરજનો ધામધૂમથી સામૈયું કરે છે. મહારાજાની પધરામણીના ઉત્સવો કરે છે. મહારાજા સિદ્ધરાજ મહેલમાં પધારતાં સજ્જનમંત્રી નમસ્કાર કરી તેમના ખબર-અંતર પૂછે છે. ત્યારે સજ્જનમંત્રી માટે ખોટા વિચારો ધરાવતા મહારાજા કહે છે, ‘‘તમારા જેવા વિશ્વાસનો ઘાત કરનાર, રાજ્યના દ્રોહ (અહિત) કરનાર આ રાજ્યનાં ઉચ્ચ પદે રહેલા હોય ત્યારે સ્વસ્થતા ક્યાંથી હોય ? સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની આવકની રકમનો હિસાબ ક્યાં છે ?’’

મહારાજાની આ પીડાને જાણનાર સજ્જને શાંતિથી જવાબ આપ્યો, ‘‘મહારાજા ! રાજ્યની આવકની પાઈ-પાઈનો હિસાબ તૈયાર જ છે. આપ કૃપાળુ મુસાફરીનો થાક ઉતારવા થોડીવાર આરામ કરી લો.’’ સજ્જનમંત્રીના દ્રઢતાપૂર્વકના વચનો સાંભળી મહારાજા સિદ્ધરાજ થોડા ઠંડા થયા. પોતે કરેલી ખોટી શંકા માટે તેમને મનમાં દુઃખ થયું. આખા દિવસ દરમ્યાન નગરજનોના મુખે સજ્જનમંત્રીના કાર્યના વખાણ સાંભળ્યા. સાથે-સાથે સજ્જનમંત્રીએ કરાવેલ જિનાલયોના સુંદર જીર્ણોદ્ધારની પણ વાતો સાંભળી. સાંજે મહારાજાએ મંત્રીને સવારે સંકલ ગામથી નીકળી ગિરનાર ગિરિવરની યાત્રા કરવાની પોતાની ભાવના જણાવી.

વહેલી સવારે મહારાજ અને મંત્રી ગિરનાર ગિરિ ચઢી રહ્યા હતા. ત્યારે શિખર ઉપર શોભતા સુંદર જિનાલયો અને આકાશને જાણે અડવા પ્રયત્ન કરતી ઉંચે-ઉંચે ફરકતી ધજાઓની શોભાને જોઈ મહારાજા પૂછે છે, ‘‘એ કયાં પુણ્યશાળી માતા-પિતા છે ? જેના સંતાનોએ આવા સુંદર, મનોહર જિનાલયોનું સર્જન કર્યું છે ?’’

ત્યારે મંત્રી કહે છે, ‘‘સ્વામી ! ભાગ્યશાળી છે એ કર્ણદેવ અને એ મીનળદેવી ! જેમના મહાપુણ્યશાળી સંતાન ગુજરાતના પતિ શ્રીસિદ્ધરાજના પ્રતાપે જ આવું અદ્‌ભુત સર્જન થયું છે.’’

આશ્ચર્ય પામેલા મહારાજા આ વાતનું રહસ્ય મંત્રીને પૂછે છે ત્યારે મંત્રી કહે છે, ‘‘હે સ્વામી ! આપના પુણ્ય પ્રભાવે જ આ અનોખું સર્જન થવા પામ્યું છે. સોરઠદેશની ધન્ય ધરતીની ત્રણ-ત્રણ વર્ષની આવક આ જિનાલયના નવસર્જનમાં વપરાઈ છે. એના પ્રતાપે જ આ મંદિરો આટલા અનુપમ લાગી રહ્યા છે. આપ કૃપાળુ જ સોરઠદેશના ધણી છો તેથી આપના પિતા કર્ણદેવ અને માતા મીનળદેવી જ ધન્ય બન્યા છે !

આપના પિતાની યાદમાં બનાવેલ ''કર્ણ પ્રાસાદ'' નામના આ જિનાલયથી ગિરનારની શોભા વધી ગઈ છે. છતાં આપને સોરઠની ત્રણ વર્ષની આવક રાજભંડારમાં જમા કરવી હોય તો પાઈ-પાઈના હિસાબ-કિતાબ સાથે નજીકના વંથલી ગામનો શ્રાવક ભીમ સાથરીયો એકલો તે રકમ ભરવા તૈયાર છે અને જીર્ણોદ્ધારનો ઉત્તમ લાભ લઈ આત્મભંડારમાં પુણ્ય જમા કરવું હોય તો તે પણ રસ્તો આપના માટે ખુલ્લો જ છે.''

સજ્જનમંત્રીના આ વચનો સાંભળી મહારાજા સિદ્ધરાજ તેમના ઉપર ખૂબ ખુશ થાય છે અને કહે છે, ''આવા સુંદર જિનાલયનો મહાકિંમતી લાભ મળતો હોય તો મારે તે ત્રણ વર્ષની આવક સાથે કોઈ મતલબ નથી. મંત્રીશ્વર ! તમે કમાલ કરી છે. તમારી બુદ્ધિ, કાર્ય કરવાની આવડત અને વફાદારી માટે મારા મનમાં



ખૂબ જ બહુમાન થયું છે. મંત્રીશ્વર ! તમારા માટે જે શંકા થઈ તે બદલ હું ક્ષમા માંગુ છું. આજે હું ધન્ય બની ગયો છું.''

આ તરફ મંત્રીશ્વરના સમાચારની રાહ જોતો ભીમો સાથરીયો અધીરો બની જુનાગઢ આવે છે. મંત્રીને જીર્ણોદ્ધાર માટેની રકમ માટે કોઈ સમાચાર ન આવવાનું કારણ પૂછે છે. સજ્જન તેને બનેલી બધી હકીકત જણાવે છે. તે જાણી ભીમને ઘણો આઘાત લાગે છે. હાથમાં આવેલી પુણ્યની તક લુંટાઈ જવાથી તે થોડીવાર માટે બેભાન થઈ જાય છે. પાછો સ્વસ્થ થતાં કહે છે, ''મંત્રીશ્વર ! જીર્ણોદ્ધારના દાન માટે વિચારેલી રકમ હવે મારે કોઈ કામની નથી. આપ આ પૈસાનો સ્વીકાર કરી તેનો યોગ્ય ઉપયોગ કરજો !''

વંથલી ગામથી આવેલા ધનના ગાડાઓ સજ્જનમંત્રીના આંગણે આવી ચઢ્યા. સજ્જનને એ દ્રવ્યનો સ્વીકાર કરવો જ પડ્યો. બુદ્ધિમાન સજ્જને ભીમ-સાથરિયાના આ દાનમાંથી હાલના 'મેરકવશી' નામના જિનાલયનું નિર્માણ કર્યું. ને ભીમ-સાથરીયાની યાદ રહે તે નિમિત્તે શિખરના જિનાલયોની નજીક ''ભીમકુંડ'' નામના એક વિશાળ કુંડનું નિર્માણ કરાવ્યું.

❋

**પ્રશ્ન :-**

પ્ર.૧ એકાંતરે ઉપવાસ કયાં ગુરુ ભગવંત કરતાં હતા ?

પ્ર.૨ આજના શ્રીનેમિનાથપ્રભુનાં દેરાસરનું નામ શું છે ?

પ્ર.૩ ભીમ-સાથરીયાએ આપેલા પૈસામાંથી ને તેની યાદમાં મંત્રી સજ્જને શેનું નિર્માણ કરાવ્યું ?

**કેવું સજ્જન મંત્રીનું સાહસ ! કે તીર્થને કાજે મહારાજાના ક્રોધની પણ પરવા કરી નહીં ! ને કેવું ભીમ-સાથરીયાનું વચન-પાલન ! આ બન્નેની તીર્થભક્તિને લાખો સલામ...કેવી મહારાજા સિદ્ધરાજની પણ ઉદારતા !**

**જય ગિરનાર ! જય નેમિનાથ !**

# જાપ જપીએ પાપ ખપીએ (ગોમેધ યક્ષ) ૫

ભરતક્ષેત્રની ભવ્ય ભૂમિ ઉપર સુગ્રામ નામનું રળિયામણું ગામ હતું. ત્યાં ગોમેધ વગેરે અનેક યજ્ઞો વગેરે ક્રિયા કરનાર એક બ્રાહ્મણ રહેતો હતો. 'ગોમેધ' નામના યજ્ઞ કરાવવામાં હોંશિયાર હોવાથી તે બ્રાહ્મણ લોકોમાં  ગોમેધ બ્રાહ્મણ નામે પ્રસિદ્ધ થયો. અજ્ઞાનના અંધકારના કારણે તે ધર્મના નામે અનેક પ્રાણીઓની હિંસા કરતો. જીવહિંસાના ભયંકર પાપકર્મના ફળરૂપે તેની પત્ની અને પુત્રો મૃત્યુ પામ્યા. પરિવાર વિનાનો તે એકલો થવાથી અત્યંત દુઃખી બન્યો.

થોડો સમય પસાર થતાં તે ગોમેધનું શરીર અનેક રોગોનું ઘર બની ગયું. કોઢ જેવા કેટલાય રોગોવાળું તેનું શરીર જોઈ લોકો તેનું અપમાન કરવા લાગ્યા. એના માટે થોડો પણ દયાનો ભાવ બતાવ્યા વગર તેના સગાંઓ તેને 'હટ હટ' કરવા લાગ્યા. ઘણા રોગોની પીડાથી અત્યંત દુઃખી બની ગોમેધ પોતાનું જીવન પસાર કરવા લાગ્યો. તેના શરીરમાં અસંખ્યાતા કીડાઓ ઉત્પન્ન થવા લાગ્યા. તે નરકની પીડાને સાક્ષાત્ અનુભવવા લાગ્યો. શરીરના અંગે અંગમાંથી નીકળતા કીડા-પરું વગેરે અશુચિના કારણે તેનામાંથી અત્યંત ગંદી વાસ આવવા લાગી. તેના શરીર ઉપર અનેક માખીઓ બણબણાટ કરતી હતી. તે ઘણા ત્રાસને અનુભવતો હતો.

શેરીઓમાં રખડતો - રાજમાર્ગો પર રઝળતો, વેદનાઓને સહન કરતો તે મરણની રાહ જોતો હતો. એ ઘણીવાર વિચાર કરતો, "મેં જીવનભર યજ્ઞ-ક્રિયા કરી, દેવી-દેવતાને ખુશ કરવા મેં કેટલાય પૈસાનું પાણી કર્યું અને અત્યારે મારી હાલત આવી ? આમ કેમ બન્યું હશે ?" એ વિચાર્યા જ કરતો, વિચાર્યા જ કરતો, પણ એને સમાધાન ન મળ્યું.



પરંતુ આવા ભાગ્ય વગરના ગોમેધના જીવનમાં એક અજબ સમય આવ્યો. ભૂતકાળમાં કરેલા સારા કાર્યોનું ફળ (પુણ્ય) ક્યારેયને ક્યારે તો મળે જ છે. તેમ ગોમેધના પૂર્વભવના કોઈ પુણ્યથી તેને માર્ગમાં એક મુનિભગવંત મળ્યા. દયાના ભંડાર એવા મહાત્માને તેની આવી ખરાબ હાલત જોઈને તેના ઉપર કરૂણા જાગી. એઓ વિશિષ્ટ જ્ઞાની હતા. તેથી ગોમેધ પાસે ગયા અને તેને ‘ધર્મલાભ’ આપીને એમણે કહ્યું, “હે વત્સ ! તેં ધર્મની બુદ્ધિથી અનેક જીવોની હિંસા કરી. તેં જે આ ખરાબ કર્મો કર્યા એનો જ આ અંજામ છે ! હજુ આ પાપકર્મના ફળ તો તને નરકગતિમાં મળશે. પણ જો તું

આ પીડાથી ત્રાસી ગયો હોય અને પછીના ભવોમાં પણ આ પાપના ફળથી બચવા માંગતો હોય તો હજી કાંઈ મોડું થયું નથી. તું





કરૂણાસાગર, જીવદયા-પાલક એવા શ્રીજિનેશ્વર પરમાત્માએ બતાવેલા જિનધર્મનો સ્વીકાર કર ! જીવનભર તેં જે આ હિંસા અને હોમ વગેરે કરી અનેક જીવોને ત્રાસ આપ્યો છે તેની તું ક્ષમા માંગ ! જીવન તો તારૂં બગડ્યું ! હવે મોતને સુધારી લેવું, એ તારા હાથની વાત છે ! વળી તેં કરેલા ખરાબ કર્મોનો નાશ કરવા માટે અને દેવોથી પૂજિત, અનંતા તીર્થંકરોની કલ્યાણકભૂમિ એવા શ્રીરૈવતગિરિ મહા-તીર્થની સેવા-ભક્તિ કર ! તે ગરવા ગઢ ગિરનારનો મહિમા અપરંપાર છે ! આવા તે ગિરનાર પર બિરાજતા ભગવાન શ્રીનેમિનાથ પ્રભુનો જાપ અને ધ્યાન કરવાથી તારા સર્વપાપ ક્ષય થઈ જશે !''

દયાના સાગર એવા તે મુનિ ભગવંતના વચનોને સાંભળી ગોમેધના મનને ઘણી શાતા મળી. શ્રીરૈવત મહાતીર્થનું હૈયામાં ધ્યાન ધરતો અને બાળ બ્રહ્મચારી શ્રીનેમિનાથ પ્રભુનું સ્મરણ-રટણ કરતો તે કોઈપણ પીડા વગર મૃત્યુ પામે છે. તે ગોમેધ બ્રાહ્મણ ગિરનાર અને નેમિનાથ પ્રભુના ગીત ગાતો-ગાતો મૃત્યુ પામ્યો તેથી તે મહા ઋદ્ધિમાન દેવપણાને પામ્યો ને યક્ષોનો નાયક બન્યો.

પરમાત્માના ગુણોનું સ્તવન કરવા માટે તે ત્રણ મુખવાળો થયો. શાસનના અનેક કાર્યો કરવા માટે તેને છ ભુજાઓ મળી. તેના ડાબા ત્રણ હાથમાં શક્તિ, શૂલ અને નકુલ છે. તથા જમણા ત્રણ હાથમાં ચક્ર, પરશુ અને બીજોરૂં છે. તેની છ ભુજાઓની તાકાતની તો વાત જ શી થાય ! તેના દેહ ઉપર જનોઈ છે અને વાહન તરીકે પુરૂષ છે. શાસન અધિષ્ઠાયિકા શ્રીઅંબિકા-દેવીની જેમ તે પણ દેવવિમાનમાં બેસી શ્રીનેમિનાથ પ્રભુના સમવસરણમાં આવ્યા. ત્યાં રૈવતગિરિ પર આવી પરમાત્માને વંદન કરે છે. પ્રભુના ઉપકારનું સ્મરણ કરતો તે પ્રભુની સ્તવના કરે છે. તે વખતે ઈન્દ્ર મહારાજા પણ તેને પરમાત્માનો પરમભક્ત જાણી શ્રીનેમિપ્રભુના શાસનના અધિષ્ઠાયક દેવ તરીકે સ્થાપન કરે છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ ગોમેધ બ્રાહ્મણને આ ભવમાં જીવહિંસાનું શું ફળ મળે છે ?

પ્ર.૨ શ્રી જિનેશ્વર પરમાત્માના જૈનધર્મનું મૂળ શું છે ?

પ્ર.૩ ગોમેધ યક્ષના શરીરનું વર્ણન કરો.

**પાપીને પણ પાવન બનાવનાર એ ગિરનાર ગિરિને ધન્ય–ધન્ય છે ! જેનું નામ સ્મરણ–રટણ પણ સુખ–શાંતિ અને સમાધિ આપે છે તેવા ગિરનારની ભક્તિથી શા માટે દૂર રહીએ? ચાલો! આપણે પણ ભક્તિ કરીએ.**

# શાસનરખવાળી મા અંબિકાદેવી ૬

સોરઠદેશની શોભા રૂપ રૈવતાચલ પર્વતની દક્ષિણ દિશામાં ‘કુબેર’ નામનું એક ઉત્તમ નગર હતું, ત્યાં શત્રુઓને આવતા અટકાવે એવો મજબૂત કિલ્લો હતો તો પાપને અટકાવે એવા ભવ્ય મંદિરો પણ હતા. નગરજનોના નેત્રોને આનંદ આપે એવા સુંદર અને મનોહર કમળવનો પણ હતાં. પ્રભુની ભક્તિના પ્રભાવે નગરજનો સુખ-શાંતિથી પોતાનું જીવન જીવી રહ્યાં હતાં. ત્યાં સકળ ગુણોના ભંડાર રૂપ યાદવકુળના રત્ન “કૃષ્ણ” નામના રાજા રાજ્ય કરતા હતા.



ધર્મને પોતાના જીવનનો આધાર માનનાર, મુનિ ભગવંતોની વાણીથી સાચું અને સુંદર જીવન જીવનાર 'દેવભટ્ટ' નામનો બ્રાહ્મણ હતો. પરંતુ તે જૈનધર્મનું પાલન કરતો હતો. તેની દેવલ નામની ધર્મપત્ની હતી. તેમને 'સોમભટ્ટ' નામનો પુત્ર થયો. જ્યારે તે સોમભટ્ટ મોટો થયો ત્યારે શીલ વગેરે અનેક ગુણોવાળી 'અંબિકા' નામની કન્યા સાથે તેના લગ્ન થયા. સમય જતાં દેવભટ્ટ બ્રાહ્મણ મરણ પામ્યો. તેના મૃત્યુ પછી તેના ઘરમાંથી જૈન ધર્મ પણ દૂર થયો. તેના ગયા પછી તેમના ઘરે શ્રાદ્ધના દિવસોમાં કાગડાને અન્ન આપવાનું, રોજ પીપળાની પૂજા કરવાનું વગેરે અંધશ્રધ્ધાના કાર્યો થવા લાગ્યા. પણ અંબિકા ભદ્ર સ્વભાવવાળી હોવાથી જૈન ધર્મને જ માનતી હતી.

એકવાર દેવભટ્ટ બ્રાહ્મણના શ્રાદ્ધનો દિવસ હતો. તેથી ખીર વગેરે મિષ્ટ રસોઈ ઘરમાં તૈયાર કરી હતી. અંબિકા ઘરમાં એકલી હતી. તેની આંખ સામે પોતાનાં બે બાળકો શુભંકર-વિભંકર રમી રહ્યાં હતા. એટલામાં સારા ભાગ્યથી બપોરના સમયે સમતાની મૂર્તિ જેવા શોભતા, મહિનાથી ઉપવાસ કરનાર મુનિ ભગવંતો પધારે છે. અંબિકાનું હૈયું નાચી ઉઠ્યું. એણે ઘણા ભાવથી જૈન મુનિ ભગવંતોને ગોચરીનો લાભ આપવા પ્રાર્થના કરી. મુનિ ભગવંતો પણ તેના ભાવ જાણી તેના ઘરે પધાર્યા. ત્યારે હર્ષથી ગાંડી થયેલી અંબિકા વિચારે છે, ''અહો ! આજે આ પર્વના દિવસે આખા વિશ્વને પાવન કરનાર મુનિ ભગવંતોના મારા ઘરે પગલા થયા. મારો કેવો પુણ્યોદય ! આજે મારા સાસુ પણ ઘરમાં નથી અને પર્વનો દિવસ હોવાથી સાધુ ભગવંતને યોગ્ય નિર્દોષ ભોજન પણ તૈયાર છે. તેથી આ શ્રમણ ભગવંતોને સુપાત્ર દાન કરી મારા મનુષ્ય જન્મને સફળ કરૂં.''

આ પ્રમાણે વિચારી અંબિકા પોતાના ઘરમાં રહેલા શુદ્ધ અન્નપાનાદિ ભાવથી વિનંતી કરી-કરીને વહોરાવે છે. મુનિ ભગવંતો પણ તે ભિક્ષાને ૪૨ દોષ વગરની જાણી તેને લાભ આપે છે. 'ધર્મલાભ' કહી તેને આશિર્વાદ આપી એ પાછા વળે છે. અંબિકાના મનમાં સુપાત્રદાનનો આનંદ ઘંટના રણકારની જેમ ચાલુજ રહે છે. સતત પોતાને મળેલા લાભની અનુમોદના કરતાં-કરતાં તે ઘણું પુણ્ય બાંધે છે.

અંબિકાના ભાવો વધી રહ્યાં હતા. ત્યારે આજુબાજુના પડોશીઓએ આ જોયું અને એ લોકો અંબિકા પર ક્રોધની આગ વરસાવવા માંડ્યા. ''હે વહુ ! તને ધિક્કાર થાઓ ! આ તેં શું કર્યું ? આજે આ પર્વના દિવસે હજુ તો પિતૃજનને દાન કરવામાં નથી આવ્યું. દેવતાઓને પણ ધરવામાં નથી આવ્યું, બ્રાહ્મણોને હજુ જમાડ્યાં નથી ને તેની પહેલા તેં આ મુંડીયાઓને દાન આપ્યું ? તેં સર્વભોજનને એંઠુ કરી નાંખ્યું ! આ તારી સાસુ ઘરમાં નથી તેથી તું તારી ઈચ્છા મુજબ બધું કરે છે ? આ તેં જરા'ય યોગ્ય કર્યું નથી !''

આ રીતે બુમ બરાડા પાડતી તે પાડોશણ તેની સાસુને બોલાવી લાવી. ને અંબિકાએ કરેલ દાનની વાતોમાં મીઠું-મરચું નાંખી તેની સાસુને કહ્યું. તેની સાસુને પણ અંબિકા પર ઘણો ક્રોધ આવ્યો. ધસમસતી એ ઘરમાં આવી અને અંબિકા પર તૂટી પડી, ''દુષ્ટા ! આ તેં શું કર્યું ? મને પુછ્યાં વગર તેં દાન કેમ કર્યું ? આ મિષ્ટ-ભોજન કંઈ એ મુંડિયા માટે નહોતું બનાવ્યું. આ ઘરમાં રહેવું હોય તો તારા જૈનધર્મને છોડી દે ! નહીં તો ચાલી જા ! આ ઘરમાંથી, તારૂં મોઢું પણ ક્યારેય ના બતાવતી.''

આ પ્રમાણે સાસુ અને પડોશણના કઠોર વચનો સાંભળી અંબિકા અંદરથી ધ્રુજવા લાગી. તે વખતે તેનો પતિ સોમભટ્ટ પણ ત્યાં આવ્યો. માતા પાસેથી જાણી તે પણ અંબિકા ઉપર ખૂબ જ રોષે ભરાયો. તે અંબિકાનું અપમાન કરવા લાગ્યો. ત્યારે પોતાની કોઈ ભૂલ ન હોવા છતાં બધાનાં કટુવચનો સાંભળી અંબિકાના મનમાં અત્યંત દુઃખ થયું. તેણે મૌનપૂર્વક પોતાના બે પુત્રોને લઈ ઘરનો ત્યાગ કર્યો. માર્ગમાં રડતા રડતા તે વિચાર કરે છે કે, ''અહો ! મેં મારા સાસુ-સસરાની બધી વાતો માની છે. હંમેશા મારા પતિની સેવા કરી છે. કોઈને ન ગમે એવું કામ મેં ક્યારે પણ કર્યું નથી. અરે ! શરીરને દુઃખ આપીને પણ ઘરના બધા કાર્યો કરૂં છું. છતાં અપરાધ વગર લોકોની સામે મારૂં અપમાન કરે છે ! અરે ! આજના પર્વના દિવસે સાધુને સુપાત્ર દાન કરી મેં શુભકાર્ય કર્યું છતાં અજ્ઞાનથી અંધ બનેલા તેઓ મને ખોટા હેરાન કરે છે. અનંતપુણ્યને આપનારા સુપાત્રદાનની નિન્દા કરે છે. હું તો દાનના ફળની અનુમોદના કરૂં છું. તે મુનિભગવંતોનું શરણ સ્વીકારૂં છું. હવે રૈવતગિરિ ઉપર જઈશ. ત્યાં શ્રીજિનેશ્વર પરમાત્માનું ધ્યાન ધરી મારા અનંત ભવોના અશુભકર્મોનો નાશ કરીશ.'' આવો વિચાર કરી તે સ્વસ્થ થાય છે. પોતાના એક બાળકને કેડ પર ઉંચકી ને બીજાની આંગળી પકડી તે શ્રીનેમિપ્રભુનું ધ્યાન કરતા રૈવતાચલ તરફ આગળ ચાલે છે.

અનેક દુઃખોથી ઘેરાયેલી અંબિકા ચાલતી-ચાલતી નગરને બહાર થોડે દૂર પહોંચે છે. ત્યાં તો કેડ પર બેઠેલો 'વિભંકર' નામનો નાનો બાળ રડવા લાગે છે. તેને તરસ લાગવાના કારણે તે પાણીની જીદ કરવા લાગ્યો. ત્યાં તો બાજુમાં હાથ પકડેલો 'શુભંકર' નામનો બાળ ભૂખ લાગવાથી અને સતત ચાલવાથી થાકના કારણે, ''હે માતા ! મને ખાવાનું આપ ! હે માતા! મને ભૂખ લાગી છે !'' એમ કહેવા લાગ્યો. પોતાના નાના-નાના સુકોમળ બાળકોને રડતાં જોઈ અંબિકાને ચિંતા થવા લાગી.

ગ્રીષ્મઋતુના સૂર્યના તાપથી તપેલી પૃથ્વી ઉપર ભૂખ-તરસ વગેરે અનેક દુઃખોથી ખૂબ દુઃખી થયેલી તે વિચારે છે, ''મને ધિક્કાર થાઓ ! હું મારા બાળકોની ભૂખ-તરસને પણ દૂર નથી કરી શકતી. હે પ્રભુ ! તેં આ રીતે ખાલી દુઃખથી ભરેલી એવી મને શા માટે બનાવી ? મારા પૂર્વભવોના ખરાબ કર્મોનું આ ફળ લાગે

છે. તેથી ભલેને મારા ઉપર બધાજ દુઃખો એક સાથે તૂટી પડે ! જે થવાનું હોય તે થાય ! હું જિનેશ્વર પરમાત્માનું ધ્યાન ધરીશ ને બધા જ દુઃખોને સ્વીકારીને જ રહીશ.'' આ પ્રમાણે વિચારી અંબિકા એક વૃક્ષની છાયામાં બેસે છે.

એટલામાં તો, તેણે પોતાની આગળ થોડે દૂર સ્વચ્છ શીતળ જલવાળું એક સરોવર જોયું. તેની બન્ને બાજુ પાકેલા આંબાના વૃક્ષો જોયા. અંબિકાએ તરત જ બાળકોને સરોવરનું પાણી પીવડાવ્યું ને આંબાના ફળનું ભોજન કરાવ્યું. બાળકોની ભૂખ હવે ભાગી ગઈ. તરસ હવે મટી ગઈ. મુનિ દાનનું આ ફળ કેવું તરત જ પ્રાપ્ત થયું ! એમ વિચારી ગિરનારના ગીત ગાતી ને ભગવાન નેમનું ધ્યાન કરતી અંબિકા ફરી ગિરનારની દિશા તરફ નીકળે છે.

આ તરફ અંબિકાની સાસુ દેવલ મુનિદાનના કારણે વધેલા ભોજનને એંઠુ માનીને નવું ભોજન બનાવવા માટે ભોજનના વાસણોને જુએ છે. જ્યાં તે વાસણો જોવા માટે ખોલ્યાં ત્યાં તો જેમ પારસમણિના સ્પર્શથી પથ્થર પણ સુવર્ણમય બની જાય તેમ સુપાત્રદાનના મહાપ્રભાવથી તે બધા જ વાસણો સુવર્ણમય બની ગયા હતા, વળી ભોજનથી ભરેલા હતા. ત્યારે આશ્ચર્ય પામેલી દેવલ વિચારે છે, ''અરે ! અપરાધ વગર સાક્ષાત્ લક્ષ્મી જેવી વહુને મેં ઘરમાંથી બહાર કાઢી મૂકી ! મને ધિક્કાર છે !'' તે સમયે આકાશમાંથી અવાજ આવે છે, ''અરે ! ભાગ્ય વગરની ! અંબિકાના સુપાત્રદાનના ફળનો અંશ જ તને દેખાયો છે. અતિશય પુણ્યવાળી અંબિકા તો સુપાત્રદાનના ફળ સ્વરૂપે યોગ્ય ઉત્તમ સ્થાનને મેળવશે.'' આવી વાણી સાંભળીને દેવલ ડરી ગઈ ને અંબિકાને શોધીને પાછી લઈ આવવા માટે સોમભટ્ટને મોકલે છે.



માતાની વાત સાંભળી સોમભટ્ટને પણ પોતાની ભૂલનો પશ્ચાત્તાપ થયો. તેને અંબિકા માટે અત્યંત આદર થયો. પોતાની નિન્દા કરતો તે જલ્દીથી નગર બહાર નીકળી જંગલ તરફના માર્ગે આગળ



ચાલ્યો. ત્યાં દૂરથી બે બાળકોને સાથે લઈ સરોવર ને આંબાના વૃક્ષોને બાજુએ મૂકી આગળ ચાલતી અંબિકાને તે જુએ છે. ખુશ થયેલો સોમભટ્ટ બૂમો પાડે છે, ‘‘ઓ અંબિકા ! મારી પ્રિયા ! તું થોડીવાર ઉભી રહે ! હું આવું જ છું !’’ જંગલના શાંત વાતાવરણમાં કોઈનો અવાજ કાને પડતાં અંબિકા ભય પામે છે.



એને જોયું તો દૂરદૂરથી કોઈ માણસ પોતાનો પીછો પકડવા મુઠ્ઠીઓ વાળીને દોડી આવતો હતો. એને જરા બરાબર જોયું તો એ ધ્રુજી ગઈ : 'રે ! આ તો મારો પતિ સોમભટ્ટ ! નક્કી આ મને મારવા જ આવે છે. આ જંગલમાં મને કોણ બચાવશે ? હવે તો મરણ એ જ એક ઉપાય છે.'' આ પ્રમાણે વિચારી નજીકમાં રહેલા કુવાની પાળી પાસે આવી અંદર કૂદી પડવા તૈયાર થયેલી અંબિકા બોલે છે.

''શ્રીઅરિહંત ભગવંતોનું મને શરણ થાઓ !

શ્રીસિદ્ધ ભગવંતોનું મને શરણ થાઓ !

શ્રીસાધુ ભગવંતોનું મને શરણ થાઓ !

શ્રીજિનેશ્વર ભગવંતે કહેલા ધર્મનું મને શરણ થાઓ !

દ્વિજ, દરિદ્રી, કૃપણ, કલંકી વગેરે અધમકુલમાં મારો જન્મ ન થાઓ. તેમજ જ્યાં ધર્મ ન હોય એવા અનાર્ય દેશોમાં મારો જન્મ ના થાઓ !

આ મુનિ ભગવંતને કરેલા સુપાત્રદાનના પ્રભાવથી દેવ-ગુરુ-ધર્મને જાણનાર એવા શ્રેષ્ઠ કુળ તથા આર્યદેશમાં મારો જન્મ થાઓ !''

આ પ્રમાણે ઈચ્છા કરી બન્ને બાળકો સાથે જ અંબિકા કુવામાં કુદી પડે છે. મરીને અનેક ઋદ્ધિવાળા વ્યંતર દેવોથી સેવા કરવા યોગ્ય વ્યંતર જાતિમાં દેવી તરીકે જન્મ લે છે. જલ્દીથી તેની પાછળ આવતો સોમભટ્ટ, ''હે અંબિકા ! હે પ્રિયા તું પડ નહીં ! તુ પડ નહીં !'' એમ બૂમો પાડતો હાંફતો-હાંફતો કુવા પાસે આવે છે ત્યાં તો અંબિકા અને બે બાળકોને કુવામાં પડી મૃત્યુ પામેલા જુએ છે. અતિ દુઃખી થયેલો તે વિચારે છે, ''મારા જેવા મૂર્ખને ધિક્કાર હો ! હું કેવો ખરાબ કે મેં મારી પત્નીના સારા ભાવોને જાણ્યા નહીં. લક્ષ્મી જેવી પત્નીને રાજકુમાર જેવા સુંદર બે પુત્રોને ઘરમાંથી કાઢી મૂક્યા. એ ત્રણના મરણ પછી હવે મારે જીવવાનું શું કામ છે? હવે તો મારે પણ મરણ જ શરણ છે.'' એવું વિચારી સોમભટ્ટ પણ અંબિકાનું ધ્યાન ધરતાં કુવામાં પડી મરી જાય છે. છેલ્લા સમયે અંબિકાનું સ્મરણ કરી કુવામાં પડેલો સોમભટ્ટ પુણ્યથી મરીને તે અંબિકાદેવીના વાહનરૂપે સિંહ રૂપી દેવ થાય છે.

તે અંબિકાદેવીનો સૂર્ય જેવા સુવર્ણ તેજવાળો દેહ છે. સ્વર્ગની દેવીઓના રૂપ કરતા પણ અધિક સુંદર તેમનું રૂપ છે. સિંહના વાહન પર તે બિરાજે છે. તે દેવી સર્વ અંગોથી સુંદર છે. ઘણા મોંઘા મણિ-સુવર્ણ-

રત્ન વગેરેના આભૂષણોથી તે અત્યંત શોભે છે. અનેક દેવ-દેવીઓ એની આરાધના કરે છે. એક બાળક ખોળામાં ને એક બાળક નજીકમાં ઉભો છે તેમ બે બાળકોવાળી, ચાર ભુજાવાળી, તેના જમણાં બે હાથમાં પાશ અને ડાબા બે હાથમાં આંબાની લૂમ છે. સુવર્ણ જેવા રંગવાળી, અચિન્ત્ય પ્રભાવવાળી અંબિકાદેવીને જોઈ તેના છડીદાર બે દેવો તેને પૂછે છે, ''હે દેવી ! પૂર્વભવમાં આપે એવા તો શું તપ કર્યા ? દાન દીધા ? તીર્થભક્તિ કરી ? બીજા કોઈ શુભ કાર્યો કર્યા ? કે જેના મહાપ્રભાવથી આપ અમારા સ્વામિની થયા ?''

તે પ્રતિહારદેવના વચન સાંભળી અંબિકાદેવીએ અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવને જોયો ને પોતાની કથા કહી. જૈનધર્મના મહોપકારને યાદ કર્યો. ત્યારબાદ દેવોએ બનાવેલા વિમાનમાં બેસી અંબિકાદેવી રૈવતગિરિમાં સહસાવનમાં પધાર્યા. ત્યારે મયુરના મધુર ટહૂકાર થતાં એવા સહસાવનનાં ઉદ્યાનમાં 'વેતસ' વૃક્ષની નીચે અટ્ઠમતપ કરી કાર્યોત્સર્ગમાં રહેલાં શ્રીનેમિનાથ પ્રભુના સર્વઘાતી કર્મો નાશ થયા. આસો વદ અમાસ (ગુજરાતી ભાદરવા વદ અમાસ)ની રાત્રે ચિત્રાનક્ષત્રમાં શ્રી નેમિપ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

દેવતાઓએ સમવસરણની રચના કરી. ચૈત્યવૃક્ષની નીચે બનાવેલા સિંહાસન પર પ્રભુ ''નમો તિત્થસ્સ'' કહીને બિરાજમાન થયા. બીજી ત્રણ દિશાઓમાં દેવોએ પ્રભુના ત્રણ બિંબો બનાવ્યા. સમવસરણના રજત, સુવર્ણ અને રત્નના ત્રણ ગઢમાં સૌ જીવો પરમાત્માને વંદન કરીને બેઠા. અંબિકાદેવીએ પણ પોતાનું સ્થાન લીધું. સૌ પ્રભુની દેશના સાંભળવા માટે ઉત્સુક બન્યા.

બાલ બ્રહ્મચારી શ્રીનેમિનાથ પ્રભુએ પોતાની પ્રથમ દેશના શરૂ કરી.

''જગતમાં ધર્મ તે સ્વાર્થ વગરનો ભાઈ છે, ધર્મ જગત્‌વત્સલ છે, ધર્મ પીડાઓનો નાશ કરનાર છે, આ ભુવનમાં ધર્મ જ સૌની સારસંભાળ રાખનાર છે. તેથી સૌએ અત્યંત ભક્તિથી ધર્મનું સેવન કરવા યોગ્ય છે. સમ્યક્ત્વ (સાચું જ્ઞાન) એ આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ છે, ધર્મનું પાલન કરવામાં પોતાની શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવો એ ધર્મનું થડ છે, સુપાત્રદાન, શીલ-સદાચાર, તપ અને શુભભાવ એ ધર્મની ચાર ડાળી છે. અનુકંપા વગેરે ધર્મવૃક્ષના પાંદડાઓ છે, સ્વર્ગના સુખો એ ધર્મવૃક્ષના પુષ્પો છે અને મોક્ષ સુખ તે વૃક્ષનું ફળ છે. આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું જે જીવો સેવન કરશે તે જલ્દીથી મોક્ષ-સુખને પામશે.''

શ્રી નેમિપ્રભુની વૈરાગ્યથી ભરેલી દેશના સાંભળી સર્વજીવો પરમ આનંદને પામે છે. દેશના બાદ વરદત્ત રાજાએ પોતાના હજાર સેવકો સાથે દીક્ષા લીધી. ને પ્રભુના પહેલા ગણધર બન્યાં. યક્ષિણી નામની રાજકન્યા પ્રભુ પાસે દીક્ષા લઈ પ્રવર્તિની પદને પામે છે. દશાર્હ, ભોજ, કૃષ્ણ, બલભદ્ર વગેરે મુખ્ય શ્રાવકો થયા. તેમની પત્નીઓ મુખ્ય શ્રાવિકા થયા.



આ પ્રમાણે દાન-શીલ-તપ-ભાવ એ ચાર પ્રકારના ધર્મના પાયાવાળા ચતુર્વિધ સંઘની શ્રીનેમિનાથ પ્રભુએ સ્થાપના કરી. ત્યારબાદ પ્રભુના મુખેથી અંબિકાદેવીના પૂર્વભવને સાંભળી ઈન્દ્ર મહારાજાએ અંબિકાદેવીને શ્રીનેમિનાથ પરમાત્માના શાસનના વિઘ્નોનો નાશ કરનારી અધિષ્ઠાયિકા દેવી તરીકે સ્થાપના કરી અને લોકોની ઈચ્છાને પૂરી કરનાર 'ગોમેધ' નામના યક્ષને શાસનનાં અધિષ્ઠાયક દેવ તરીકે સ્થાપન કર્યો.

**પ્રશ્ન :-**

પ્ર.૧ મુનિભગવંતો કેટલા દોષ વગરની ભિક્ષા ગ્રહણ કરે ?

પ્ર.૨ સુપાત્રદાનના મહાપ્રભાવથી શું થયું ?

પ્ર.૩ ધર્મના કેટલા પ્રકારો છે ? તેનાં નામ આપો.

પ્ર.૪ કુવામાં પડતા પહેલા અંબિકા કોનું સ્મરણ કરે છે ?

**જીવનમાં જિનેશ્વર ભગવાનના શાસન અને શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે બહુમાન-ભાવ અને હરપળ શ્રી નેમિનાથ પરમાત્માનું સ્મરણ કરવાથી શું નથી મળતું ? બધુ જ મળે છે, આપણી શ્રદ્ધા અડગ જોઈએ. અંબિકા ક્યાંથી ક્યાં પહોંચી ગઈ. ચાલો ! આપણે પણ રોજ ઓછામાં ઓછું ૨૭ વાર નેમિનાથ ભગવાનના સ્મરણરૂપે જાપ કરીએ.**

**ૐ હ્રીઁ અર્હમ્ શ્રીનેમિનાથાય નમઃ**



## જાદુઈ ગજપદકુંડ ૭

“ત્રણ ભુવનની સરિતાતણા, સુરભિ પ્રવાહને ઝીલતાં,
જે જલ ફરસતાં આધિ-વ્યાધિ, રોગ સૌના ક્ષય થતાં,
જે જલ થકી જિન અર્ચતા, અજરામરપદ પામતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...”

પૃથ્વીના શણગાર સ્વરૂપ શ્રીપુર નામનું રળિયામણું નગર. તેમાં બહાદુરતા ને શૂરવીરતાથી શોભતો પૃથુ નામનો એક ક્ષત્રિય રહેતો. તેને ચંદ્ર જેવા મુખવાળી અતિસુંદર પત્ની હતી. છતાં જેમ ચન્દ્રમાં પણ ડાઘ છે તેમ ખરાબ નસીબે તેને અત્યંત દુર્ગંધથી ભરેલી ‘દુર્ગંધા’ નામની પુત્રી હતી. કર્મની વિચિત્રતાના લીધે પૃથુ પોતાની પુત્રી માટે સતત ચિંતામાં રહેતો હતો. તે સ્થાને-સ્થાને પોતાની પુત્રી માટે પતિની શોધમાં રખડતો. પણ કોઈ તેની પુત્રીને સ્વીકારવા તૈયાર ન થતું. થોડા સમય બાદ સોમદેવ નામના એક પુરૂષ સાથે તેની પુત્રીના લગ્ન કરાવ્યા. પરંતુ શરીરમાંથી સતત બહાર આવતી ગંધથી ત્રાસી ગયેલો સોમદેવ એક રાત્રે એકદમ છુપી રીતે તેને છોડીને ભાગી ગયો.

ભાગ્યથી હારેલી દુર્ગંધાને પતિએ છોડી દેતા તેના માતા-પિતા તથા સ્વજનો કોઈ પણ તેનો સ્વીકાર કરતા નથી. બધે જ દુર્ગંધા તિરસ્કારપાત્ર બની ગઈ. **‘કર્મથી જ અપમાન પામેલાને કોણ સહારો આપે?’** ચારે બાજુથી અપમાનીત દુર્ગંધા ઘણો ત્રાસ પામી. તે પોતાના અશુભકર્મોનો નાશ કરવા ઘર છોડી તીર્થધામોની યાત્રા કરવા ચાલી નીકળી. અનેક હિન્દુ તીર્થધામોની યાત્રા કરવા છતાં હજુ તેનો કર્મબોજ હળવો ન થયો. આવું અપમાનથી ભરેલું જીવન જીવવા કરતા મરી જવું સારૂં આવું વિચારી તે આત્મહત્યા કરવા જાય છે. ત્યારે જંગલના માર્ગમાં એક તાપસમુનિને જોઈને તે નમસ્કાર કરે છે. તે તાપસમુનિ દુર્ગંધાના શરીરમાંથી નીકળતી દુર્ગંધથી અણગમાનો ભાવ કરી મોઢું ફેરવી લે છે. ત્યારે દુર્ગંધા તાપસમુનિને કહે છે, “મહાત્મા ! આપના જેવા રાગને જીતનારા પણ જો મારી સામે નહીં જોવે તો આ જગતમાં મારી સહાય કોણ કરશે ? મારૂં આ પાપ કેવી રીતે દૂર થશે ?”

ત્યારે તે તાપસમુનિ કહે છે “હે બાળા ! આ વનમાં મારા ગુરુ કુલપતિ છે. તેમની પાસે જઈ તારા દુઃખની વાત કર. તેઓ તારી આ મુશ્કેલીનો ઉપાય જરૂર બતાવશે.” તાપસમુનિના શબ્દો સાંભળી ખુશ થયેલી દુર્ગંધા કાંઈક આશા સાથે તાપસમુનિની પાછળ ચાલતી કુલપતિના આશ્રમમાં આવી.

કુલપતિ શ્રી ઋષભદેવ પરમાત્માના ધ્યાનમાં બેઠેલા હતા. જટાધારી કુલપતિના દર્શન થતાં જ દુર્ગંધા તેમને નમસ્કાર કરે છે ત્યારે કુલપતિ પણ એકક્ષણ માટે તેના શરીરની દુર્ગંધ પ્રત્યે ખરાબ ભાવ દેખાડતા



પૂછે છે, "હે વત્સા ! તારા શરીરમાંથી આવી અતિ ખરાબ ગંધ કેમ આવે છે ? આ જંગલમાં તું દુઃખી થઈ એકલી શા માટે ભટકે છે ? તું અહીં શા માટે આવી છે ?'

કુલપતિના પ્રેમભર્યા વચનો સાંભળી આંખોના અશ્રુઓને લૂંછતી દુર્ગંધા પોતાના જન્મથી લઈ અત્યાર સુધીના બધાજ દુઃખોની કથા કહે છે. જીવનથી થાકી ગયેલી, ભાગ્ય વગરની દુર્ગંધાએ પોતાના દુઃખને દૂર કરવા કુલપતિને કોઈ ઉપાય બતાવવા વિનંતી કરી. ત્યારે કુલપતિ કહે છે, "હે વત્સા ! હું કાંઈ કેવળજ્ઞાની નથી કે જ્ઞાનથી તને તારા પૂર્વભવોના કયા કર્મના કારણે તું આ દુઃખ ભોગવી રહી છે તે તને કહી શકું. છતાં તું આ શ્રીશત્રુંજય મહાતીર્થની યાત્રા કરી, શ્રીરૈવતગિરિ તીર્થની યાત્રા કરવા જા ! કેવળી-ભગવંતોએ પણ જેનો મહિમા ગાયો છે એવા શ્રીગિરનાર પર રહેલા ગજેન્દ્રપદ કુંડના પવિત્ર જલ વડે સ્નાન કર ! તે જલના સ્પર્શથી તારા ખરાબ કર્મોનો નાશ થશે."



આનંદ આપે એવા કુલપતિના વચનો સાંભળી અત્યંત ખુશ થયેલી દુર્ગંધા કુલપતિના ચરણોમાં નમસ્કાર કરી શ્રીશત્રુંજય તીર્થ તરફ ચાલવા લાગી. શ્રીશત્રુંજય અને શ્રીગિરનાર મહાતીર્થનું સ્મરણ કરતાં તે શત્રુંજય પહોંચી. ગિરિરાજની પ્રદક્ષિણા કરે છે. શ્રીઋષભદેવ પરમાત્માની સેવા-ભક્તિ કરે છે. પછી શ્રી ગિરનારજીની દિશા તરફ ચાલે છે. શ્રી રૈવતગિરિની શીતળ છાયામાં આવી ઉત્તરદિશા તરફના માર્ગથી જાત્રા શરૂ કરે છે. પરંતુ હજુ પણ કર્મ બાકી રહેલા હોવાથી તેને ગજપદકુંડમાં સ્નાન કરવા માટે કે જિનભવનમાં પ્રવેશ કરતાં પણ અટકાવાય છે. શરીરમાંથી નીકળતી દુર્ગંધને કારણે તેને ક્યાંય પણ પ્રવેશ મળતો નથી. છતાં પણ ગજપદકુંડમાંથી બહાર લવાયેલા પવિત્ર જલથી દુર્ગંધા દરરોજ સ્નાન કરે છે. સાતમા દિવસે તેની બધીજ દુર્ગંધ દૂર થઈ, સુગંધીપણાને પામેલી તે દુર્ગંધા ગજેન્દ્રપદ કુંડમાં સ્નાન કરી ખૂબ ભક્તિભાવથી જિનેશ્વર પરમાત્માની પૂજા કરવા ગઈ.



રૈવતગિરિમંડણ શ્રીનેમિનાથપ્રભુની પૂજા કરી દુર્ગંધા આનંદથી ઘેલી થઈ જાય છે. બહાર નીકળતાં જ દુર્ગંધાને કેવળી ભગવંત મળે છે. પૂર્વ ભવને જાણવા ઉત્સુક બનેલી દુર્ગંધા કેવળી ભગવંતને પોતાના પૂર્વભવની કથા પૂછે છે. ત્યારે કેવળી ભગવંત કહે છે, ‘‘હે ભદ્રે ! ગયા ભવમાં તારો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો હતો. અપવિત્રતા-અસભ્યતા, ગંદકી તને બિલકુલ ગમે નહીં. તેથી તેં શ્વેતામ્બર જૈન સાધુ ભગવંતની મશ્કરી કરી. ‘‘હા ! હા ! આ શ્વેતામ્બર સાધુઓ તો વનમાં રખડે છે. સ્નાન પણ નથી કરતા. આ સાધુઓમાંથી કેવી ગંદીવાસ આવે ! પોતાના સફેદ વસ્ત્રોને પણ તે મેલા દેહ વડે મેલા કરે છે.’’ આવા વચનો બોલી બોલી તે સાધુ ભગવંતની ખૂબ નિંદા કરી. આ પાપના ઉદયે તું મરીને નરકમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી કુકડી, ચાંડાલી, ગામની ભુંડણ વગેરે ખરાબ ગતિમાં જન્મ લઈ ઘણો સમય રખડી અંતે ઘણા કર્મોનો નાશ થતા અતિ મૂલ્યવાન એવા આ માનવભવને તું પામી. પરંતુ પહેલાના થોડા રહેલા અશુભ કર્મોના કારણે આ ભવમાં પણ તને દુર્ગંધીપણું ને દુર્ભાગીપણું મળ્યું. હે બાળા ! આ જગતમાં સર્વોત્તમ પુરુષ, ત્રણ લોકમાં પૂજનીય એવા વીતરાગ પરમાત્મા શ્રેષ્ઠ છે. તેથી તેમની આજ્ઞા પ્રમાણે વિચરતા સાધુ ભગવંતની નિંદા કરવી યોગ્ય નથી. સમતાના ભંડાર એવા આ મુનિ ભગવંતો પંચમહાવ્રતનું

સુંદર પાલન કરે છે. સંયમ જીવનની ઉત્તમ આરાધના કરતાં-કરતાં મુનિ ભગવંતો ચારે બાજુ પ્રભુના શાસનની પ્રભાવના કરે છે. અરે ! ભૂલથી પણ આવા સાધુ ભગવંતની કરેલી નિંદા કે મશ્કરી તો સંસારને વધારનારી છે. કોઈપણ જીવને ત્રાસ-દુઃખ ન થાય એ માટે સતત પ્રયત્ન કરતાં સાધુ ભગવંતો હમેશાં પૂજવા યોગ્ય છે. પોતાના સ્વાર્થ વગર સૌને દુર્ગતિમાં પડતાં અટકાવતા ''ધર્મલાભ'' શબ્દથી અનેક જીવોને સાચો માર્ગ દેખાડતાં મહાત્માની નિંદા કેમ કરાય ?

હે દુર્ગંધા ! આ તીર્થના મહાપ્રભાવથી આજે તારા અનેક જન્મોના અશુભ કર્મોનો નાશ થયો છે. તને સમ્યક્ત્વ(સાચા જ્ઞાનની)ની પ્રાપ્તિ થઈ છે. બસ હવે આ તીર્થની ભક્તિ કરતાં-કરતાં જ તારા અનંત સંસાર ભ્રમણનો અંત આવશે અને તું મોક્ષ સુખને પામીશ.

કેવળી ભગવંતના અમૃત વચનો સાંભળી દુર્ગંધાનુ હૈયું હર્ષથી નાચી ઉઠ્યું અને મુનિવરના ચરણોમાં તેનું મસ્તક ઝૂકી ગયું.

**પ્રશ્ન :-**

પ્ર.૧ કેવલી ભગવંતોએ કયાં કુંડનો મહિમા ગાયો છે ? તેનો શું પ્રભાવ છે ?

પ્ર.૨ દુર્ગંધા સુગંધીપણાને કેવી રીતે પામી ?

પ્ર.૩ દુર્ગંધાએ પૂર્વ ભવમાં કયું પાપ બાંધેલું ?

પ્ર.૪ આ જગતમાં સર્વશ્રેષ્ઠ કોણ છે ?

પ્ર.૫ કોની નિંદા - મશ્કરી સંસારને વધારે છે ?

**જે ગજપદકુંડના પવિત્ર જલથી સ્નાન કરીને શ્રી જિનેશ્વર પરમાત્માનો પક્ષાલ કરે તેના શરીરનાં દોષો તો દૂર થાય છે ને સાથે-સાથે તેના આત્મા પર લાગેલ કર્મોરૂપી કચરો પણ નાશ પામે છે. તેનું શરીર નિર્મલ બને છે તેમ તેનો આત્મા પણ પવિત્ર બને છે. આ પાણીને પીવાથી શરીરમાં રહેલા કેટલાક પ્રકારના રોગો પણ અલ્પ સમયમાં નાશ પામે છે. તો બોલો છે ને આ જાદુઇ કુંડ !!**

# સિદ્ધિદાયક રૈવતગિરિ ૮

સોરઠ દેશની પાવન ભૂમિ. સુગ્રામપુર નામનું નગર. પૂર્વના ભવોમાં કરેલા ખરાબ કર્મોના ઉદયને કારણે અનેક દોષોના ભંડાર જેવો એક ક્ષત્રિય ત્યાં રહેતો. કોઈપણ પ્રકારના વ્રત અને નિયમ વગર તે પોતાની ઈચ્છા પ્રમાણે જીવન જીવતો હતો. તેના હૃદયમાં કોઈપણ જીવ માટે પ્રેમ ન હતો. કોઈના માટે પણ દયા ન હતી. ઘણા જીવોને તે ખરાબ ભાવોથી મારતો. સત્ય સાથે જાણે તેને દુશ્મની હોય તેમ ખોટા ને કપટ વચનો બોલતો. ઘણા દોષોવાળો તે માર્ગમાં ચાલતા લોકોને ઘણો ત્રાસ આપતો ને આનંદ માણતો. આ રીતે હત્યા વગેરે મહાન પાપો કરવાના કારણે તેના શરીરમાં બધી જગ્યાએ 'લૂન' નામનો રોગ ફેલાઈ ગયો. આ મહારોગની ભયંકર પીડાને સહન કરતો તે ગામોગામ અને નગર-નગરમાં દુઃખી બનીને રખડી રહ્યો હતો.

પૂર્વના ભવમાં કરેલા કોઈક પુણ્યથી તેને એક જૈનમુનિ ભગવંતનો મેળાપ થયો. ક્ષત્રિયએ તેમને પોતાની દુઃખ ભરી કથા સંભળાવી. તેણે દુઃખથી છુટકારો મેળવવાનો ઉપાય બતાવવા પ્રાર્થના કરી. તે મુનિવરે શ્રી રૈવતગિરિ મહાતીર્થના માહાત્મ્યનું ખૂબ અદ્‌ભુત વર્ણન કર્યું. સર્વતીર્થોમાં ઉત્તમ શ્રી ગિરનાર મહાતીર્થના દર્શનથી જ જીવોનાં પાપો નાશ પામે છે, તો તેની ભક્તિ ને સેવા કરવાથી કેટલાય લાભ



થાય... ! તીર્થનાં પ્રભાવને અનુભવવા તે શ્રી રૈવતાચલ મહાતીર્થની યાત્રા કરવા જાય છે. થોડા જ સમયમાં રૈવતગિરિ પહોંચી જાય છે. યાત્રા કરી શ્રીનેમિનાથ પ્રભુનાં દર્શનથી પોતાના નેત્રોને પવિત્ર કરે છે. ખૂબ ઉત્તમ ભાવથી પ્રભુની પૂજા-ભક્તિ કરી, ઉજ્જયન્તી નદીના પવિત્ર જલથી સ્નાન કરે છે. તેના રોગોનો સંપૂર્ણ નાશ થાય છે. ત્યારબાદ તે સમાધિપૂર્વક મૃત્યુ પામી સૂર્ય જેવા તેજવાળો, દસે દિશાઓમાં પ્રકાશ ફેલાવતો, અતિ સુંદર રૂપવાળો દેવ થયો.

દેવલોકના સુખોમાં મોજમજા કરતા અચાનક તે દેવને પરમાત્મા અને મહાતીર્થના પરમ ઉપકારો યાદ આવે છે. પૂર્વે ભરત





મહારાજાએ બનાવેલા શ્રીનેમિનાથ પ્રભુના જિનાલયમાં પૂજા-ભક્તિ કરવાથી તેના પાપનો નાશ થયો હતો અને રૈવતગિરિ મહાતીર્થનાં પ્રભાવે તેને દેવપણાનું સુખ

મળ્યું હતું, એ ઉપકારોનું થોડું પણ ઋણ ઉતારવા તે ફરીથી રૈવતગિરિની યાત્રા-ભક્તિ કરવા જાય છે. ત્યાં આવી જિનાલયોનું નિર્માણ પણ કરે છે. 'જેના અદ્‌ભુત પ્રભાવથી મને આ દેવના સુખો મલ્યા છે તે તીર્થની જો ભક્તિ ન કરીયે, તેના ઉપકારને યાદ ન રાખીયે, તો એ પાપના પરિણામે દુર્ગતિમાં જવું પડશે. વળી આ તીર્થની ભક્તિથી જ ભવિષ્યના ભવમાં મને આનંદ આપતું કેવળજ્ઞાન અને મોક્ષ સુખ મળશે. તેથી આ તીર્થને જ મારૂ આશ્રય સ્થાન બનાવું.' આવો વિચાર કરી તે રૈવતગિરિ તીર્થમાં 'સિદ્ધિવિનાયક' નામનો અધિષ્ઠાયક બન્યો. તે શ્રીનેમિનાથ પરમાત્માના ભક્તોના બધાજ ઈચ્છિત કાર્યોને પૂર્ણ કરવામાં સહાય કરે છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ ક્ષત્રિય શેના પ્રભાવે દેવપણાને પામે છે ?

પ્ર.૨ ઉપકારીના ઉપકારોને યાદ ન રાખવાથી શું થાય ?

પ્ર.૩ સિદ્ધિવિનાયક દેવ ક્યાં વસે છે ? ને શું કરે છે ?

**'પુણ્યના ઢગલા જેવા શ્રીગિરનાર મહાતીર્થની ભક્તિ કરવાથી મહાપાપ કરનારા અને મહાદુષ્ટ રોગવાળા જીવો પણ સુખને પામે છે. આ તીર્થની સેવાથી પુણ્યશાળીઓ આ ભવમાં સુખ–શાંતિ–સંપત્તિ અને પછીના ભવમાં પણ સારી ગતિને પામે છે.'**

# રાજર્ષિ ભીમસેન ૯

આ જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં એક શ્રેષ્ઠ નગરી હતી. એનું નામ શ્રાવસ્તિ. ત્યાં સર્વગુણોથી શોભતો 'વજસેન' નામનો રાજા ન્યાયપૂર્વક રાજ્ય કરતો. તે શ્રી જિનેશ્વર પરમાત્માનો પરમ ભક્ત હતો. તેની અત્યંત સુંદર એવી 'સુભદ્રા' નામની પત્ની હતી. તેમને ભીમસેન નામનો પુત્ર હતો. આ ભીમસેન ખૂબજ ખરાબ સ્વભાવવાળો હતો. જુગાર વગેરે સાત વ્યસનોમાં તે ચકચૂર રહેતો. જેનો કોઈ અપરાધ ન હોય તેવા જીવોને પણ તે હમેશાં હેરાન કરતો હતો. આવા સ્વભાવને કારણે માતા-પિતા અને ગુરુજનો કોઈ તેને માન આપતા ન હતા. હમેશાં તેનો તિરસ્કાર કરતા હતા.

રાજા વજસેને આવા ભીમસેનને યુવરાજ પદ પર સ્થાપિત કર્યો. તેથી તે કોઈ પણ રોક-ટોક વગર પરસ્ત્રીને હેરાન કરે છે તથા બીજાના દ્રવ્યોની ચોરી કરે છે. આમ તે ભીમસેન પ્રજાજનોને અત્યંત દુઃખ આપે છે. પ્રજાજનો તેના ત્રાસથી કંટાળી મહારાજા પાસે જઈ ભીમસેનની ફરિયાદ કરે છે. પ્રજાજનોની ફરિયાદ ભરી વિનંતી સાંભળી મહારાજા ભીમસેનને એકલામાં બોલાવી હિતવચનો કહે છે, ''હે વત્સ ! તું આ ખરાબમાર્ગને છોડી ન્યાયપૂર્વક સાચા માર્ગ પર ચાલ. પ્રજાથી જ રાજા શોભે છે, પ્રજા વિનાનો રાજા તે નામનો જ રાજા બને છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે ''પરસ્ત્રી કે બીજાના દ્રવ્યને કદિ લેવું નહીં, માતા-પિતા-ગુરુ અને પરમાત્માની ભક્તિ કરવી. અન્યાયનો માર્ગ છોડી દઈ ન્યાયનો જ માર્ગ સ્વીકારવા યોગ્ય છે. સાત વ્યસનોનો ત્યાગ કરવો એ મહારાજાનો શ્રેષ્ઠધર્મ છે. પોતાના વચનોનું પાલન કરવું ને ધૈર્ય રાખવું. તેનાથી જ યશ, કીર્તિ, ધન અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.'' આ રીતે વારંવાર હિતવચનોથી પણ ભીમસેન સુધરતો નથી. ઉલટું વધારે-વધારે ખોટા કામો કર્યા કરે છે. રાજા છેલ્લે કંટાળીને ભીમસેનને જેલમાં પૂરી દે છે. ત્યાં રહેવા છતાં એક વખત ખરાબ  નોકર દ્વારા જેલમાંથી છટકી જઈને તે કુમિત્રોની સલાહ માની ગુસ્સામાં આવી પોતાના માતા-પિતાની હત્યા કરે છે. પિતાના મૃત્યુ પછી પોતે રાજા બની ખરાબસંગના સહવાસથી વ્યસનોમાં પડેલો તે પ્રજાને વધારે હેરાન કરવા લાગ્યો.

ભીમસેનના અત્યાચારોથી કંટાળી ગયેલા પ્રજાજનો અને મંત્રીઓએ ચર્ચા-વિચારણા કરી. તે પાપીને રાજગાદી માટે અયોગ્ય જાણી તેને પકડીને જંગલમાં મૂકી આવ્યા. ત્યારબાદ ભીમસેનના નાના ભાઈ જયસેનને શુભ મુહૂર્તે રાજગાદી પર બેસાડ્યો.

આ તરફ દેશમાંથી બહાર કઢાયેલ ભીમસેન બીજા દેશોમાં રખડતો પોતાના ખરાબ કામોને ચાલુ જ રાખે છે. જ્યાં-ત્યાં ચોરી કરે છે, થોડા પણ ધન માટે રસ્તામાં જતાં-આવતાં લોકોને મારે છે. આવા ખરાબ

કામો કરતાં-કરતાં ભમતાં-ભમતાં તે મગધદેશમાં પૃથ્વીપુર નગરમાં આવ્યો. ત્યાં કોઈ માળીના ત્યાં સેવક તરીકે રહ્યો. ત્યાં પણ પત્ર, પુષ્પ અને ફલની ચોરી કરતાં પકડાતાં તેને કાઢી મૂકાયો. પછી તે કોઈક શ્રેષ્ઠિની દુકાનમાં નોકરીએ લાગ્યો, ત્યાં પણ પહેલાની જેમ ચોરી કરતાં શેઠ તેને કાઢી મૂકે છે. શ્રેષ્ઠિની દુકાનથી નીકળીને, ભીમસેન 'ઈશ્વરદત્ત' નામના કોઈ વેપારીને ત્યાં નોકરીમાં રહ્યો અને ત્યાંથી વેપાર માટે બીજા દેશમાં ધન મેળવવા જતાં ઈશ્વરદત્તની સાથે ધનનો લોભી એવો ભીમસેન પણ જહાજમાં બેસી અન્યત્ર જાય છે.

એક મહિના સુધી સમુદ્ર યાત્રા બાદ કોઈક દુર્ઘટનામાં જહાજ ફસાઈ ગયું, અનેક ઉપાયો કરવા છતાં જહાજ તે જગ્યાથી આગળ ચાલતું નથી. દિવસો પસાર થતાં જહાજમાં રહેલું અન્ન-જલ પણ ખલાસ થઈ ગયું. ત્યારે ઈશ્વરદત્ત પંચપરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરી સમુદ્રમાં કુદી મરી જવાનો વિચાર કરે છે. ત્યારે અચાનક એક પોપટ ત્યાં આવીને કહે છે કે, "હે શ્રેષ્ઠિ ! તારે મરવાની જરૂર નથી, હું તને જીવવાનો ઉપાય બતાવું છું. હું સામે દેખાતા પહાડનો અધિષ્ઠાયક દેવ છું તારા ઉપરની દયાથી હું અહીં આવ્યો છું. તમારામાંથી કોઈ એક માણસ



મરણની તૈયારી સાથે સમુદ્રમાં કૂદી પડી, તરીને પર્વત પર રહેલા ભારંડપક્ષીને ઉડાડવાનું કામ કરશે તો તેની પાંખના પવનથી તમારૂં જહાજ જ્યાં ફસાયું છે ત્યાંથી છુટીને તરત આગળ ચાલવા માંડશે અને બાકી રહેલા લોકોના જીવ પણ બચી જશે.

આ પ્રમાણે દેવની વાણી સાંભળી કોઈ વ્યક્તિ આ કાર્ય માટે તૈયાર થાય તેવી જાહેરાત થઈ. સો દીનારની લાલચે ભીમસેન દરિયામાં પડવા માટે તૈયાર થયો. પોપટના કહેવા પ્રમાણે ભારંડપક્ષીને ઉડાડતાં તેની પાંખના પવનથી જહાજ ચાલવા માંડ્યું. ભીમસેન તે પર્વતની નજીક રહી જાય છે. પછી જીવન બચાવવાનો ઉપાય તે જ પોપટને પૂછે છે. ત્યારે પોપટ કહે છે "તું ધીરજ રાખી સમુદ્રમાં કુદકો માર ! ત્યાં મોટા માછલાં તને ગળીને સમુદ્રના કિનારે લઈ જશે ને ત્યારે આ દવા તેના ગળામાં નાખજે તે દવાના પ્રભાવે તેના ગળામાં મોટું કાણું પડશે. તેમાંથી બહાર નીકળી કિનારા પર તારે જ્યાં જવું હોય ત્યાં જજે."



પોપટના ઉપાયને સાંભળી ભીમસેન પણ જીવવાની ઈચ્છાથી તે મુજબ કરે છે. તે સિંહલતટ ઉપર પહોંચે છે. ત્યાં ભૂખ-તરસથી પીડાતો તે વનમાં રખડી પાણી અને ફળ વગેરે લઈ કોઈ એક દિશામાં પ્રયાણ કરે છે. ત્યારે માર્ગમાં એક ત્રિદંડી સાધુને જોઈને નમસ્કાર કરે છે. ત્રિદંડી સાધુ પણ તેને આશિર્વાદ આપીને પૂછે છે, "હે વત્સ ! તું કોણ છે ? આ વનમાં શા માટે ફરે છે ?" ભીમસેન પોતાના દુ:ખોથી કંટાળીને પોતાની જાતને ભાગ્ય રહિત માનતો પોતાની દુ:ખભરી કથા તે તપસ્વી મહાપુરૂષને કહે છે. "વધુ તો શું કહું ? હું જ્યાં જવું છું ત્યાં બધે જ મને નુકશાન જ થાય, મારૂં કાર્ય થતું જ નથી. હું ખરાબ નસીબવાળો હોવાથી મારા જતાં જ વૃક્ષો પરથી ફળો, નદીઓમાંથી પાણી ને રોહણગિરિમાંથી રત્ન પણ ગાયબ થઈ જાય છે. મારે ભાઈ-બહેન, મા-બાપ, કે પત્ની વગેરે ન હોવા છતાં પણ હું મારૂં પેટ ભરી શકતો નથી."

ભીમસેનની દુ:ખભરી કથા સાંભળી લુચ્ચાઈમાં પંડિત એવો તે ત્રિદંડી આંખમાંથી આંસુ પાડી કહે છે, "હે વત્સ ! તું

દુઃખી ન થા ! તું તારા સારા પુણ્યથી મારી પાસે આવ્યો છે. હવે સમજ કે તારી ગરીબી દૂર થઈ જ ! તું મારી સાથે સિંહલદ્વીપમાં ચાલ ! ત્યાં રત્નની ખાણમાં જઈ રત્ન લઈ તારા દુઃખો નાશ પામી જશે.'' ત્રિદંડી મુનિના લુચ્ચાઈ ભર્યા વચનો પર વિશ્વાસ મૂકી ભીમસેન તેની સાથે રત્નની ખાણ તરફ જવા નીકળે છે. થોડા દિવસ પછી તે બન્ને રત્નની ખાણ સુધી પહોંચે છે. ભીમસેનને વદ ચૌદસની અંધારી રાતે ત્રિદંડીમુનિ રત્નની ખાણમાં ઉતારે છે. રત્નો કાઢીને ભીમસેન તે ત્રિદંડીમુનિને આપે છે. તે ત્રિદંડી રત્નોને લઈ લુચ્ચાઈપૂર્વક દોરડું કાપી તરત જ ત્યાંથી ગાયબ થઈ જાય છે.

ભીમસેન ખાણમાં આજુ-બાજુ જોતાં અત્યંત દુઃખી, ગળી ગયેલા દેહવાળા એક પુરૂષને જુએ છે. તે પુરૂષ પણ ભીમસેનને જોઈ કહે છે, ''હે ભદ્ર ! તું પણ રત્નના લોભમાં આવી પેલા દુષ્ટ ત્રિદંડી તાપસ વડે આ ખાણમાં ફેંકાયો લાગે છે.'' ભીમસેન પણ તે વાતનો સ્વીકાર કરી આ ખાણમાંથી બહાર નીકળવાનો રસ્તો પૂછે છે. ત્યારે તે કહે છે, ''આવતી કાલે સવારે આ ખાણના અધિષ્ઠાયક 'રત્નચંદ્ર' નામના દેવની પૂજા માટે દેવ-દેવીઓ આવશે તે વખતે ગીત-નૃત્ય વગેરે જોવામાં દેવ વ્યસ્ત હશે ત્યારે તેના સેવકો સાથે તું બહાર નીકળી શકીશ.'' આ વાત સાંભળી ભીમસેન ખુશ થાય છે. બીજા દિવસે ચતુરતાથી તે બહાર નીકળી જાય છે.



ખાણમાંથી બહાર નીકળી ભીમસેન ધીમે-ધીમે રસ્તા પર ચાલતા કેટલાય દિવસો પછી સિંહલદ્વીપના મુખ્યનગર ક્ષિતિમંડનપુરમાં આવે છે. ત્યાં કોઈ શ્રેષ્ઠિની વખારમાં સેવક તરીકે કામ કરવા લાગે છે. પરંતુ નાનપણના ચોરીના ખરાબ સંસ્કારોને લીધે ભીમસેન વખારમાંથી પણ ચોરી કરે છે. એક વખત રક્ષકો દ્વારા ચોરી કરતો ભીમસેન પકડાઈ જાય છે. તેને બાંધીને નગરમાં 'આ ચોર છે' તેવી જાહેરાત સાથે ગલીએ ગલીએ ફેરવીને ફાંસી આપવા લઈ જવામાં આવે છે. તે જ સમયે વેપાર માટે તે ગામમાં આવેલો ઈશ્વરદત્ત શ્રેષ્ઠિ ત્યાંથી પસાર થાય છે. તેની નજર ભીમસેન ઉપર પડે છે. સમુદ્રમાં ફસાયેલા જહાજને છોડાવનાર એવા ભીમસેનનો ઉપકાર યાદ આવે છે. ને રાજા પાસેથી તેને છોડાવે છે.

ત્યારબાદ ઈશ્વરદત્ત ભીમસેનને પોતાની સાથે જહાજમાં લઈ પૃથ્વીપુર નગરમાં આવે છે. એકવાર કોઈ પરદેશીને જોઈ વાતવાતમાં ભીમસેન તેને પોતાના દુઃખની કથા કહે છે. ત્યારે તે પુરૂષ તેને કહે છે કે, ‘‘તું દુઃખી ન થા ! મારી સાથે ચાલ ! આપણે રોહણાચલમાં રત્નોની શોધ માટે જઈએ.’’ બન્ને સાથે રોહણાચલ તરફ ચાલવા લાગે છે. ત્યારે વચ્ચે માર્ગમાં એક તાપસના આશ્રમમાં જાય છે. ત્યાં ‘‘જટિલ’’ નામના વૃદ્ધ તાપસને જોઈને નમસ્કાર કરે છે. તે દરમ્યાન તે તાપસનો કોઈ ‘જાંગલ’ નામનો શિષ્ય ગગનમાર્ગમાંથી ત્યાં આવે છે. નીચે ઉતરી તે ગુરુ જટિલ તાપસને વિધિપૂર્વક નમસ્કાર કરી તેમના ચરણોમાં બેસે છે. ઘણા દિવસે આવેલા તે શિષ્યને જોઈ જટિલ તાપસ તેને પૂછે છે, ‘‘હે વત્સ ! હાલ તું ક્યાંથી આવી રહ્યો છે ? આટલા દિવસથી તું ક્યાં હતો ?’’ જાંગલ કહે છે, ‘‘સ્વામિ ! હાલ સોરઠદેશના શ્રીશત્રુંજય-ગિરનારની યાત્રા કરીને અહીં આવ્યો છું. તે બે તીર્થના સંપૂર્ણ મહિમાનું વર્ણન કોઈ કરી શકે તેમ નથી. કેવલી ભગવંતો કેવળજ્ઞાનથી તે મહિમા જાણી શકે છે પરંતુ તે પણ તેનું વર્ણન કરી શકતા નથી. તેમાં પણ રૈવતગિરિનો મહિમા તો મેં સાંભળ્યો અને સાક્ષાત્ જોયો પણ છે. આ મહાતીર્થની સેવા થકી જીવોને સુખ-સંપત્તિ, રિદ્ધિ-સિદ્ધિ પણ સહેલાઈથી મળે છે અને થોડા જ સમયમાં તે જીવ મુક્તિપદને પણ પામે છે.’’

આ પ્રમાણે રૈવતગિરિનો મહિમા સાંભળી બધા તાપસો, ભીમસેન તથા તે પરદેશી આશ્ચર્ય પામ્યા. મહિમા સાંભળી આનંદિત થયેલો ભીમસેન પહેલા રોહણાચાલ પર જઈ પછી રૈવતગિરિની યાત્રાએ જવાનો વિચાર કરે છે. માર્ગમાં ઘણા ગામ-નગર-વન વગેરે પસાર કરી તેઓ રોહણાચલ પર્વત પાસે આવી પહોંચ્યા. વિધિપૂર્વક પર્વતના અધિષ્ઠાયકદેવની પૂજા કરી ખાણમાંથી મહાકિંમતી બે રત્નો મેળવ્યા. એક રત્ન પરદેશીને આપીને બીજું પોતાની સાથે લઈ ભીમસેન વહાણમાં બેસી અન્ય સ્થાને જવા નીકળ્યો. સમુદ્રયાત્રા દરમ્યાન પુનમના દિવસે સોળે કળાએ ખીલેલા ચન્દ્રના દર્શન કરતાં ચન્દ્રમાનું તેજ વધારે છે કે મારા આ રત્નનું આવો વિચાર કરી ભીમસેન રત્નને બહાર કાઢે છે.

પરંતુ હજુ તેના ખરાબ કર્મોની પરંપરા ચાલુ જ હોય તેમ તેનું રત્ન સમુદ્રમાં પડી જાય છે. કહેવાય છે ને કે, ‘‘નશીબથી વધારે કોઈને મળતું નથી અને નશીબમાં હોય તો તે ક્યાંય જતું નથી.’’ આવી ઘટના થતાં ભીમસેન તરત જ બેભાન થઈ ગયો.



થોડા સમય પછી ઠંડુ પાણી નાંખતાં ભીમસેન ફરી ભાનમાં આવી ખૂબ જ મોટા અવાજે રડવા લાગે છે. અને કહે છે કે ''મારૂં રત્ન સમુદ્રમાં પડી ગયું ! મારૂં રત્ન સમુદ્રમાં પડી ગયું ! હું લૂંટાઈ ગયો !'' તેના આવાં દુઃખભર્યા વચનો સાંભળી પેલો મિત્ર બનેલો પરદેશી તેને ધીરજ રાખવાનું સમજાવે છે અને કહે છે કે, ''જો આપણે જીવતા રહીશું તો હું તને બીજા ઘણા રત્નો મેળવી આપીશ, તું નિરાશ ન થા! હાલ તો આપણે ગરીબીનું દુઃખ દૂર કરનાર, મહાપ્રભાવક એવા શ્રીરૈવતાચલ તરફ જવું યોગ્ય છે. ત્યાં તારી ઈચ્છાપૂર્તિ થઈ જશે અથવા તો મારૂં આ રત્ન તું રાખી લે.'' આવા આશ્વાસનથી યુક્ત વચનોથી ભીમસેન શાંત થાય છે.

ધીમે ધીમે સમુદ્ર માર્ગ પસાર કરી તે બન્ને શ્રીરૈવતગિરિ મહાતીર્થ તરફ આગળ વધે છે. પોતાના ખરાબ કર્મો સાથે માર્ગમાં આગળ વધતાં તેઓ ચોરો દ્વારા લૂંટાઈ ગયા. વસ્ત્ર-ખાવાનું ભોજન વગેરે બધુંજ લૂંટાઈ જતાં બાવા બની ગયેલા તે બન્ને અનેક દુઃખોને સહન કરતાં-કરતાં આગળ વધી રહ્યાં હતા. ત્યાં માર્ગમાં તેમને એક મુનિ ભગવંત મળે છે. મહાત્માના દર્શન થતાં જ તે બન્નેના હૈયામાં ખુશી થાય છે. મહાત્માને નમસ્કાર કરીને પોતાના બધા દુઃખોનું વર્ણન કરતા ભીમસેન કહે છે, ''સ્વામી ! અમારા અશુભ કર્મોનો નાશ કરવા માટે કોઈ ઉપાય બતાવવા કૃપા કરો અથવા પર્વત ઉપરથી કૂદકો મારી મરણને સ્વીકારવું એ જ સૌથી ઉત્તમ ઉપાય અમને દેખાય છે.

કરૂણાના સાગર, દયાના ભંડાર એવા મુનિવર પણ તેમની વાત સાંભળી સાંત્વના આપતા કહે છે કે, ''હે યુવાનો ! તમે પૂર્વના ભવમાં કંઈ ધર્મની આરાધના કરી નથી તેથી આટલા દુઃખી જણાવો છો ! શાસ્ત્રમાં કહ્યું છે કે, ''જીવોને સારા કુળમાં જન્મ, સ્વસ્થપણું, સારૂં નશીબ, અત્યંત સુખ, ધન, લાંબુ આયુષ્ય, યશ, વિદ્યા, લાખો લોકો દ્વારા સેવા, ચક્રીપણું તથા ઈન્દ્રપણું વગેરે બધુ ધર્મથી જ મળે છે.''

માટે હે ભીમસેન ! તું હવે ખરાબ વિચારો કરી આર્તધ્યાન ન કર ! તેં ગયા ભવમાં અઢાર ઘડી સુધી મુનિને પીડા પહોંચાડી હતી. સજ્જન પુરૂષોએ મુનિ ભગવંતની ખૂબ જ આદર સાથે સેવા ભક્તિ દ્વારા આરાધના કરવી જોઈએ. આરાધના કરવાથી દુઃખો નાશ પામે છે અને તેમને દુઃખ આપવાથી આપણને દુઃખો મળે છે. તેના પ્રતાપે આટલા વર્ષોથી તું સતત દુઃખી થયો. હવે શ્રીરૈવતગિરિ મહાતીર્થની સેવા-ભક્તિ કરવાથી તારા બધા કર્મો નાશ થતાં તું સર્વસંપત્તિનો સ્વામી બનીશ. ને અંતે મોક્ષમાં જઈશ. તેથી તું હવે દુઃખનો ત્યાગ કરી રૈવતગિરિ જવાની તૈયારી કર.'' મુનિભગવંતના આવા પ્રેમપૂર્વકના વચનો સાંભળી ઉત્સાહ સાથે ભીમસેન રૈવતગિરિ મહાતીર્થ તરફ જવા નીકળે છે. ત્યાં પહોંચી ઘોર તપશ્ચર્યા કરી શરીર પ્રત્યેનું મમત્વ છોડી દે છે. રૈવતગિરિના પ્રભાવનો અનુભવ કરે છે. ત્યારે એક વાર ભીમસેન સંઘ સાથે



આવેલા પોતાના નાના ભાઈ જયસેન રાજાને જિનાલયમાં પ્રદક્ષિણા ફરતા જુએ છે. મહારાજા, રાજમંત્રી તથા રાજ્યના લોકો પણ તેને ઓળખી લે છે. પ્રદક્ષિણા આપ્યા બાદ જયસેન રાજા આનંદથી તેને ભેટી પડે છે.

જયસેન રાજા હર્ષના આંસુ સાથે નમ્ર બની ભીમસેનને કહે છે, ''હે વડીલબંધુ ! એવું કોઇ સ્થાન બાકી રહ્યું નથી કે જ્યાં મેં આપને શોધ્યા ન હોય. મોટાભાઈ ! આપ આટલા વર્ષોથી ક્યાં રહ્યાં હતા ? પધારો ! હવે આપના રાજ્યનો સ્વીકાર કરો !'' નાનાભાઈના આગ્રહને જોઈ ભીમસેન પણ રાજ્યને ગ્રહણ કરવા તૈયાર થઈ જાય છે. મહારાજા ભીમસેન, જયસેન, મંત્રીગણ અને બધા લોકો આ તીર્થની પૂજા, સ્નાત્ર વગેરે વિધિ કરી પોતાના રાજ્ય તરફ ચાલી નીકળે છે.

જયસેન ખૂબ જ મોટા મહોત્સવપૂર્વક નૂતન મહારાજા ભીમસેનનો નગરમાં પ્રવેશ કરાવે છે. સમગ્ર નગરજનોના હૈયામાં આનંદ હતો. નગરના માર્ગો પર રંગોળી, નૃત્ય-ગાનાદિ અનેક પ્રકારે ઉત્સવો મંડાયા હતા. મહારાજા ભીમસેન પણ પૂર્વના સર્વ વ્યસનોને છોડી પ્રેમ ને ન્યાયપૂર્વક પ્રજાનું ધ્યાન રાખતાં રાજ્યનું પાલન કરે છે. તેના રાજ્યમાં પ્રજાને ચોર વગેરેનો ભય ન હતો. પૂર્વે ગુસ્સામાં આવીને કરેલી માતા-પિતાની હત્યાનું પાપ તેને ખૂબ જ દુઃખતું હતું. તે પાપની મુક્તિ માટે તેણે ગામોગામ જિનેશ્વર પરમાત્માના જિનાલયોનું નિર્માણ કરાવ્યું. દેવ-ગુરુની સેવા, સાધર્મિક ભક્તિ, ગરીબ લોકો ઉપર દયા વગેરે પરોપકાર કરતો ભીમસેન રાજ્યનું સુંદર રીતે પાલન કરતો હતો.

સમય પસાર થતાં એક દિવસ જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં એકાગ્ર એક વિદ્યાધરને પોતાના બગીચામાં જોવે છે. ભીમસેન તેને પૂછે છે કે, ''હે ભદ્ર પુરૂષ ! આપ ક્યાંથી આવો છો ?'' વિદ્યાધર કહે છે, ''મહારાજ ! શ્રીશત્રુંજય અને શ્રીરૈવતગિરિની યાત્રા કરીને હું અહીં જિનેશ્વર પરમાત્માની ભક્તિ કરવા આવ્યો છું.'' વિદ્યાધરના વચનો સાંભળી મહારાજા ભીમસેન વિચારવા લાગે છે કે, ''અહો ! ધિક્કાર છે મને ! જે રૈવતગિરિ મહાતીર્થના પ્રભાવથી જ હું આજે આટલા સુખનો સ્વામી બન્યો છું તેને હું યાદ કરતો નથી ! અને ફરી તે મહાતીર્થની યાત્રા-ભક્તિ કરવાનો વિચાર પણ કરતો નથી.''

ઉપકારીના ઉપકારને યાદ કરવાનું ભૂલી ગયેલો રાજા ભીમસેન ખૂબ દુઃખી થયો. દીક્ષા લેવાની ઇચ્છાથી ભીમસેન રાજ્યનો બધોજ ભાર નાના - ભાઈ જયસેનને સોંપી દે છે. ત્યારબાદ થોડા સેવકો સાથે

રૈવતાચલ આવવા નીકળે છે. પહેલા શ્રીસિદ્ધિગિરિ મહાતીર્થ ઉપર શ્રીઆદિનાથ દાદાની પૂજા-ભક્તિ વગેરે આઠ દિવસનો મહોત્સવ કરે છે. પછી તે શ્રીરૈવતગિરિ તીર્થ ઉપર જાય છે. ત્યાં કપુર, કેશર, શ્રેષ્ઠ ચંદન, વિવિધ ફૂલોથી શ્રી નેમિનાથ પરમાત્માની પૂજા કરે છે. ઘણા ઉત્સવપૂર્વક પરમાત્માની ભક્તિ કરે છે. દાન-શીલ-તપ ને ભાવરૂપ ચતુર્વિધ ધર્મની ઉત્તમ આરાધના કરે છે.

અવસરે જ્ઞાનચન્દ્રમુનિ ત્યાં પધારે છે. તેઓશ્રીની મીઠી-મધુરી વાણી સાંભળી તેને સંસાર પ્રત્યે અણગમો થાય છે. ભીમસેન તેમની પાસે દીક્ષા લે છે. સંયમ ધર્મની સાધનામાં લીન થઈ રાજર્ષિ ભીમસેન જ્ઞાનશિલામાં અત્યંત કઠિન તપની આરાધના કરે છે. પૂર્વે પોતે કરેલા મહાપાપકર્મને તપરૂપી અગ્નિથી બાળી તે આ રૈવતગિરિ મહાતીર્થના અત્યંત પ્રભાવથી આઠમા દિવસે કેવળજ્ઞાન પામે છે. અવસરે આયુષ્ય પૂર્ણ કરી મોક્ષમાં જાય છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ સજ્જન પુરૂષોએ કોની ભક્તિ કરવી જોઈએ ? તેનાથી શું મળે છે ?

પ્ર.૨ ધર્મથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

પ્ર.૩ શ્રીગિરનાર મહાતીર્થ કોને-કોને મોક્ષસુખ અપાવી શકે છે ?

**આ તીર્થનાં પ્રભાવથી મહાપાપી, મહા ખરાબ રોગોવાળા પણ મોક્ષ સુખના સ્વામી બને છે. આ તીર્થમાં કરેલું થોડું પણ દાન મોક્ષ સુખને અપાવે છે. આ રીતે આ તીર્થ ઉપરથી ઘણા ઘોરપાપી, દુષ્ટ આત્માઓ પણ પોતાના અશુભ કર્મોનો નાશ કરી મુક્તિસુખને પામ્યા છે.**



## એક હતો તાપસ.. (વશિષ્ટ મુનિ) ૧૦

ભરતક્ષેત્રની પુણ્યભૂમિ ઉપર આઠમાં વાસુદેવ લક્ષ્મણ પૃથ્વી પર રાજ્ય કરતાં હતા. એક નદીના કિનારે ‘વશિષ્ટ’ નામનો એક તાપસ મુનિ રહેતો. અનેક મિથ્યા તપ કરી કાયાને ખૂબજ કષ્ટ આપતો હતો. તે મંત્ર-તંત્રમાં ખૂબજ હોંશિયાર હોવાથી મિથ્યાત્વી લોકોમાં ખૂબ જ માનનીય હતો.

તે તાપસ પાંદડાથી બનેલી પર્ણ કુટીરમાં રહેતો. કંદમૂળ, ફળનો આહાર અને શુદ્ધ પાણીથી જીવન જીવતો. એકવાર પર્ણ કુટીરના આંગણમાં ઉગેલા ધાન્યને ખાવા એક ગર્ભ ધારણ કરેલી હરણી ત્યાં આવી ચઢી. હિંસક સ્વભાવવાળો વશિષ્ટ મુનિ ધીમા પગલે તે હરણીની પાછળ ગયો. તેના શરીર પર લાકડીથી જોરથી માર માર્યો. હરણીના પેટ ઉપર થયેલા ભયંકર ફટકાના કારણે તેનું પેટ ફાટી ગયું. ફાટી ગયેલા

પેટમાંથી હરણીનું અપૂર્ણ વિકાસવાળુ બચ્ચું બહાર પડ્યું. મારની ભયંકર વેદનાના લીધે હરણી ત્યારે ત્યાં જ મરી ગઈ, સાથે તેનું બચ્ચું પણ મૃત્યુ પામ્યું.

હરણી અને તેના બચ્ચાનાં મૃત્યુના દ્રશ્યને જોઈ હિંસક હૃદયવાળા વશિષ્ટ તાપસના હૃદયમાં દયા અને વાત્સલ્ય ઉત્પન્ન થાય છે. એક તરફ તેને પોતે ખોટું કર્યું છે એનો પશ્ચાતાપ થાય છે ને બીજી તરફ ચારે બાજુ લોકો તેનું હડહડતું અપમાન કરે છે. તે બધે જ અણગમતો બની જાય છે. તેનું મોઢું જોવું પણ કોઈને ગમતું નથી. બાલ અને સ્ત્રીને મારનાર એવા તેને સૌ દ્વેષ દ્રષ્ટિથી જોવે છે. પોતે કરેલા પાપ કર્મનો નાશ કરવા ને પુણ્ય મેળવવા એ પોતાના ગામને છોડી અનેક તીર્થોની યાત્રાએ ચાલી નીકળે છે.

પાપથી ડરતો એવો તે વશિષ્ટ એક તીર્થથી બીજે એકલો જ ફર્યા કરે છે. નદીઓ, દ્રહો, ગિરિઓ, ગામો, વનો અને સમુદ્રતીરોમાં ભમે છે. મહિનાઓ સુધી તીર્થયાત્રા કરતા તેની અડસઠતીર્થની યાત્રા પૂર્ણ થાય છે. પોતાના આત્માને શુદ્ધ થયેલો માની તે ફરીથી પોતાની જૂની પર્ણકુટીરમાં પાછો આવ્યો. સમય જતાં એકવાર ગામોગામ વિહાર કરતાં એક જ્ઞાની જૈન મહાત્મા તેના આશ્રમની નજીકમાં આત્મસાધના માટે કાઉસગ્ગ ધ્યાને સ્થિર રહ્યાં હતા. આજુબાજુના ગામનાં અનેક ભક્તો તે મહાત્માના દર્શન કરવા આવતાં. ત્યાં આવી લોકો તે મહાત્માને વંદન કરી પોતાનો પૂર્વભવ પૂછતાં હતાં. પૂર્વ ભવોનું કથન કરતાં તે મુનિવરની વાતો સાંભળી વશિષ્ટ તાપસ પોતાની શંકા તે મહાત્માને પૂછે છે, "હે ભગવંત ! મારી અડસઠતીર્થની યાત્રાથી મેં કરેલા બધાજ પાપકર્મોની શુદ્ધિ થઈ ગઈ કે નહીં ?"

ત્યારે મહાત્મા કહે છે, "પવિત્ર ક્ષેત્ર અને તપ વગર ખાલી નદી, પર્વત, વન, ગિરિઓમાં ફરવા માત્રથી કર્મનો નાશ થઈ પાપની શુદ્ધિ થતી નથી. મિથ્યા તીર્થમાં ફરવા માત્રથી તો કાયાને કષ્ટ પહોંચે છે. કર્મના નાશને બદલે ઉલટાનું વધુ ખરાબ કર્મો બંધાય છે. જો તારે ખરેખર તારા કર્મોનો નાશ જ કરવો હોય તો મનની શુદ્ધિપૂર્વક ક્ષમા-દયા-



સત્ય-સંતોષ વગેરે ભાવોથી શોભતા શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન કરવાથી તથા શ્રી રૈવતગિરિ મહાતીર્થમાં જઈ તપ-આરાધના કરવાથી તારા પાપોનો નાશ થશે.''

વશિષ્ટ પૂછે છે ''હે ભગવંત ! આપ દયાળુ, જે મહાતીર્થની વાત કરો છો તે ક્યાં આવેલું છે ?'' જ્ઞાની ભગવંત કહે છે ''રૈવતગિરિ મહાતીર્થ એ સોરઠદેશમાં બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ પરમાત્માના પાવન પગલાથી પવિત્ર બનેલું ઉત્તમ તીર્થ છે. પાંચ ઈન્દ્રિયોને કાબુમાં કરી શ્રીઅરિષ્ટનેમિપ્રભુનું શુભભાવે ધ્યાન કરવું તે ઉત્તમ પ્રકારનું તપ છે. જો તારે પાપકર્મોનો નાશ કરી પુણ્યની પ્રાપ્તિ કરવી હોય તો સદ્‌ગતિ આપતા શ્રીરૈવતગિરિ મહાતીર્થની ભક્તિ કર.''

જ્ઞાની ભગવંતના વચનને હૈયામાં ધારણ કરી શ્રીનેમિપ્રભુનું સ્મરણ કરતા આનંદીત હૈયાવાળો વશિષ્ટ તાપસ શ્રીરૈવતાચલ પહોંચે છે. ત્યાં ગિરિને પ્રદક્ષિણા કરીને તે ઉત્તરદિશાના માર્ગથી યાત્રા કરે છે. પ્રભુ નેમિનાથના ધ્યાનમાં



એકાગ્ર બની જાય છે અને પછી સ્નાન કરવા જાય છે. અંબાકુંડમાં જેવો તે સ્નાન કરી બહાર આવે છે તે સમયે જ આકાશમાંથી દિવ્ય અવાજ થાય છે, “હે તાપસમુનિ ! મહાઘોર હત્યાના પાપથી મુક્ત બની તું શુદ્ધ થયો છે. અંબાકુંડના અત્યંત પવિત્ર જલ વડે સ્નાન કરવાથી તથા શુભધ્યાનના પ્રભાવથી તારા અશુભકર્મ ક્ષીણ થયા છે તેથી હવે તું શ્રી નેમિનાથ પ્રભુનું શરણ ગ્રહણ કર !”

વશિષ્ટમુનિ આકાશવાણીના દિવ્યવચનો સાંભળી આશ્ચર્ય પામે છે. ઘણા હર્ષ સાથે તરત જ શ્રીનેમિનાથ ભગવાનના દેરાસરમાં જાય છે. પ્રભુને નમસ્કાર કરે છે. ખૂબ જ ભાવથી સ્તુતિ વગેરે ભક્તિ કરે છે. સમાધિથી ધ્યાન કરતા ને કઠિન તપ કરતા તેને અવધિજ્ઞાન થાય છે. જિનેશ્વર ભગવંતના ધ્યાનમાં એકાકાર થયેલ તે મૃત્યુ પામી ઘણી ઋદ્ધિવાળો દેવ બને છે. તેના હત્યાના દોષો નાશ થવાથી તે અંબાકુંડ હવે વશિષ્ટકુંડના નામે ઓળખાય છે. તેના જલના સ્પર્શથી અનેક દર્દો-પીડાઓ-રોગો ને ખરાબ પાપો પણ નાશ પામે છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ જ્ઞાની ભગવંતે વશિષ્ટ મુનિને ક્યાં જવા કહ્યું ? તે ક્યાં આવેલું છે ?

પ્ર.૨ શેના વગર પાપની શુદ્ધિ થતી નથી ?

પ્ર.૩ વશિષ્ટકુંડનો શું પ્રભાવ છે ?

**જેમ વશિષ્ટ તાપસ પોતાના પાપો ધોવા ગિરનાર આવ્યો, તેમ જો આપણે પણ આપણા દોષોને દૂર કરવા હોય તો શ્રી ગિરનાર મહાતીર્થમાં આવી શ્રીનેમિનાથ પરમાત્માની ભક્તિ કરવી જોઈએ.**

## રંક બન્યો રાજા (અશોકચન્દ્ર) ૧૧

જંબૂદ્વિપના ભરતક્ષેત્રમાં ચંપાપુરી નામની અતિસુંદર નગરી હતી, તે નગરીમાં અશોકચન્દ્ર નામનો ક્ષત્રિય રહેતો હતો. તે અતિગરીબ અને દુઃખી હોવાથી ઘરનો ત્યાગ કરીને એક સ્થાનથી બીજા સ્થાને ભટકી રહ્યો હતો. રખડતાં રખડતાં માર્ગમાં એકવાર એક મુનિ ભગવંતનો ભેટો થયો. મહાત્માના દર્શન થતાંની સાથે જ તેના હૈયામાં અત્યંત અહોભાવ પ્રગટ થયો હતો. નમ્રભાવથી બેહાથ જોડી નમસ્કાર કરીને મહાત્માને પૂછે છે, ‘‘મહાત્મા ! મારા જીવનમાં ગરીબીનો નાશ થાય અને સુખ મળે તેવો કોઈ ઉપાય આપ કૃપા કરી બતાવો.’’ ત્યારે મહાત્મા કહે છે, ‘‘હે વત્સ ! આપણો આત્મા ખૂબ શક્તિશાળી છે. છતાં, પૂર્વજન્મોનાં કરેલા કર્મોના કારણે આપણે સુખ-દુઃખનો અનુભવ કરીયે છીએ. તારા પૂર્વજન્મોનાં કરેલા ખરાબ કર્મોના ફળરૂપે જ તું ગરીબ થયો છે. તું શુભ ભાવથી રૈવતગિરિ મહાતીર્થની સેવા-ભક્તિ કર ! થોડા સમયમાં જ તારા ભવો-ભવના ખરાબ કર્મોનાં ભુક્કા બોલાઈ જશે.’’

મહાત્માની વાણીથી અશોકચંદ્ર અત્યંત આનંદને પામે છે. રૈવતગિરિનું નામ જપતાં રૈવતગિરિની દિશામાં ચાલવા લાગ્યો. ડગલે ને પગલે અશુભ કર્મોનો નાશ કરતાં-કરતાં તે શ્રી રૈવતગિરિ મહાતીર્થની તળેટીમાં આવે છે.

‘‘રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર,
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર...’’
‘‘આ તીર્થ પર જે ભાવથી, અલ્પ પણ ધર્મ કરે,
આ લોકથી પરલોક વળી, પરમલોકને તે વરે,
જે તીર્થની સેવા થકી, ફેરા જન્મોના ટળે,
એ ગિરનાર ને વંદતા, પાપો બધા દૂરે જતાં...’’

મહાતીર્થનાં પ્રભાવને મુનિવરનાં મુખેથી સાંભળીને અશોકચંદ્ર રૈવતગિરિના ઉચ્ચ શિખરે જઈ મનને સ્થિર કરે છે. તપધર્મની અતિ-કઠિન સાધના કરે છે. તેના તપથી શ્રી ગિરનાર મહાતીર્થની અધિષ્ઠાયિકા અંબિકાદેવી પ્રસન્ન થયા, જેના સ્પર્શમાત્રથી લોખંડ પણ સોનું થઈ જાય એવો ‘પારસમણી’ અંબિકાદેવી અશોકચન્દ્રને તેની ગરીબી દૂર કરવા આપે છે. પારસમણીનાં પ્રભાવથી અશોકચન્દ્ર ધનિક બની ગયો. અશોકચન્દ્ર ધનથી ઘણા સૈનિકો, હાથી, ઘોડા વગેરે ખરીદી પોતાનું જોરદાર સૈન્ય બનાવે છે. સૈન્યબળના પ્રતાપે રાજા બને છે. રાજસંપત્તિથી મળેલા ભોગવિલાસના સુખોમાં ચકચૂર બનેલો અશોકચન્દ્ર એકવાર વિચારે ચઢે છે કે ‘શ્રી રૈવતગિરિ મહાતીર્થ તથા શાસનની અધિષ્ઠાયિકા અંબિકાદેવીના પ્રભાવથી આજે મને

આ રાજ્યસુખો મળ્યા છે. મોજમજામાં ડૂબેલો હું તે ઉપકારીનું સ્મરણ પણ કરતો નથી ! ધિક્કાર છે મારી જાતને ! હું કેવો નાપાક છું !''

આમ મનમાં અશોકચન્દ્ર ઘણો પશ્ચાત્તાપ કરે છે. મહાતીર્થની યાદ આવતાં જ પોતાની ધન-સંપત્તિ સાથે ઉત્સાહપૂર્વક સંઘ તથા સ્વજનો સાથે યાત્રાએ નીકળી પડે છે. માર્ગમાં અનેક ગામોમાં સેવાભક્તિ,



અનુકંપા, સ્વામિવાત્સલ્ય, જૂના દેરાસરોને નવા કરવા વગેરે સારા કાર્યો કરતાં-કરતાં પહેલા શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરીને પછી અનંતા તીર્થંકરોની સિદ્ધભૂમિ એવા રૈવતગિરિ મહાતીર્થની યાત્રા કરે છે. ગિરનારગિરિ ચઢી મહાપ્રભાવક એવા ગજપદ વગેરે કુંડના પવિત્ર જલ વડે શ્રી નેમિનાથ પ્રભુનો સ્નાત્ર મહોત્સવ કરી ઘણા ભાવથી ભક્તિ કરે છે. પછી શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીની સુગંધી પુષ્પોથી પૂજા



કરે છે. અશોકચન્દ્ર હવે સંસારથી કંટાળી ગયો હોય છે. તે વિચારે છે કે ‘અરે ! આ રૈવતગિરિ મહાતીર્થના પ્રભાવથી છેલ્લા ૩૦૦ વર્ષ મને અનેક સુખ-વૈભવો મળ્યાં પણ હવે હું ત્રાસી ગયો છું. હવે તો મારે ક્યારે પણ વિનાશ ના થાય એવું મોક્ષનું સુખ જ જોઈએ છે. તે શ્રીનેમિનાથ પરમાત્માનું શરણ લઈ રૈવતગિરિ પર સંયમની સાધનામાં લાગી જાય છે.

અનેક પ્રકારની આરાધના કરી તપરૂપી અગ્નિથી ભવોભવના કર્મનો નાશ કરે છે અને શ્રી રૈવતગિરિરાજની પાવનભૂમિ ઉપર મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

❋

**પ્રશ્ન :-**

પ્ર.૧ ભવોભવના અશુભકર્મોનો નાશ કેવી રીતે થાય ?

પ્ર.૨ અશોકચન્દ્રને પારસમણી કોણ આપે છે ?

પ્ર.૩ શ્રી રૈવતગિરિ મહાતીર્થની ભક્તિ કરવાથી મનુષ્યો શું પામે છે ?

શ્રીરૈવતગિરિ મહાતીર્થની સેવા-ભક્તિ કરવાથી અશોકચન્દ્રની જેમ મનુષ્યો આ જન્મમાં તો અનેક સુખો પામે છે, વળી બીજા ભવમાં પણ સારી ગતિ પામે છે ને છેલ્લે મોક્ષસુખને મેળવે છે. અરે ! પાપીમાં પાપી જીવો પણ આ તીર્થનાં પ્રભાવથી પાપ મુક્ત થાય છે. આ તીર્થનો મહિમા અપરંપાર છે, એટલે જ કહ્યું છે કે,

“આ તીર્થભૂમિએ પક્ષીઓની, છાયા પણ આવી પડે,
ભવભ્રમણ કેરા દુર્ગતિના, બંધનો તેના ટળે,
મહાદુષ્ટને વળી કુષ્ટરોગી, સર્વસુખ ભાજન બને,
એ ગિરનારને વંદતા, પાપો બધા દૂરે જતાં...”

## સૌભાગ્ય મંજરી ૧૨

ભરતક્ષેત્રના દક્ષિણમાં કર્ણાટક નામનો દેશ હતો. ત્યાં અનેક પ્રકારના રાજવૈભવથી સમૃદ્ધ ચક્રપાણી નામનો રાજા હતો. તેને સૌને પ્રિય, અતિસુંદર, અનેક ગુણોથી શોભતી પ્રિયંગુમંજરી નામની પત્ની હતી. સમય પસાર થતાં પ્રિયંગુમંજરી રાણીની કુક્ષીએ એક પુત્રીનો જન્મ થયો. રાજકુંવરીનું ‘સૌભાગ્ય મંજરી’ એવું નામ પાડ્યું. રાજપુત્રીના શરીરના દરેક અવયવો અતિ સુંદર હતા. છતાં કોઈક અશુભકર્મના પ્રભાવે



તેનો ચેહરો બહુ જ ખરાબ હતો, કાળો હતો, તેની બે આંખો વાંદરી જેવી હતી. તેનું શરીર ન જોઈએ અને ખાલી મોઢું જ જોવામાં આવે તો તે વાંદરી જ લાગે. રાજા પણ આના કારણે ઘણો દુઃખી હતો. રાજાએ સૌભાગ્યમંજરીનો ચહેરો સારો થાય તે માટે ઘણા પૂજા-પૂજનો કરાવ્યાં. જ્યોતિષીને બોલાવીને પૂછ્યું. ઘણું દાન આપ્યું પણ રાજપુત્રીનો ચહેરો વાંદરી જેવો જ રહ્યો.

સમય જતાં રાજકુંવરી ચોસઠ કલામાં હોશિંયાર બની. હવે તે ઉંમરલાયક થઈ. એટલે રાજા-રાણીને ભારે ચિંતા થતી હતી. કેમ કે રાજકુંવરીને પરણશે કોણ ? રાજકુમારી પાસે બધું જ હતું પણ ચહેરો સારો નહોતો. માટે કોઇ લગ્ન કરવા તૈયાર થતું નહીં. એકવાર તે રાજદરબારમાં મહારાજાના ખોળામાં બેઠી હતી. ત્યારે કોઈ પરદેશી પુરૂષ રાજસભામાં આવ્યો. તે પુરૂષ મહારાજાની પાસે તીર્થાધિરાજ શ્રીશત્રુંજયગિરિનો મહિમા કહી પુણ્યને વધારનાર ને સંસારને ઘટાડનાર એવા રૈવતગિરિ મહાતીર્થનું વર્ણન કરતા કહે છે કે "મહારાજ ! આ પૃથ્વી પર પુણ્ય આપનાર ને દુઃખ-ગરીબી વગેરેનો નાશ કરનાર શ્રીરૈવતાચલ પર્વત જય પામે છે. આ તીર્થની ભક્તિ કરવાથી આ ભવ કે બીજા ભવોમાં પણ ગરીબીનો ભય રહેતો નથી. આ ગિરિવરના પવિત્ર શિખરો, નદીઓ, ઝરણાઓ, ધાતુઓ તથા વૃક્ષો બધા જ જીવોને સુખ આપનાર છે. શ્રીનેમિનાથ પરમાત્માની સેવા માટે આવીને આનંદ પામેલા દેવતાઓ તો સ્વર્ગમાં મળતા મહાન સુખોને પણ ઘાસ જેવા હલકા માને છે." આ પ્રમાણે રૈવતમહાતીર્થની અનેક વાતો સાંભળી મહારાજાના ખોળામાં બેઠેલી રાજકુમારીને પોતાનો પૂર્વ ભવ યાદ આવતા તે બેભાન થઈ જાય છે.

સૌભાગ્યમંજરી પર શીતળ પાણીનો છંટકાવ કરવાથી તે જાગે છે ને હર્ષથી ભરપૂર એવી તે પોતાના પિતાને જણાવે છે કે, "પિતાજી ! આજનો દિવસ મારા માટે ખૂબ જ મંગલ છે. તેનું કારણ આપ ધ્યાનથી સાંભળો ! ગયા ભવમાં આ પરદેશીએ વર્ણન કરેલા રૈવતાચલ ઉપર હું વાંદરી હતી. હું સ્વભાવથી ખૂબ જ તોફાની હતી. જ્યાં ત્યાં અડપલા કર્યા કરતી. ઘડીકમાં કૂદાકૂદા કરતી તો ઘડીકમાં ડાળીઓ ઉપર લટકાયને ડાળીઓ તોડી નાંખતી. તો ક્યારેક રસ્તે જતાં યાત્રિકોના હાથમાંથી ખાવા-પીવાનું ઝૂંટવી લેતી. તે ગિરિશિખરોની પશ્ચિમ દિશામાં અમલકીર્તિ નામની એક નદી છે. વિવિધ પ્રકારના વિશિષ્ટ પ્રભાવવાળા અનેક દ્રવ્યોથી ભરેલી એવી એ નદી શ્રી નેમિનાથ પરમાત્માની કૃપાદૃષ્ટિથી પવિત્ર બનેલી શોભી રહી છે. એક વખત આદત મુજબ કુદાકુદ કરતી હું તે નદીની નજીક આવી. પરંતુ નસીબે અહીંથી તહીં કુદાકુદ કરતા આંબાના વૃક્ષની ગાઢ ડાળીઓમાં એવી રીતે ફસાઈ ગઈ કે મારી આખી ગરદન કપાઈ ગઈ અને હું ત્યાં જ મરી ગઈ.

આ રૈવતગિરિ મહાતીર્થમાં વસવાના પ્રભાવથી ત્યાંથી મરીને હું તિર્યંચભવનો ત્યાગ કરી સીધી તમારી પુત્રી તરીકે અહીં જન્મ પામી છું. અતિ સુંદર શરીર હોવા છતાં મને વાનરીનું મુખ મળવાનું કારણ

સાંભળો ! તે આંબાના વૃક્ષની ગાઢ ડાળીઓમાં ફસાયેલું મારૂં શરીર ધીમે ધીમે ડાળી ઝૂકવાથી અમલકીર્તિ નદીમાં પડ્યું. તેથી મારૂં શરીર અતિસુંદર રૂપવાળું થયું. પરંતુ મારૂં મુખ ઝાડીઓમાં ફસાયેલું જ રહેવાથી નદીના જલનો સ્પર્શ ના થઈ શક્યો તેથી હજુ સુધી મારૂ મુખ વાનરી જેવું જ રહ્યું છે. હે પિતાજી ! હવે આપ જલ્દીથી બચી ગયેલા તે વાંદરીના મસ્તકને નદીના પાવન જલમાં પાડી દ્યો. જેથી મારૂં મુખ પણ પરી જેવું સુંદર બની જશે. આ પરદેશી પુરૂષે કહેલા મહાતીર્થના માહાત્મ્યને સાંભળી મને મારા પૂર્વભવનું જે જ્ઞાન થયું તે જાતિસ્મરણ જ્ઞાનથી મેં આ કીધું છે !''

રાજકુમારીના આવા વચનો સાંભળી સૌ ઘણા આશ્ચર્ય પામ્યા. રાજા ચક્રપાણીએ તો ફટાફટ સેવકોને ગિરનાર પર્વત ઉપર મોકલ્યા અને ત્યાં જઈને સેવકોએ વાંદરીના સુકાઈ ગયેલા હાડપિંજર બનેલ મોઢાને પાણીમાં નાંખ્યું. જેવું વાંદરીનું મોઢું નદીમાં નીચે પડ્યું તે સાથે જ રાજકુમારીનોઆખો ચહેરો બદલાઈ ગયો. તે કોઈ આકાશમાં ઉડતી પરી જેવી સુંદર દેખાવા લાગી. રાજા તો આવા પ્રકારના આશ્ચર્યથી ગાંડો ઘેલો થઈ



ગયો અને તીર્થનો મહિમા જોઈ ખુશ થઈ ઉઠ્યો. કોઈક જ એવા અજ્ઞાની પુરૂષો હોય છે કે જે આવા પ્રસંગો ઉપર વિશ્વાસ ન કરી શકતાં હોય ! કારણ કે મંત્ર, દવાઓ, મણિ અને તીર્થનો મહિમા અદ્ભુત હોય છે. સમજુ લોકોને જ તેમાં શ્રદ્ધા થાય.

હવે તો રાજકુમારી અપ્સરા જેવી દેખાવા લાગી એટલે ઘણા-ઘણા રાજકુમારો તેની સાથે લગ્ન કરવા માટે તૈયાર થયા. પણ રાજકુમારીએ બધાને 'ના' પાડી દીધી અને કહી દીધું : ''હવે હું લગ્ન કરવાની નથી. કારણ કે હવે હું ગિરનાર તીર્થની યાત્રા કરીશ અને કાયમ માટે ત્યાં જ રહીશ. કેમકે ગિરનાર તીર્થને ફક્ત યાદ કરવાથી જ મારો ચહેરો વાંદરીમાંથી પરી જેવો બની ગયો છે તો એ ગિરનારનો પ્રભાવ કેવો હશે ?'' તેવું જણાવી રાજકુમારી સાધના કરવા માટે રૈવતગિરિ મહાતીર્થમાં રહેવા આવે છે. રોજ શ્રીનેમિનાથ ભગવાનનો જાપ-પૂજા-ધ્યાન કરવા લાગી. રૈવતાચલની પાવન છાયામાં રહી શીતળતાનો અનુભવ કરે છે. તે ઘણા કઠિન તપથી પોતાના અનેક જન્મોના કર્મોનો નાશ કરે છે. આમ આરાધના કરતાં-કરતાં તે મરણ પામી. અધિષ્ઠાયકદેવી બની છે. તે મહાદેવી શ્રીસંઘના ઘણા વિઘ્નનો નાશ કરે છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ શ્રીનેમિનાથ પરમાત્માની ભક્તિ કરતા દેવો પોતાના સુખને કેવું માને છે ?

પ્ર.૨ ગિરિશિખરની પશ્ચિમ દિશામાં કઈ નદી છે ? તે કેવી છે ?

પ્ર.૩ કોનો પ્રભાવ અદ્ભુત હોય છે ?

**શ્રી ગિરનાર તીર્થનું ધ્યાન કરવાથી જો તિર્યંચમાંથી મનુષ્ય બનાતું હોય તો આ ગિરનાર તીર્થનો પ્રભાવ કેટલો જોરદાર હશે ? આવા પ્રભાવશાળી ગિરનાર તીર્થને રોજ ભાવથી વંદન કરીયે.**

**"રૈવતગિરિ સમરૂં સદા સોરઠ દેશ મોઝાર,**
**માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર...."**

# જીવતા ને જાગતા દેવ ૧૩

ભારત દેશની ધન્ય ધરતી ઉપર એ વખતે મોગલો રાજ્ય કરતાં હતા. જૈન ધર્મના દ્વેષવાળા અનેક મોગલ બાદશાહઓએ શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનને ઘણું જ નુકશાન કરેલું હતું. કેટલાય બાદશાહઓએ જિનાલયો અને જિનપ્રતિમાઓને તોડી નાંખ્યાં હતાં. બીજી તરફ અનેક મોગલ બાદશાહ શ્રીજિનેશ્વર પરમાત્માના સિદ્ધાંતો અને સાધુભગવંતોના જીવનને જોઈ ખૂબ જ પ્રભાવિત થયાના પ્રસંગો પણ ઈતિહાસમાં વાંચવા મળે છે.



જિનધર્મના શ્રેષ્ઠ આચાર્ય શ્રી જિનપ્રભસૂરિજી પ્રભુના શાસનને શોભાવી રહ્યાં હતા. આચાર્ય ભગવંત ભવિલોકોને ધર્મ અને કર્મની વાતો પોતાની મધુરી વાણીથી સમજાવતાં હતા. સૂરિજીની મીઠી વાણીથી બાદશાહ 'સુરત્રાણ' ખૂબ જ પ્રભાવિત બન્યાં. બાદશાહને સૂરિજી ઉપર ઘણું બહુમાન હતું. અવસરે અવસરે સૂરિવર અને બાદશાહ વચ્ચે ધર્મની સુંદર વાતો ચાલતી હતી. એકવાર અચાનક બાદશાહ સૂરિવરને પૂછે છે, ''ગુરુવર ! આપના મુખેથી અનેકવાર ગિરનાર ગિરિવરના વખાણ સાંભળ્યા છે તો શું ખરેખર ! આ ગિરનાર ગિરિવરનો કોઈ પ્રભાવ છે ?''

બાદશાહની શંકાનું સમાધાન કરતાં સૂરિવર કહે છે, ''હા, બાદશાહ ! ગિરનાર તીર્થની મહિમાની વાતો જ અનોખી છે. અરે ! માત્ર જૈનધર્મ જ નહિ, પણ અન્ય ધર્મો પણ ગિરનારને એક પવિત્ર તીર્થ માને છે. તે ભૂમિનું સૌંદર્ય પણ ખૂબ જ સુંદર છે. ત્યાં અમારા બાવીસમાં તીર્થંકર શ્રી નેમનાથ ભગવાનનું વિશાળ જૈનમંદિર છે. એમના દીક્ષા-કેવળજ્ઞાન, અને મોક્ષ એમ ત્રણ ત્રણ મહાન કલ્યાણકોથી એ ધરતી ધન્ય બની છે.'' બાદશાહ કહે, ''તમારા આ પથ્થરના પ્રતિમાનો અને મંદિરોનો કોઈ પ્રભાવ જોવા મળે ખરો ?'' સૂરિજી કહે ''પ્રભાવ ? પ્રભાવ તો એવો છે કે એના દર્શન માત્રથી હૈયું શીતળતા અનુભવે. કોઈ અસ્ત્ર કે શસ્ત્રો પણ આ પ્રતિમાની એક કાંકરીય ન તોડી શકે. કશાથી પણ આ પ્રતિમાને નુકશાન કરીએ તો આ પ્રતિમા તૂટતી નથી, અગ્નિમાં બળતી નથી. ખૂબ જ મજબુત એવી વજ્રમયી આ પ્રતિમાની રક્ષા દેવો કરે છે !'' ''એમ ! આટલો બધો મહિમા ?'' બાદશાહે આશ્ચર્યથી પૂછ્યું ને એ મનમાં બબડ્યો : આ બધી તો કલ્પનાની કથાઓ છે ! પત્થરથી બનેલી પ્રતિમાની શું તાકાત કે લોખંડના માર સામે ટકી શકે ? અસંભવ, સાવ જ ખોટી વાત ! પ્રતિમાની પરીક્ષા કરવી જ જોઈએ.

સમય જતાં એકવાર શ્રી જિનપ્રભસૂરિજીની સાથે બાદશાહ સુરત્રાણ રાજવૈભવ સાથે શ્રીગિરનાર મહાતીર્થની યાત્રા કરવા જાય છે. સૂરિજીના મનમાં શ્રદ્ધા હતી. બાદશાહના મનમાં શંકા હતી. જોતજોતામાં ગિરનારની નજીક પહોંચ્યા. વાદળથી વાતોં કરતાં શિખરોને જોઈ બાદશાહનું મન ખૂબ ખુશ થઈ ગયું. ચારે બાજુ જાણે લીલી ચાદર પાથરી હોય તેવી વનની હરિયાળીએ બાદશાહનું મન જીતી લીધું. પ્રકૃતિને જોતા-જોતા સુરત્રાણ ભગવાન નેમનાથના મંદિરમાં આવ્યો. પ્રતિમાને જોતા જ બાદશાહનો બધોજ થાક ઉતરી ગયો. શ્રીનેમનાથ પ્રભુની શ્યામ પ્રતિમાને જોતાં જ બાદશાહ ઠંડો પડી ગયો. શું આ પ્રતિમા છે ? કે સાક્ષાત્ ભગવાન ? એને થયું, આની તો કાંઈ પરીક્ષા થાય ? આજુબાજુનું વાતાવરણ જાણે તેને કહી રહ્યું હતું કે પરીક્ષા કરવાનું માંડી વાળ ! આ મૂર્તિ જ નહિ, પરંતુ આ મંદિરની તો ઈંટ-ઈંટ પણ દેવોના વાસથી સુરક્ષિત છે ! પણ એની બુદ્ધિ એને પરીક્ષા લેવા માટે આગ્રહ કરતી હતી. અંતે તેણે બહુ વિચારી પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

શ્રીજિનપ્રભસૂરિજી પરમાત્મા ધ્યાનમાં એકાગ્ર થઈને બેઠા. તે જ સમયે બાદશાહે પ્રતિમા ઉપર એક પછી એક શસ્ત્ર ફેંકવાનું ચાલુ કર્યું. ખ..ણ..ણ. ! ખ...ણ...ણ ! ખણ.... ણ ! સુરત્રાણે ભગવાન નેમિનાથની એ પ્રતિમા પર ત્રણ ત્રણ ઘાત કર્યા છતાં એની એક કાંકરી પણ ન (તૂટી) ખરી. પોતાની હાર થતાં બાદશાહ ગુસ્સે ભરાઈ ગયો. એણે પાછો એક પ્રહાર જોરથી ફટકાર્યો ! પણ ! અરે ! આ શું ! એની આંખો ચકળ-વિકળ થવા લાગી. શસ્ત્રના અથડાવાથી તે જિનબિંબમાંથી અગ્નિના તણખા ઉડવા લાગ્યાં ! જાણે વીજળીના જ ટુકડાઓ ન હોય ! અગ્નિના કણોના તેજથી બાદશાહના હોશ ઉડી ગયા. તે ડરી ગયો. એને થયું : આ ચિનગારી મારા શરીરને બાળશે તો નહિ ને ! તેવા ભયથી તેણે પોતાના શસ્ત્રો જમીન પર ફેંકી દીધા.

બાદશાહ ડરીને આચાર્ય ભગવંતના ચરણોમાં ઝૂકી ગયો. સૂરિજીએ પોતાનું ધ્યાન પૂર્ણ કર્યું. તે દશ્ય જોઈ તેઓ ખૂબ હર્ષ પામ્યા ને બાદશાહના મસ્તક ઉપર હાથ મૂક્યો. તેને સાચું જ્ઞાન આપે છે. પછી ડરેલું બાળક જેમ માતાનો ખોળો પકડે તેમ તરત બાદશાહ દોડીને પ્રભુ નેમના ખોળામાં મસ્તક નમાવે છે. નાના બાળકની જેમ રડવા લાગે છે ને પોતાની ભૂલની માટે માફી માંગે છે.

"હે ખુદા ! મારા કસુરને માફી બક્ષજો ! મેં આપના પ્રભાવ પર શંકા કરી ! મને માફ કરજો !" થોડીવાર પછી બાદશાહ સ્વસ્થ થયો. પોતાનું શરીર એને હવે હળવુ-ફૂલ લાગતું હતું. પ્રભુના ચરણે સોનું ધરી બાદશાહે વિદાય લીધી.

બાદશાહ પરમાત્માની પ્રતિમાના પ્રભાવનો અનુભવ કરે છે, તે જ રાત્રે તેમના મુસલમાન ધર્મને માનનારા સાથીદારો ઉશ્કેરાયા. બાદશાહે અનુભવેલા પ્રભાવને ખોટો પાડવા એક નવી યોજના બનાવે છે.

તેઓએ ગિરનારના દેરાસરોમાં જેટલી શ્યામ વર્ણની પ્રતિમાઓ હતી, તે બધી ભેગી કરી એક જગ્યાએ પૂરી દીધી. ત્યારબાદ જૈનશ્રાવકોને જણાવે છે કે, "જો આ બધાં કાળીયા ભૂતો રાત્રે કોઈ ચમત્કાર બતાવશે, તો જ અમે આ પ્રતિમાઓ તમને પાછી આપશું. નહિ તો સવારે બધાની વચ્ચે પ્રતિમાઓના ચૂરેચૂરા કરી નાંખશું."



આખો શ્રાવકવર્ગ ચિંતાતુર બની ગયો. રાત પડી ! મધરાત પડી ! ને સવાર પણ પડી ! મુસલમાન લોકોના આનંદનો પાર ન હતો, કારણ કે એક પણ મૂર્તિએ પરચો બતાવ્યો ન હતો. પોતાનો જય થતાં તે લોકોએ શ્રાવકવર્ગને કહ્યું, "આ તમારા પથ્થરના પૂતળા આખી રાત પથ્થરની જેમ સ્થિર જ રહ્યાં હતા. નથી તો

એમના મુખમાંથી એક શબ્દ નીકળ્યો કે નથી તો તેમાં અમે કોઇ હલચલ જોઈ ! હવે તો આ પ્રતિમાઓનો ભુક્કો કરવો એ અમારા હાથની વાત છે !''

શ્રાવકોમાં ભય અને શોક ફેલાઈ ગયો. હવે શું થશે ? શ્રાવકો તો સીધા સૂરિજી પાસે ગયા. ત્યાં જઈ વિનંતી કરવા લાગ્યા, ''હવે તો આપજ અમારા આધાર છો ! ગુરુદેવ ! ગમે તેમ કરી આ પ્રતિમાના ચૂરેચૂરા થતાં અટકાવો !'' સૂરિવર આ ઘટનાને જાણી ગંભીર બન્યા. તરત જ બાદશાહને બધી વાત કરી. બાદશાહને આ વાતની જાણ ન હતી. પરંતુ આ હકીકત જાણી તેને પોતાને ગઈ રાત્રે આવેલા સ્વપ્નની ખૂટતી વાત જોડાતી હોય તેવું લાગ્યું. સૈનિકોને તે અનાર્ય લોકોને પોતાની પાસે લાવવા માટે હુકમ કર્યો.

બાદશાહનો હુકમ સાંભળી તે મુસલમાન લોકો આવ્યાં. રાત્રિ દરમ્યાન બનેલી વાત બાદશાહને જણાવી. તેઓ બાદશાહને કહેવા લાગ્યા, ''આ મૂર્તિ વગેરેના પ્રભાવની વાત તો સાવ બકવાશ છે. મહારાજા ! ગઈ કાલે આપ તો ઉલ્લું બની ગયા છો ! આ કાળા ભૂતડાં તો આખી રાત મુંગા જ રહ્યાં હતા !'' આ સાંભળી બાદશાહ અત્યંત ગંભીર થઈને કહે છે, ''આ પ્રભાવ વગેરેનો અનુભવ તો નશીબમાં હોય તો જ થાય ! અરે ! આજે રાત્રે મને સ્વપ્નમાં...'' ''શું આપને ખ્વાબમાં કાંઈ પરચો મળ્યો ?'' તે અનાર્યોએ પૂછ્યું. બાદશાહ કહે છે, ''હા ! આજે રાત્રે, આ બધા જ ભૂતડાંઓએ મને ભયંકર ચેતવણી આપીને કહ્યું કે જો તમારા ધર્મને માનનાર ઝનૂનીઓ જિનપ્રતિમાને થોડું પણ નુકશાન કરશે તો તમે તમારા ખુદાને યાદ કરી લેજો પછી મૃત્યુ પછી ઝહનમમાં તમારો ખુદા તમને મળશે નહિ''

બાદશાહની આ ગંભીર વાતો સાંભળીને અનાર્યો ડરી ગયા, તેમના હોંશ ઉડી ગયા. ''અત્યાર સુધી તો મને ખ્વાબમાં ભૂતડાઓની આ વાત સમજાતી ન હતી, શું મૂર્તિઓ ને શું ખંડન ! પણ અત્યારે આ બધું જાણ્યું.'' બાદશાહની આંખ ક્રોધથી લાલ થઈ ગઈ. આ પ્રમાણે બાદશાહે કહેતા સૌ અનાર્યો ભયથી ધ્રુજવા લાગ્યા. બાદશાહ તેમને કહે છે, ''આ જિનપ્રતિમાના પ્રભાવની વાતને બકવાશ કહેનારા તમે કોણ ? આ ખુદા તો જીવતા જાગતા દેવ છે. આવા ખુદાની પ્રતિમાનો નાશ કરવાનો અધિકાર તમને કોણે આપ્યો ? જાવ ! તમને સહુને ફાંસીએ લટકાવવાનો હુકમ દેવામાં આવે છે ! સિપાઈઓ લઈ જાવ આ બદમાશોને.''



બાદશાહે ગુસ્સામાં હાથ પછાડ્યા. એમનો ક્રોધ ખૂબ વધી ગયો હતો તે બધાને ફાંસીની આજ્ઞા કર્યા છતાં હજી તેમનું મન

શાંત થયું ન હતું ! સૌ તેમના આ નિર્ણયને સાંભળી ધ્રુજી ગયા. સૌના હૈયામાં કરૂણાનો ભાવ આવ્યો. નગરજનો તથા શ્રાવકો બાદશાહને તેઓને સજા ન કરવા વિનંતી કરે છે. પરંતુ બાદશાહ એકના બે ન થયા. અંતે શ્રાવકો સૂરિજી પાસે જઈને પેલા લોકોને બચાવવા માટે કહે છે.

# क्षमा वीरस्य भूषणम्



અહિંસાના સંદેશને વિશ્વમાં પહોંચાડનારા જિનશાસનના આ સૂરિજી આ જીવોની આવી હિંસા તો કેવી રીતે સહી શકે ? તેઓ તરત જ બાદશાહ પાસે પહોંચ્યા બાદશાહને સમજાવ્યા કે જિનશાસનના પાયામાં જીવદયા છે. અરે ! નાનામાં નાના જીવોની પણ જ્યારે ચિંતા કરવાની હોય ત્યાં આવા જીવતા જાગતા માનવોને ફાંસી તો કેવી રીતે અપાય ? આ પ્રભુ મહાવીરનું શાસન છે અને અપરાધીને સજા કરવા કરતાં તેને ક્ષમા આપવી તે શૂરવીરતાની નિશાની છે. ''क्षमा वीरस्य भूषणम्''

મહારાજાએ સૂરિજીના વચનને માની પેલા અનાર્યોને કેદમાંથી મુક્ત કર્યા. ત્યારે ''જૈનં જયતિ શાસનમ્''ના નાદથી આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું.

**પ્રશ્ન :-**

પ્ર.૧ અનેક મોગલ બાદશાહ શું જોઈ જૈનધર્મથી પ્રભાવિત થયા છે ?

પ્ર.૨ બાદશાહ સુરત્રાણે પોતાના પાપ પર પશ્ચાતાપ કેવી રીતે કર્યો ?

પ્ર.૩ બાદશાહ સુરત્રાણને સ્વપ્નમાં શું અનુભવ થયો ?

ભગવાનની પ્રતિમા એ કાંઈ પથ્થરનો ટૂકડો નથી, પણ જાણે સાક્ષાત્ ભગવાન જ છે તે રીતે જ પ્રભુની પ્રતિમાની ભક્તિ કરવી જોઈએ. ભગવાનના પ્રભાવે જ દુ:ખ, દારિદ્ર, દુર્ભાગ્ય વગેરે બધું દૂર થાય. પ્રભુજીની પ્રતિમાજીના આલંબને તો અનંતા આત્માનું કલ્યાણ થયું છે, થાય છે અને થવાનું છે. તેથી પ્રભુના પ્રભાવમાં ક્યારેય શંકા ન કરવી.

# બુદ્ધિના બેતાજ બાદશાહ (વસ્તુપાળ) ૧૪

ગૌરવવંતા ગુજરાત દેશના ધોળકા સ્ટેટમાં રાજા 'વીરધવળ' રાજ્ય કરતાં હતા. સ્વભાવમાં શાંત, કાર્યમાં હોંશિયાર, રાજનીતિમાં બુદ્ધિમાન એવા વસ્તુપાળ અને તેજપાળ તે વખતે ગુજરાતના મહામંત્રી તથા સેનાધિપતિ હતા. વસ્તુપાળ અને તેજપાળને દરેકે-દરેક વ્યક્તિ જાણે. એક પ્રશ્ન પૂછવામાં આવે કે



દેલવાડાના મંદિરો-દેરાસરો કોણે બંધાવ્યા ? તો આપણે તરત જ બોલી ઉઠશું : 'વસ્તુપાળ અને તેજપાળે.' એટલે વસ્તુપાળ અને તેજપાળ આખા'ય જૈન જગતમાં અત્યંત પ્રસિદ્ધ છે.

બન્ને બંધુઓ પોતાના શૌર્ય અને અતિ તીક્ષ્ણ બુદ્ધિથી રાજા અને પ્રજાના હૈયામાં વસી ગયા હતા. મોટા-મોટા શહેરોમાંય એમનું નામ અને નાના-નાના ગામડામાંય એમનું નામ. રાજ્યના કારભાર કરવાની સાથે-સાથે જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પણ તે બન્ને પુણ્યશાળી ભાઈઓ પાલન કરતા. પાંચમ, આઠમ, ચૌદસના તપ સાથે સામાયિક, પ્રતિક્રમણ, પરમાત્મા ભક્તિ, સાધર્મિક ભક્તિ, અનુકંપાદાન વગેરે ધર્મકાર્યો પણ ખૂબ ઉલ્લાસ અને આનંદથી કરતા.

એક વખતની વાત છે. ઘણા બધા આચાર્ય ભગવંતોની નિશ્રામાં મહામંત્રી વસ્તુપાળે અનંતા તીર્થંકરોના કલ્યાણકોથી પાવન થયેલા શ્રી ગિરનાર મહાતીર્થનો સંઘ કઢાવ્યો. ખૂબ મજાથી અને ખૂબ ઉત્સાહથી યાત્રિકો આ સંઘયાત્રામાં જોડાયા. બસો-પાંચસો યાત્રિકો નહીં પણ હજારો યાત્રિકો આ સંઘમાં જોડાયા. પગપાળે જવાનું ને એકાસણું કરવાનું ને વ્યાખ્યાન સાંભળવાનું. રોજ સવારે ઉગતા સૂરજને જોવાનો, હજારો ઊંટગાડા, બળદગાડા, હાથી અને પ્રભુજીના રથને જોવાનો લ્હાવો લેવાનો... સાથે સાથે કુદરતી દ્રશ્યો પણ જોવાનાં. ક્યારેક જંગલમાં ડર લાગે તેવા રસ્તાઓમાંથી આ સંઘ નીકળે તો ક્યારેક ખાડા, ટેકરા, પથ્થરવાળા રસ્તા ઉપરથી આ સંઘ પસાર થાય. શ્રી નેમપ્રભુનું સ્મરણ કરતા ને શ્રીગિરનારની ધૂન સાથે યાત્રીઓ આગળ વધતા ચાલ્યા. કેટલાય દિવસો પછી શ્રીસંઘ શ્રીગિરનાર મહાતીર્થની તળેટીએ પહોંચ્યો.

બીજી બાજું ગામોગામથી ઘણો આકરો વિહાર કરી બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ પ્રભુને ભેટવા મુનિ ભગવંતો ગિરનાર ગિરિવરની તળેટીએ આવ્યા. અનંતા તીર્થંકરોના કલ્યાણકોની ભૂમિની સ્પર્શના કરવા તેઓ ગિરનાર પધાર્યા હતાં. ગિરનારની તળેટીએ પહોંચતા તેમના હૈયામાં હર્ષનો કોઈ પાર ન હતો. મુનિઓના મનમાં ગિરનારનાં ગીત ચાલતાં હતાં. કેટલાંય દિવસો પછી શ્રી નેમિનાથ પ્રભુના દર્શનની ઈચ્છા આજે પૂર્ણ થવાની હતી. એઓ તો કોઈ અજબ મસ્તી સાથે આગળ વધી રહ્યાં હતા પણ તેમની એ મસ્તી લાંબી ન ટકી !

જ્યાં મુનિ ભગવંતોએ ચઢવાનું ચાલુ કર્યું ત્યાં જ એમને રોકવામાં આવ્યા. મુનિ ભગવંતોને આશ્ચર્ય થયું, ''અમે ભગવાનને ભેટવા જઈએ છીએ, ત્યારે એમાં રૂકાવટ શાની ?'' ત્યારે એક માણસે તેમને કહ્યું, ''કેમ ! જાણતા નથી ? કે આ ગિરનાર ઉપર ચઢવું હોય તો પહેલાં મૂંડકવેરો (કર) ભરવો પડશે નહીં તો


કુહાડી
ગામ



આગળ નહીં જવા દઈએ.'' મુનિ ભગવંતોએ કહ્યું, ''અરે ભાઈ ! પ્રભુ પાસે જવાના શું પૈસા ભરવાના હોય ? અમે તો પૈસા-ઘર વગેરે બધું જ ત્યાગી દીધું છે, અમારી પાસે પૈસા ક્યાંથી હોય ?'' પેલા માણસે કહ્યું ''મહારાજ ! આડીઅવળી વાતો ન કરો ! યાત્રા એમ કંઈ મફતમાં થાય ? કિંમત ચૂકવીને મેળવેલી વસ્તુનું મહત્ત્વ વધારે હોય છે. પહેલા મૂંડકવેરાની રકમ આપી દો, પછી જ આગળ વધવા મળશે.'' તે કાળે, દરેક યાત્રી પાસેથી પાંચ દ્રમ્મનો મૂંડકવેરો લેવાતો હતો. આ કર ચૂકવ્યા વિના કોઈ આગળ વધી શકતું નહોતું.

મહાત્માઓએ કહ્યું, ''શું આટલે દૂરથી અમે પગપાળા ચાલીને આવ્યા છીએ, એ ઓછું મૂલ્ય છે ?'' પણ પેલો માણસ કેમે કરી માને તેવું લાગતું ન હતું. તેઓ વિચારે છે, આ પણ કેવી વિચિત્રતા ! પોતાના પ્રભુને ભેટવામાંય આવી રૂકાવટ ? આ તો હરગીઝ ચાલે તેમ નથી ! એ દિવસે મુનિ ભગવંતો પાછા ફર્યા પણ એમના અંતરમાં તો એક વિચાર ઉભો થઈ ગયો હતો કે, ગમે તે રીતે આ મૂંડકવેરો હટાવવો !

મુનિવરો હારે તેવા ન હતા. બીજા દિવસે ફરી યાત્રા માટે ગયા. આજે પણ ગઈકાલની જેમ તેઓને અટકાવવામાં આવ્યા. ''મૂંડકવેરા વિના યાત્રા નહીં'' આ શબ્દો ફરી તેમને સાંભળવા પડ્યા. મુનિવરો પોતાના ઉપાશ્રય તરફ ચાલી નીકળ્યા. પાછા ફરતાં એમણે સાંભળ્યું કે, ગુજરાતનું ગૌરવ એવા મહામંત્રી શ્રી વસ્તુપાળ સંઘ સાથે આવતી કાલે અહીં આવવાના છે. મુનિઓને પોતાની આશા પૂરી થશે એવું લાગવા માંડ્યું. એમને થયું : આ મૂંડકવેરાને મહામંત્રીશ્વર જરૂર હટાવી શકશે !

ત્રીજા દિવસે મહામંત્રી વસ્તુપાળ પોતાના સંઘસહિત શ્રી ગિરનાર તીર્થની તળેટીમાં આવી પહોંચ્યા. મહામંત્રી શ્રી વસ્તુપાળને આ મૂંડકવેરાની વાત ખબર હતી. પરિસ્થિતિ જોઈ તેઓને લાગ્યું કે આ મામલો બળથી નહીં પણ બુદ્ધિથી પાર પાડવો પડશે. તે જ સમયે પેલા મહાત્માઓ પણ ગિરિવર ચઢવા આગળ વધી રહ્યાં હતાં. આ મુનિ ભગવંતોને મંત્રીશ્વરે થોડો સમય રોકાઈને સંઘ સાથે જ યાત્રા કરવા વિનંતી કરી. મૂંડકવેરાની વર્તમાન પરિસ્થિતિ પણ જણાવી.

મહાત્માઓએ પ્રભુના મિલનમાં અડચણ પાડનાર આ મૂંડકવેરાને કોઈપણ રીતે દૂર કરવા માટે પ્રયત્ન કરનાર મંત્રીશ્વરને મળ્યા તેઓએ કહ્યું, ''મંત્રીશ્વર ! તમારા જેવા બુદ્ધિશાળી હયાત હોય ત્યારે ભક્તોને પરમાત્માના દર્શન-પૂજન, તીર્થની સ્પર્શના કરવા માટે પૈસા ચૂકવવા પડે ? આ કેવી શરમજનક વાત છે ! આજે તો આપ અમને આ સંઘ સાથે યાત્રા કરાવી દેશો પરંતુ અન્ય ભક્તોનું શું ? ભવિષ્યમાં આ મહાતીર્થને દૂર-દૂરથી ભેટવા આવનાર મહાત્માઓનું શું ? પહેલા યાત્રિકોના અવાજથી (કલરવથી) ગુંજતો ગિરનાર, આજે કેવો સૂનો-સૂનો લાગે છે ?'' મુનિઓએ પૂરા જોશ સાથે કહેલા વાક્યોએ મંત્રીશ્વરના મનમાં મૂંડકવેરો હટાવવા માટેની ઈચ્છાને મજબૂત કરી.

મંત્રીશ્વરે કહ્યું, ''મહાત્મા ! આપની વાત તો સાચી છે ! ઘણા પ્રયત્નો કર્યા પણ આજેય મૂંડકવેરો તો ચાલુ જ છે !''

ત્યારે મહાત્માઓએ કહ્યું, ''મંત્રીશ્વર ! અમે બે-બે દિવસથી રોજ યાત્રા કરવા માટે જઈએ છીએ, પણ હજી અમારા લાંબા-પ્રવાસની સફળતા અમને મળી નથી. અમે નક્કી કર્યું છે કે, આ મૂંડકવેરો તો હટાવવો જ ! તમારા જેવા શાસન પ્રત્યે રાગવાળા વીરપુરૂષ જો અમને સાથ આપે, તો આ મૂંડકવેરો બંધ થાય એમ છે !''

મંત્રીશ્વરે કહ્યું, ''મારો સાથ ? મહાત્મા ! આપ આજ્ઞા આપો આ સેવક તૈયાર છે ! પ્રભુના શાસન માટે કાંઈ પણ કરવા માટે અમે તૈયાર છીએ ! તે મારા જીવનની સુવર્ણ પળ બની રહેશે !'' મહાત્માઓ અને મંત્રીશ્વરે ઉપાય માટેની ચર્ચા-વિચારણા કરી.

ત્યાર પછી મુનિવરોએ ગિરિવર પર ચઢવા માટે પગથિયા ઉપર પગ માંડ્યા. ત્યાંજ પાછળથી અટકી જવા માટેનો આદેશ થયો. મુનિવરો તો દ્રઢ મનોબળ સાથે ધીમી ગતિથી આગળ વધી રહ્યા હતા. ત્યારે ફરી રાડ પાડી, ''સાંભળો છો કે બહેરાં છો ? રોજ-રોજ આમ મફત હાલ્યા આવો છો ! કંઈ શરમ છે કે નહીં ? કેટલી વાર કીધું કે મૂંડકવેરાના પાંચ દ્રમ્મ ન ભરાય ત્યાં સુધી એક પણ પગથિયું ચઢવાનું નથી !''

એ અવાજમાં ક્રોધ હતો, સાથે સાથે ઉશ્કેરાટ પણ હતો. મુનિવરો પણ જરા ગુસ્સામાં આવ્યા, ''અમારા દેવાધિદેવનાં દર્શન માટે વળી મૂલ્ય શેનું ચૂકવવાનું હોય ? દાદાનો દરબાર તો દરેક માટે હમેશાં ખુલ્લો જ હોય ! અને અમે તો સાધુ છીએ, અમારી પાસે ક્યાં સંપત્તિ છે ? જુઓ, આ માથે વાળ પણ નથી, અમે તો મૂંડ છીએ ! વાળ હતા, તે પણ અમે ત્યાગી દીધા. હવે તમને અમે શું આપીએ ? અમારા જેવા મૂંડાને વળી મૂંડકવેરો શાનો ભરવાનો ?''

મુનિવરોના જોશ-જુસ્સાને જોઇને પેલા માણસો પણ જેમ-તેમ બોલવા લાગ્યા. અંતે મૂંડકવેરાના એ નિયમને તોડીને મુનિવરો આગળ વધી ગયા. બે દિવસ પછી ગિરનારના એ પ્રેમીઓએ ઉલ્લાસ અને હર્ષ સાથે દાદાની યાત્રા કરી.

મુનિઓ ચાલ્યા ગયા, એથી મૂંડકવેરા લેનારા અધિકારીઓનો ક્રોધ વધી ગયો. રે ! એક તો મૂંડકવેરો ચૂકવ્યો નહીં ને ઉપરથી જેમ-તેમ બોલીને ગયા ! તેથી પોતાની હાર સહન ન થવાથી ન્યાય મેળવવા માટે તે સૌ મહામંત્રી પાસે આવ્યા. અધિકારીઓએ મંત્રીશ્વર પાસે પોતાની ફરિયાદ રજૂ કરી. મંત્રીશ્વરે તેમને સહાનુભૂતિનો ભાવ બતાવ્યો. તેથી અધિકારીઓને પણ હાશકારો થયો. થોડીવારમાં મંત્રીશ્વરે મુનિવરોને સંદેશો મોકલાવી બોલાવ્યા. મુનિભગવંતો પધારતાં મંત્રીશ્વરે ખૂબ જ બહુમાનથી તેમનું સ્વાગત કર્યું.

અધિકારીઓએ ફરિયાદ કરતા કહ્યું, ‘‘મંત્રીશ્વર ! આ મહાત્માઓએ વર્ષોથી ચાલતી અમારી મૂંડકવેરાની પરંપરાને તોડી, ગઈકાલે ગિરિવરની યાત્રા કરી. આનો યોગ્ય ન્યાય માંગવા અમે અહીં આવ્યા છીએ !’’ મુનિ ભગવંતોને મંત્રીશ્વરે પૂછ્યું, ‘‘મુનિવરો ! આ ફરિયાદની ‘સાચ-જૂઠ’ માટે આપને કાંઈ કહેવું છે ?’’

મુનિવરોએ મક્કમતાથી કહ્યું, ‘‘હા. મંત્રીશ્વર! આમની વાત એકદમ સાચી છે કે અમે મૂંડકવેરો ભર્યા વિના જ યાત્રા કરી



પરમાત્માના દર્શન કરી આવ્યા છીએ. પણ... મંત્રીશ્વર ! આપ જ બતાવો અમારા જેવા મૂંડને વળી મૂંડકવેરો કેવી રીતે હોય ? અમે તો ત્યાગી છીએ, અમારી પાસે વળી પૈસા ક્યાંથી હોય ? આજે અમને અહીં આવ્યાને ચોથો દિવસ છે ! ત્રણ-ત્રણ ઉપવાસ થયા. પછી ભગવાનનાં દર્શન થયા. પહેલે દિવસે ગયા ને આ લોકોએ અમને રોક્યાં. કહે પાંચ દ્રમ્મ આપો ! અમે યાત્રા કર્યા વિના જ પાછા ફર્યા ! બીજે દિવસે આ જ હાલત થઈ. અમે વિચાર્યું, હવે કાલે તો યાત્રા કરવી જ છે ! જે ગિરનાર માટે અમે દૂર-દૂરથી આવ્યાં એને ભેટ્યા વિના પાછું પણ કેમ જવાય ! અંતે અમે ગઈ કાલે યાત્રા કરી. નિયમને તોડ્યો. ઝગડો પણ થયો. મંત્રીશ્વર ! અનંતા તીર્થંકરોની કલ્યાણકોની પાવનભૂમિની યાત્રા કરવા કાંઈ પૈસા ભરવાના હોય ? આ તો રાજ્ય અને મહારાજાને માટે પણ અત્યંત શરમજનક વાત છે ! આપ જેવા બુદ્ધિશાળીએ યોગ્ય ન્યાય આપી આ મૂંડકવેરાની પરંપરાને હટાવવી જ જોઈએ.''

મંત્રીશ્વર મુનિવરોની વાત સાંભળી જ રહ્યાં. ત્યાર બાદ મંત્રીએ ફરિયાદીને પૂછ્યું, ''મહાત્માઓની આ વાતો માટે તમારે શું કહેવું છે ?'' ''મંત્રીશ્વર ! મહાત્માની બધી જ વાત સાચી છે. પણ વર્ષોથી આ મૂંડકવેરો મળવો એ અમારો હક્ક છે. દરેક યાત્રીના પાંચ દ્રમ્મ અમને મળે છે ને મળવા જ જોઈએ !'' અધિકારીએ પોતાના હૈયાની વાત કરી.

મંત્રીશ્વર થોડા સમય માટે વિચાર કરવા લાગ્યા. પછી તરત જ ગંભીરતાથી અધિકારીઓને કહ્યું, ''આમાં મારે કોનો પક્ષ લેવો ? એક બાજુ મારા પૂજનીય મહાત્માઓ છે, બીજી બાજુ તમે પ્યારા પ્રજાજનો છો ! આમાંથી એક વચ્ચેનો રસ્તો પસંદ કરવા યોગ્ય છે. આ મૂંડકવેરાની વાત પર તાળુ લગાવવા જેવું છે ! ભવિષ્યમાં પણ આ માટે ફરી ઝગડાઓ થાય એવી શક્યતા છે. માટે આ મૂંડકવેરાના બદલામાં તમે બીજું કંઈ માંગી લો !''

આ વચ્ચેનો માર્ગ આમ તો ફરિયાદીઓને સારો લાગ્યો કારણ કે યાત્રીઓ પાસેથી પાંચ-પાંચ દ્રમ્મ લેતાં એમને મુશ્કેલીઓ પડતી હતી જ. કેટલીક ઝંઝટને અંતે 'મૂંડકવેરો' મળતો હતો પણ આના બદલે માંગવું શું ? બધા વિચારમાં પડી ગયા. મંત્રીશ્વરને હવે



મોડું થતું હતું. એમને જરા ઉંચા અવાજે કહ્યું, ''કેટલી વાર ? આના બદલે કંઈક બીજું માંગી લો ! તમે જો નિર્ણય ન કરી શકો તો આ વાત મને સોંપી દો ! મારા ઉપર તો તમને વિશ્વાસ છે ને ?''

''અરે ! મંત્રીશ્વર ! આપ ઉપર તો પૂરો વિશ્વાસ છે. આપનો ન્યાય અમે મસ્તક પર ચડાવીશું. આપ ચિંતા કર્યા વગર આપનો અભિપ્રાય જણાવો.'' સૌ મંત્રીશ્વરને કરજોડીને વિનંતી કરે છે. બુદ્ધિવાન મંત્રીશ્વરે સૌના વિશ્વાસને જીતીને જાહેરાત કરી કે, ''દેવાધિદેવ બાવીસમાં શ્રીનેમિપ્રભુના ત્રણ-ત્રણ કલ્યાણકોથી પાવન થયેલ આ ગિરનાર ગિરિવરની ભૂમિ ઉપર આજથી મૂંડકવેરો હટાવવામાં આવે છે અને ભૂલથી પણ કોઈ પૈસા ઉઘરાવશે તો તેને કડકમાં કડક સજા કરવામાં આવશે અને તે મૂંડકવેરાના બદલામાં આ ગિરનાર ગિરિવરની તળેટી પાસે રહેલું 'કુહાડી' ગામ તમને આપવામાં આવે છે. આ કુહાડી ગામની થતી બધી જ આવક (ઉપજ) ઉપર આજથી તમારા સૌનો અધિકાર રહેશે. આજથી તમે સૌ આ ગામના માલિક બનો છો ! હવે તો તમે બધા ખુશ છો ને ?''

મંત્રીશ્વરના વચનો સાંભળી સહુ આનંદથી નાચી ઉઠ્યા. 'કુહાડી' ગામની સંપૂર્ણ આવકના અધિકારના દસ્તાવેજો મળતાં સૌની ચિંતા દૂર થઈ. વાતાવરણમાં ચારે બાજુ ત્રણ લોકના નાથ શ્રી નેમિપ્રભુનો તથા બુદ્ધિશાળી મંત્રીશ્વર વસ્તુપાળનો જયજયકાર થયો.

**પ્રશ્ન :-**

પ્ર.૧ મુનિ ભગવંતોને શ્રીગિરનાર તીર્થની યાત્રા કરવા જતાં કેમ અટકાવામાં આવે છે ?

પ્ર.૨ વસ્તુપાળ અને તેજપાળને રાજા વીરધવળ કયું પદ આપે છે ?

પ્ર.૩ મૂંડકવેરો હટાવીને વસ્તુપાળ તેના અધિકારીઓને તેના બદલામાં શું આપે છે ?

**મંત્રીશ્વર વસ્તુપાળની જેમ જીવનમાં જે કરો તે તરત કરો, સરસ કરો જાતે કરો અને વિચારીને કરો તો દરેક ક્ષેત્રમાં સફળતા જ સફળતા છે.**

# તીર્થભક્તિ માટે ત્યાગ (પેથડ મંત્રી) ૧૫

"યાત્રા તે પુણ્યના સમુહની દાનશાળા છે, પાપને નાશ કરવા માટેનું કારણ છે. જન્મ, ધન, વચન, મન, શરીરને સફળ કરનાર છે તથા તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ કરાવનાર છે."





તીર્થયાત્રાનો આવો વિશિષ્ટ મહિમા જાણી સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરનાર, યશ-કીર્તિથી શોભતા મંત્રીશ્વર પૃથ્વીધર અર્થાત્ મંત્રી પેથડ સંઘ સહિત સિદ્ધાચલ મહાતીર્થની યાત્રા માટે પધાર્યા. ખૂબ જ ઉલ્લાસથી તેમણે યાત્રા કરી. સિદ્ધાચલના શિખરે બિરાજમાન શ્રીઆદિનાથ ભગવાનની ભક્તિ-પૂજન કરી અત્યંત આનંદને પામ્યા. મંત્રીશ્વરે ૨૫ ઘડી સુવર્ણથી યુગાદિદેવના જિનાલયને સુશોભિત કર્યું.

અનંતા આત્માઓ જ્યાં સિદ્ધપદને પામેલા છે એવા શ્રીસિદ્ધગિરિના સ્પર્શન-વંદન ને પૂજન કરી સંઘે શ્રીરૈવતાચલ મહાતીર્થ તરફ પ્રયાણ કર્યું. અનંતા તીર્થંકરોના કલ્યાણકોથી પાવન બનેલ શ્રીગિરનાર ગિરિવરની ભવ્ય ભૂમિને ભેટવાની ઈચ્છા સાથે સંઘના એક પછી એક દિવસ પસાર થઈ રહ્યાં હતાં. વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ ભગવાન તથા ગઈ ચોવીસીના આઠ તીર્થંકરના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક અને બીજા બે તીર્થંકરના માત્ર મોક્ષકલ્યાણક, આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકરના મોક્ષકલ્યાણકથી પાવન એવી આ રૈવતગિરિ તીર્થની પવિત્રભૂમિનો સ્પર્શ કરી સૌ પોતાના જીવનને ધન્ય બનાવવા ઈચ્છતા હતા. દૂર-દૂરથી રૈવતગિરિના શિખરોને જોતા જ સૌ આનંદથી નાચી ઊઠ્યાં.

એક શુભ દિવસે પેથડ મંત્રીના સંઘે રૈવતગિરિની તળેટીમાં પ્રવેશ કર્યો. એ જ વખતે યોગિનીપુર-દિલ્હીથી અગ્રવાલકુળના પૂર્ણ શ્રેષ્ઠિ ઠાઠમાઠ સાથે સંઘ લઈને ગિરનારની તળેટીમાં તંબુઓ નાંખી રહ્યા હતા. એ શ્રેષ્ઠિ દિગંબરમતના કટ્ટર અનુયાયી હતા. એમની પાસે લક્ષ્મી પણ હતી ને રૂપ પણ હતું. બાદશાહ અલ્લાઉદ્દીનની કૃપા એણે મેળવી હતી.

ગિરનારની તળેટી આમ બે સંઘના આવવાથી આખી ભરાઈ ગઈ હતી. પહેલો સંઘ દિગંબરોનો આવ્યો અને બીજો સંઘ શ્વેતાંબરોનો આવ્યો. વહેલી સવારે શીતલ વાતાવરણમાં બન્ને સંઘોએ તીર્થયાત્રા શરૂ કરી. તે જ વખતે દિગંબર સંઘના રક્ષકોએ શ્વેતાંબર સંઘના યાત્રિકોને યાત્રા કરવાં જતાં રોક્યા. ‘‘આ તીર્થ અમારૂં છે, અહીં અમે પહેલા આવ્યાં હતા. સૌથી પહેલા અમે જ યાત્રા કરીશું...’’ દિગંબરોના આ પ્રમાણે કહેલા વચનો સાંભળ્યા વગર શ્વેતાંબર સંઘ આગળ ચાલવા લાગ્યો.

ત્યારે ક્રોધથી ભરાયેલા અભિમાની પૂર્ણશ્રેષ્ઠિ પોતાના સૈન્ય સાથે આગળ આવ્યા. ગિરનારના પથ્થરો ધ્રુજવા માંડે એવી જોરથી તેમણે ત્રાડ પાડી, ‘‘ખબરદાર ! એક પણ પગલું આગળ વધશો તો તમારૂં મસ્તક શરીરથી છૂટું પાડતા વાર નહીં લાગે ! તીર્થ અમારૂં છે ! અમે પહેલાં આવ્યા છીએ ને તમારે આગળ જવું

છે ? નહિં બને ! આ ક્યારેય નહિં બને !'' ગમે તેમ પણ પૂર્ણશ્રેષ્ઠિ બળવાન હતો. તે જાણી કુશળ બુદ્ધિવાળા પેથડમંત્રીએ બળથી નહિ પણ, કળથી (બુદ્ધિથી) કામ કરવાનું વિચાર્યું. સંઘ અટકી ગયો.

પેથડશાહે પૂર્ણશ્રેષ્ઠિ સાથે ટક્કર લેતાં કહ્યું, ''આ ગિરનારમાં આવા એક નહિ, અનેક વિવાદો થયા છે. પણ દરેક વખતે શ્વેતાંબરોનો જ જય જાહેર થયો છે ! ઈતિહાસમાં દિગંબરોની હારના પ્રસંગો જોવા મળે છે. માટે આ તીર્થ અમારૂં જ છે, અમે આગળ જવાના જ !'' પેથડમંત્રીએ ઘણા પ્રયત્નો કર્યા, પણ પૂર્ણશ્રેષ્ઠિ કોઈપણ હિસાબે તેની વાત સ્વીકારવા તૈયાર ન થયા. પેથડશાહની વાતો સાંભળી તે ક્રોધથી ધૂંવાંપૂંવાં થઈ ગયા. આમ વાતમાંથી વાદને વાદમાંથી વિવાદ (ઝઘડો) જાગી ગયો. દિગંબરોનો ગુસ્સો વધવા લાગ્યો.

આ ઝઘડાને શાંત કરવા બન્ને સંઘના કેટલાક બુદ્ધિમાન વૃદ્ધો આગળ આવ્યા. એમણે કહ્યું, ''આપ બન્ને પુણ્યશાળી પુરૂષો પૂર્વભવના ઘણા પુણ્યના કારણે આ મહાતીર્થના સંઘપતિ બન્યા છો. ભવોભવના કર્મોનો નાશ કરનારી આ પાવનભૂમિનો સ્પર્શ કરી આ ઝઘડાનો ત્યાગ કરો. હમણા 'આ તીર્થ ન તો દિગંબરોનું છે કે ન તો શ્વેતાંબરોનું' એવો વિચાર કરી બન્ને સંઘ એક સાથે જ આ તીર્થની યાત્રા કરો. પછી ઈન્દ્રમાળ પહેરવાના સમયે ચઢાવામાં જે વધારે ધન બોલશે તેઓનું આ તીર્થ ! કારણકે ક્ષત્રિયો શસ્ત્રથી યુદ્ધ કરે ! પંડિતો શાસ્ત્રથી યુદ્ધ કરે ! ક્ષુદ્રો (હલકા માણસો) હાથથી ઝઘડા કરે ! પશુઓ શીંગડાથી ઝઘડે ! સ્ત્રી ખરાબ વચનથી ઝઘડો કરે ! અને વેપારીઓ ધનથી યુદ્ધ કરે !''

આ પ્રમાણે વડીલોના હિતકારી વચનોને બન્ને સંઘે આનંદથી સ્વીકારી લીધા. બંને સંઘના બધાજ યાત્રિકોએ ઉલ્લાસથી ગિરિવરની યાત્રા કરી. સૌ શ્રીનેમિનાથ પ્રભુના દર્શન થતાં હર્ષથી નાચી ઉઠ્યા. ખૂબ ભાવથી પરમાત્માને નમસ્કાર કરી નૃત્ય-સ્તુતિ-સ્તવન વગેરે અનેક પ્રકારની ભક્તિ કરે છે. ઈન્દ્રમાળના



ચઢાવાનો સમય થયો. બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુનાં રંગમંડપમાં હવે ખરી રસાકસી જામી રહી હતી. આ તીર્થ કોનું ? આ પ્રશ્નના ઉકેલ માટે બંને સંઘો પોતાની સર્વ ધનસંપત્તિને પ્રભુના ચરણોમાં અર્પણ કરવા તૈયાર થયા. ભગવાન શ્રી નેમિનાથની ડાબી બાજુએ પૂર્ણશ્રેષ્ઠિ ઉભા રહ્યા. પેથડશાહને ભગવાનની જમણી બાજુ સ્થાન મળવાથી સૌને એમનો જય નક્કી હોય એવું લાગતું હતું.

ગિરનારને પોતાનો સાબિત કરવાની હરીફાઈ શરૂ થઈ ! ચડાવો પહેલા સોનામહોરોથી શરૂ થયો પછી સુવર્ણના શેરથી ચઢાવો ચાલુ કરાયો. એ બન્નેની છેલ્લી હદ આવી ગઈ. એટલે છેલ્લે સુવર્ણ ઘડીથી ચઢાવો શરૂ થયો. 'પાંચ ઘડી !' શરૂઆત પેથડશાહે કરી. 'છ ઘડી !' 'સાત ઘડી ?' આમને-સામનેથી ઘડીઓનો આંકડો વધવા લાગ્યો. મંત્રીશ્વર પેથડે હરીફાઈને જોરદાર બનાવી : સોળ ઘડી સોનું ! દિગંબરના સંઘ ને સંઘપતિ પૂર્ણને તો ધોળે દિવસે તારાં દેખાવા માંડ્યાં. બધાં આશ્ચર્ય પામી ગયા : સોળ ધડી સોનું ! દશ મણની એક ધડી ને એક ધડી એટલે ૨૦૦ કિલો સોનું ! શું એકસો સાઈઠ મણ (૧૬૦) સોનું ? પેથડમંત્રીએ આજે મનમાં નક્કી કરી લીધું હતું કે કેમે'ય કરીને ચઢાવો લેવો જ ! તીર્થને જતું કેમ કરાય ?

તે વખતે તો પૂર્ણશ્રેષ્ઠિ અત્યંત ચિંતીત થઈ ગયા. તેમણે મંત્રીશ્વર પાસે આઠ દિવસનો સમય માંગ્યો, જેથી પોતે તૈયારી કરી શકે ! એમને શરત મૂકતાં કહ્યું, ''આઠ દિવસનો સમય મળવો જોઈએ ! કેમ કે આ તીર્થ માટેનો પ્રશ્ન છે. આનો ઉકેલ આમ એક દિવસમાં ન જ આવી શકે !'' પેથડશાહે પણ તેની માંગણીનો હર્ષથી સ્વીકાર કર્યો અને આઠને બદલે દશ દિવસનો સમય આપ્યો.

પૂર્ણશ્રેષ્ઠિએ સંઘમાં આવેલા સર્વ યાત્રિકો પાસે જેટલું હોય તેટલા સુવર્ણની ટીપ કરવાની શરૂઆત કરી. ત્યારે આ તીર્થ માટે સૌએ પોતાના હાથની બંગડીઓ, સોનામહોર, ગળાનો હાર વગેરે વિવિધ આભૂષણોનો ઢગલો કરી દીધો. તીર્થના આ પ્રશ્નને સૌએ પોતાનો માની પૂર્ણ શેઠની ઝોળીને છલકાવી દીધી. ભેગાં થયેલા સુવર્ણનો આંકડો અઠ્ઠાવીસ ધડી થઈ ગયો. દિલ્હીથી પણ બીજું સોનું આવી રહ્યું હતું. હવે પૂર્ણશ્રેષ્ઠિની હિમ્મત વધી ગઈ હતી. તીર્થ હવે તેને પોતાના હાથમાં આવી ગયું જ એવું લાગ્યું ! એથી આખો દિગંબર સંઘ આનંદમાં ઉછળી રહ્યો હતો.

આ બાજુ પેથડમંત્રીએ પણ દિગંબર સંઘનો ઉલ્લાસ અને તીર્થ માટેની લાગણીને જોઈ, પોતાની બુદ્ધિથી તેમને આ ઉકેલ ખરાખરીનો થશે એવું લાગ્યું. તેમને તરત જ ૨૪ મિનીટમાં ૧ યોજન ચાલી શકે તેવી ઊંટડીઓને સોનું લાવવા માટે માંડવગઢ તરફ દોડતી મૂકી.

ઈન્દ્રમાળના ચઢાવા માટેનો આપેલો સમય પૂરો થયો. પાછી હરીફાઈ જામી : અટ્ઠાવીસ ધડી સોનું ! પૂર્ણશ્રેષ્ઠિ જાણે તીર્થના પ્રશ્નનો અંત કરી રહ્યા હોય, એવા ઉત્સાહ સાથે જોરથી બોલ્યા. એમને એમ હતું કે, આનાથી આંકડો આગળ વધે એમ નથી. તીર્થ હવે દિગંબરોના હાથમાં આવી ગયું હોય એવું તેને લાગતું હતું. પણ 'શેરના માથે સવાશેર હોય જ' તેમ એ ભૂલી ગયો હતો ! સામેથી એના કરતાંય જોરથી અવાજ આવ્યો : છપ્પન ધડી સોનું !

ગિરનાર ગિરિવરમાં જેમ સિંહ ત્રાડ પાડી ઊઠે તેમ પેથડમંત્રીએ ભયંકર ગર્જના કરતાં કહ્યું, ''છપ્પન ઘડી સોનું !'' એમને હવે 'એક-બે' આંકડા વધારીને સમય બગાડવો ન હતો. એમના હૃદયમાં તીર્થરક્ષાનો એક જ મંત્ર ચાલી રહ્યો હતો. તેથી એમને અટ્ઠાવીસનાં સીધા છપ્પન કરી નાંખ્યા !

એક-બે મિનિટ માટે આખી સભા શાંત થઈ ગઈ. બધા પૂર્ણશ્રેષ્ઠિના ચહેરાને જોતાં હતાં. એ ભાન ભૂલી ગયા. શું કરવું ? શું ન કરવું ? તે બધું જ ભૂલી ગયા. થોડીવારમાં સ્વસ્થ થયા. તીર્થને પોતાનું કરવા તે દિગંબર સંઘને વિનંતી કરવા લાગ્યા. બધાએ કહ્યું, ''અમારી હવે કોઈ તાકાત નથી, તમારી પાસે સંપત્તિ હોય તો આગળ વધજો ! બાકી અમારૂં બધું જ વેંચી દઈએ ને તો પણ આટલું સુવર્ણ ભેગું થઈ શકે તેમ નથી ! અને બાવા થઈને, બધુંજ લૂંટાવી દઈને કંઈ અમારે ગિરનાર જોઈતો નથી ! ગિરનાર કંઈ અમારાં ઘરે સાથે આવવાનો છે ? એ તો અહીંનો અહીં જ રહેવાનો છે ! તો ઘર બાળીને તીરથ કરવાનું શું કામ ?''

પૂર્ણશ્રેષ્ઠિ એકલા પડી ગયા, કોઈએ એમને સાથ ન આપ્યો. અત્યંત દુઃખી થઈને તેમણે પોતાની હારનો સ્વીકાર કર્યો. બે હાથ જોડી પેથડમંત્રીને કહ્યું, ''મંત્રીશ્વર પેથડશાહ ! હવે આ ઈન્દ્રમાળ- સંઘમાળ તમે જ પહેરો !'' ગિરનાર ગિરિવર શ્રીનેમિનાથ ભગવાનના જય-જયકાર સાથે ગુંજી ઉઠ્યો. ઈન્દ્રમાળ સાથે તીર્થ જયની વિજયમાળ પણ મંત્રીશ્વરના ગળામાં પડી. તીર્થ જેનું હતું, એને જ પાછું મળ્યું ! સમસ્ત



વાતાવરણ આનંદમય બની ગયું. આજે પેથડશાહના હર્ષનો કોઈ પાર ન હતો. તીર્થરક્ષાના અમૂલ્ય લાભને પામી તે ધન્ય-ધન્ય બની ગયો હતો.

મંત્રીશ્વર ઈન્દ્રમાળ પહેરી ગિરિવરથી નીચે ઉતર્યા. ધર્મમાં રત એવા, તેમને શાસ્ત્ર વચનોનું સ્મરણ થયું કે, દેવદ્રવ્ય ભરી દેવામાં મોડું કરવું એ શુભ કરનાર નથી.

'જે અજ્ઞાની પુરૂષ દેરાસરનાં દ્રવ્યનો વિનાશ કરે છે અથવા સ્વીકાર કરેલું દેવદ્રવ્ય આપતો નથી તે જીવ સંસારમાં ભમે છે. તેને નરકનું આયુષ્ય બંધાય છે.'

આ શાસ્ત્ર વચનોનું સ્મરણ થતાં જ મંત્રીશ્વરે પ્રતિજ્ઞા કરી કે, ''જ્યાં સુધી ગિરનારની ઈન્દ્રમાળના ચઢાવાનું આ છપ્પન ઘડી સોનું અહીં ન આવે અને એ દેવદ્રવ્ય ભગવાનના ચરણે ન ધરાય ત્યાં સુધી મારે આહાર-પાણીનો ત્યાગ !'' સૌ સંઘના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા ! એમનું શૌર્ય જોઈ સૌ નતમસ્તક થઈ ગયા ! ક્યાં ગિરનાર ને ક્યાં માંડવગઢ ! ને છપ્પન ધડી સોનું એકાદ-બે દિવસમાં થોડું આવી જાય ! છતાંય મંત્રીશ્વરને પ્રભુના વચનો પર એટલી બધી શ્રદ્ધા હતી કે, દેવદ્રવ્યનું દેવું માથે રાખીને કોળિયો ગળે કેમ ઉતારાય ? એમના દિલ ને દિમાગમાં શાસન વસ્યું હતું ને શાસન માટેનો પ્રેમ તેમના લોહીના બુંદ-બુંદમાં હતો ! મંત્રીશ્વર પેથડશાહની આ શાસન માટેની વફાદારી જોઈને સૌના મસ્તકો અહોભાવથી ઝુકી ગયા !

બીજી તરફ સાંઢણીઓ (ઊંટડીઓ) પવનની જેમ માલવદેશના માંડવગઢથી જરૂરી એટલું સુવર્ણને ભેગું કરીને પાછી ગિરનાર તરફ આવી રહી હતી. ગિરનારનો હક્ક શ્વેતાંબરોને મળી ગયો હોવા છતાં જયાં સુધી મૂલ્ય ન ચૂકવાય ત્યાં સુધી શાંતિથી કેવી રીતે બેસી શકાય ? પેથડમંત્રીને કેમે કરીને ચેન પડતું ન હતું. સહુની આંખો માંડવગઢના રસ્તા પર હતી. ગ્રીષ્મઋતુમાં જેવી રીતે તરસ્યુ ચાતકપક્ષી આકાશ તરફ જોયા કરે તેમ સૌની દૃષ્ટિ તે સાંઢણીઓને (ઊંટડીઓને) જોવા ઇચ્છતી હતી.

એક દિવસ વીત્યો ! ઈન્દ્રમાળના દિવસનો ઉપવાસ થયો. બીજા દિવસનો મધ્યાહ્નનો સમય પણ વીતી ગયો ! ઢળતી સાંજ પણ વીતતી ચાલી, પણ નિરાશા સિવાય કશું જ ન મળ્યું ! આખરે બધાએ આશા છોડી દીધી. બે ઘડી (૪૮ મિનીટ) જેટલો જ દિવસ હવે બાકી હતો ! એટલામાં તો માંડવગઢની દિશામાંથી સાંઢણીઓના (ઊંટડીઓના) ડાબલાઓના અવાજો સહુના કાને સંભળાયા ! પેથડમંત્રી સાંઢણીઓના (ઊંટડીઓના) આગમનથી આનંદીત થઈ ગયા. ધૂળની ડમરીઓ ઉડાડતી તે સાંઢણીઓ (ઊંટડીઓ) માંડવગઢથી આવીને ગિરનારની તળેટી એ ઉભી રહી ગઈ !

તરત જ સાંઢણીઓ (ઊંટડીઓ) ઉપરથી સુવર્ણની કોથળીઓ નીચે ઉતારવામાં આવી અને છપ્પન ઘડી સુવર્ણને માપવામાં આવ્યું. મંત્રીશ્વરે તે છપ્પન ધડી સોનું ભગવાન શ્રીનેમિનાથના ચરણોમાં સમર્પિત કર્યું. મંત્રીશ્વરને પારણું કરાવવા બધા ઈચ્છતા હતા પણ એમણે તો પાછી ના જ પાડી ! બે ઘડી પહેલા આહાર-પાણી પતાવી દેવાનો એમનો નિયમ હતો અને સૂર્ય તો બે ઘડી કરતાં આગળ વધી ગયો હતો. તેથી મંત્રીશ્વરે તો ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લેતાં છટ્ઠનો તપ કર્યો.



સૂર્યને મંત્રીશ્વરનું પારણું જોવું હતું, પણ એ જોવાનું એનું ભાગ્ય ન હતું. તેથી સૂર્ય ને એમને એમ ચાલ્યા જવું પડ્યું ! નવલી સવારે વાજિંત્રોના મંગલનાદ સાથે ચતુર્વિધ સંઘના શીતળ સાન્નિધ્યમાં મંત્રીશ્વર પેથડના છટ્ઠના તપનું પારણું થયું. તે દિવસે વિશાળ સંખ્યામાં લોકોના સંઘસ્વામિવાત્સલ્યનો ભોજન સમારંભ યોજાયો. શ્વેતાંબર જૈન સંઘનો એક તેજ સિતારો ચમકી ઉઠ્યો.

❋



**પ્રશ્ન :-**

પ્ર.૧ ગઈ ચોવીસી, વર્તમાન ચોવીસી અને આવતી ચોવીસીના કેટલાં પરમાત્માના કયાં-કયાં કલ્યાણકો શ્રીગિરનારજી પર થયા છે, અને થશે ?

પ્ર.૨ દેવદ્રવ્ય માટે શાસ્ત્રોમાં શું બતાવેલું છે ?

પ્ર.૩ મંત્રીશ્વર પેથડ ક્યારે ચોવિહારના પચ્ચક્ખાણ કરતા હતાં ?

પ્ર.૪ યાત્રા કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે ?

તીર્થની રક્ષા માટે આપણું સર્વસ્વ પણ જો આપી દેવું પડે તો તેમાં ક્યારે'ય પણ વિચાર કરવો ન જોઈએ.

પેથડશાને તીર્થ પ્રત્યે કેવી અજબગજબની લાગણી ! વળી પોતાના વ્રત-પચ્ચક્ખાણમાં પણ કેવા અડગ હતા.

હજુ સૂર્યાસ્તને વાર હોવા છતાં નિત્ય સાંજે સૂર્યાસ્તની બે ઘડી (૪૮ મિનિટ) પહેલાં આહાર-પાણી ત્યાગી દેવાનો નિયમ હોવાથી તેમાં કોઈ બાંધ છોડ ન કરી.

આપણે પણ આવા નિયમો લઈ તેનું કડક પાલન કરશું ને !

## જીત તો હંમેશા સત્યની જ હોય છે... ૧૬

ઘામણઉલી નામના એક ગામમાં ધાર નામનો શ્રીમંત સુશ્રાવક રહેતો હતો. પોતે જિનેશ્વર પરમાત્માના શાસનનો અડગ અનુરાગી હોવાથી તેના પાંચેય પુત્રોના હૈયામાં પણ શાસનનો પ્રેમ હતો. ધાર સુશ્રાવકે એકવાર ગિરનારનો અચિન્ત્ય મહિમા સાંભળ્યો ત્યારે તેણે સંઘ સાથે ગિરનારની યાત્રા કરવાનો નિર્ણય કર્યો. આખું ગામ હર્ષોલ્લાસમાં આવી ગયું. ગામની ગલીએ ગલીએ અને શેરીએ શેરીએ લીલા તોરણની હારમાળા શોભી રહી હતી.

શુભદિને મંગલઘડીએ સુશ્રાવક ધારના સંઘનું શુભપ્રયાણ થયું. ગામોગામ શાસનપ્રભાવના કરતો સંઘ ગિરનારની તળેટીમાં પહોંચે છે. ત્યાં શ્વેતામ્બર જૈનના કટ્ટરવિરોધી દિગંબર પક્ષના અનુયાયીઓએ સંઘના લોકોને યાત્રા કરતા અટકાવ્યા. ધારનો સંઘ મક્કમ થઈ આગળ વધે છે ત્યાં સામા પક્ષે બૂમ પાડી ''ખબરદાર ! આ ગિરનાર ઉપર અમારો સંપૂર્ણ હક્ક છે, અહીં યાત્રા કરવાનો તમને કોઈ અધિકાર નથી.'' બન્ને પક્ષની સામસામી બોલાચાલી થઈ પરંતુ કોઈ નિર્ણય ન થતાં ધાર શ્રાવકના સંઘના લોકો ન્યાય માટે રાજા પાસે જાય છે.પરંતુ દિગંબર પક્ષના પ્રભાવમાં આવેલા રાજાએ તેમના પક્ષ તરફ લાગણી દેખાડી તેથી ધારશ્રાવકના પુત્રો તથા સંઘજનોએ જાનની બાજી લગાવી તીર્થભક્તિ માટે લડી લેવાની તૈયારી બતાવી. તીર્થભૂમિ આજે રણભૂમિ બની ચૂકી હતી. ધાર શ્રાવકના એક પછી એક પુત્રો પૂરેપૂરા ઝનૂન સાથે વિરોધીઓ સામે લડી રહ્યા હતા પરંતુ વિરોધીઓની મોટી સંખ્યા સામે એક પછી એક એ રીતે પાંચેય પુત્રો તીર્થભક્તિ માટે શહીદ થઈ ગયા અને મરીને પાંચે પાંચ પુત્રો ગિરનાર ક્ષેત્રના ૧-કાલમેઘ, ૨-મેઘનાદ, ૩-ભૈરવ, ૪-એકપદ અને ૫- ત્રૈલોક્યપાદ નામના પાંચ અધિપતિ થાય છે.

તીર્થભક્તિના ઉત્તમભાવોવાળા ધાર શ્રાવકને ચેન પડતું નથી. પાંચ પાંચ પુત્રરત્નો તીર્થ માટે શહીદ થયા બાદ તે ભમતાં ભમતાં કાન્યકુબ્જ નામના નગરમાં પહોંચે છે. અજાણ્યા સ્થાનમાં ભમતાં ભમતાં કોઈ જૈન ઉપાશ્રયમાં વ્યાખ્યાન ચાલતું હોવાનું જાણી તે અંદર પ્રવેશીને સભાજનોને ભેદતાં ભેદતાં વ્યાખ્યાન આપતાં આચાર્ય બપ્પભટ્ટસૂરિ મહારાજ સાહેબ પાસે આવીને બેસી જાય છે. થોડીવાર વ્યાખ્યાન સાંભળી



ધારશ્રાવક સભા વચ્ચે ઉભો થઈ સકળસંઘની હાજરીમાં આચાર્ય ભગવંતને કહે છે, ‘‘આજે જ્યારે ગિરનાર તીર્થમાં આપણો કબ્જો જોખમી બન્યો છે ત્યારે આ રીતે પાટે બેસી વ્યાખ્યાન કરો તે કેટલું શોભે ? પહેલા તીર્થનો ઉદ્ધાર કરો !’’ આચાર્ય બપ્પભટ્ટસૂરિ અને આમરાજાએ ગિરનારતીર્થની પરિસ્થિતિને જાણીને સંઘ સાથે ગિરનારની યાત્રા કરવાનો નિર્ણય કર્યો અને જ્યાં સુધી નેમિનાથ દાદાના દર્શન ન થાય ત્યાં સુધી આહાર-પાણી ત્યાગની પ્રતિજ્ઞા આમરાજાએ કરી.

શુભમુહૂર્તે સંઘપ્રયાણ થયું. ગામેગામ જીવદયા, અનુકંપા, સાધર્મિકભક્તિ આદિ શાસનપ્રભાવના સાથે સંઘ આગળ વધી રહ્યો હતો. દિવસો પસાર થતા સંઘ ખંભાતતીર્થમાં પહોંચ્યો હતો. આહારપાણીના ત્યાગના કારણે આમરાજાનાં શરીરની ક્ષીણતા વધતી જતી હતી. આમરાજાની પ્રતિજ્ઞામાં અડગતા જોઈને આચાર્ય ભગવંતે શાસનદેવી અંબિકાની આરાધના કરી. અંબિકાદેવીએ પ્રગટ થઈ આમરાજાને ગિરનારના શ્રીનેમિનાથ ભગવાનની એક પ્રતિમા લાવીને દર્શન કરાવ્યા અને તેની પ્રતિજ્ઞાપૂર્ણ થયેલ છે તેથી પારણુ કરવાનું જણાવીને અદૃશ્ય થઈ ગઈ.



સંઘ શાસનપ્રભાવના સાથે આગળ વધતાં-વધતાં ગિરનારની તળેટીમાં પહોંચ્યો હતો. ૧૧ વિરોધી સંઘોના રાજાનો પડાવ નાંખીને બેઠાં હતા. આમરાજા સંઘે પડાવ નાંખી બીજા દિવસે યાત્રા કરવાનો પ્રારંભ કર્યો ત્યાં જ સામાપક્ષેથી બૂમ પડી, ‘‘ખબરદાર ! આ તીર્થ ઉપર અમારો અધિકાર છે, એક ડગલું પણ આગળ વધશો તો તમારા મસ્તક ધડથી છૂટા પાડી દેવામાં આવશે.’’ આ સાંભળી આમરાજા યુદ્ધ લડી લેવા તૈયાર થયા પરંતુ આચાર્ય ભગવંત બપ્પભટ્ટસૂરિજીએ તેમને શાંત પાડ્યા. તેઓએ કહ્યું, ‘‘સર્વધર્મનું મૂળ દયા છે તેથી ધર્મ માટે આવી હિંસા કેમ થાય ? આપણે શાસ્ત્રચર્ચા દ્વારા હાર-જીતનો ફેંસલો કરશું ?’’ સૌ સંમત થયા. બંને પક્ષના આચાર્ય ભગવંતો, રાજા અને શ્રાવકો સામસામા ગોઠવાયા. સામ-સામાં મતો રજૂ થવા લાગ્યા અને માતા સરસ્વતીદેવીની સહાયથી આચાર્ય બપ્પભટ્ટ સૂરિજીએ સામાપક્ષના બધાજ મતોને તોડી દીધા તેથી શ્વેતામ્બરોના વિજયની જાહેરાત થઈ.

નમ્રતામૂર્તિ આચાર્ય ભગવંતે પોતાના પક્ષનો વિજય થયો હોવા છતાં બંને પક્ષ શાસનદેવી અંબિકાદેવીની આરાધના કરી તેની પાસે નિર્ણય માંગે, તે જે નિર્ણય આપે તે સૌએ માન્ય રાખવા જણાવ્યું, સામાપક્ષને આશાનું કિરણ દેખાતાં તે સંમત થઈ ગયો. બંને તરફ એકબીજાના પક્ષમાં એક એક બાળકન્યાને મોકલવામાં આવે અને બંને કન્યાઓ જે બોલે તેનો સૌએ સ્વીકાર કરવો તેવું નક્કી થયું.

મંગલઘડીએ આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ એક કન્યાને સામાપક્ષમાં મોકલી તે પક્ષે અનેક પ્રયત્નો કરીને તે કન્યાને બોલવા જણાવ્યુ તો તે કન્યા બહેરી ને મુંગી હોય તેમ અવાચક્ બની ગઈ. સામાપક્ષવાળાએ એક કન્યાને આચાર્ય બપ્પભટ્ટસૂરિ પાસે મોકલતાં તેઓશ્રીએ તે કન્યા તરફ અમીદૃષ્ટિ કરીને મસ્તક ઉપર હાથ મૂકતાં હોય તેમ આશિષ આપતાં તરત જ શાસનદેવી તેના મુખમાં રહીને સ્પષ્ટ બોલવા લાગી કે -

इक्कह्वोवि नमुक्कारो,
जिणवरवसहस्स वध्धमाणस्स;
संसारसागराओ,
तारेइ नरं व नारिं वा ॥१॥

(શ્રીવર્ધમાનસ્વામીને કરેલો એક પણ નમસ્કાર આ સંસારસાગરથી પુરુષ હોય કે સ્ત્રી હોય તે સૌને તારે છે.)

उज्जिंतसेलसिहरे
दीक्खा नाणं निसीहिआ जस्स;
तं धम्म चक्कवट्टीं
अरिट्ठनेमिं नमंसामि ॥२॥



(ઉજ્જયંત પર્વતના શિખર ઉપર દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે જેમના, એવા ધર્મચક્રવર્તિ શ્રી અરિષ્ટનેમિ ભગવંતને હું નમસ્કાર કરું છું.)

આ શ્લોક સાંભળી આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ જણાવ્યું કે, અમારા શ્વેતામ્બરોની માન્યતા મુજબ સ્ત્રી, પુરુષ કે નપુંસક દરેક મોક્ષમાં જઈ શકે છે, જ્યારે સામાપક્ષવાળા તો સ્ત્રીની મુક્તિ માનતા નથી. માટે કન્યાના સ્વરૂપમાં આવેલી શાસનદેવીએ ઉચ્ચારેલા શ્લોકમાં સ્પષ્ટ જણાવેલ છે કે ‘‘વર્ધમાન સ્વામીને કરાયેલો એક પણ નમસ્કાર નર-નારીઓને તારે છે. આ તીર્થના અધિકાર માટે શાસનદેવીએ શ્વેતામ્બરોના પક્ષમાં ઉચ્ચારણ કરેલ હોવાથી હવે ગિરનાર હક્ક અંગેનો પ્રશ્ન સહજ ઉકલી જાય છે.’’ બંને પક્ષના આચાર્યભગવંત, રાજાઓ તથા સભાજનો દ્વારા આ વચનોનો સહર્ષ સ્વીકાર થતાં શ્વેતામ્બરોના વિજયની જાહેરાત સાથે જય તળેટી શ્રી નેમિનાથ પરમાત્માના નામના જયઘોષથી ગુંજી ઉઠી.

**પ્રશ્ન :-**

પ્ર.૧ ધાર શ્રાવક કાન્યકુબ્જ નગરમાં ક્યા મહારાજ સાહેબ પાસે પહોંચી જાય છે ?

પ્ર.૨ અંબિકા દેવીએ આમરાજાને કયા તીર્થમાં નેમિનાથ ભગવાનના દર્શન કરાવ્યા હતા ?

પ્ર.૩ કોને કરાયેલો એક પણ નમસ્કાર નર-નારીઓને તારે છે ?

શાસન તથા તીર્થ માટે બલિદાન આપવા હંમેશા તૈયારી રાખવી જોઈએ.
જે કોઈ સંકલ્પ કરો તેનું પાલન કરવા હંમેશા તત્પર રહેવું જોઈએ.

## મંત્રનો પ્રભાવ ૧૭

જૂનાગઢની ગાદી ઉપર રાજા રા'ખેંગાર રાજ કરતો હતો. કોઈ બૌદ્ધભીક્ષુના સંપર્કમાં આવતાં તેણે બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો હતો.

વિઘ્નસંતોષી કેટલાક ધર્માંધ બૌદ્ધો દ્વારા ગરવા ગિરનારના શિખરે બિરાજમાન બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ ભગવાનના જિનાલયનો કબ્જો લેવામાં આવ્યો હતો. રાજાની સહાય લઈને જો હુકમથી બૌદ્ધો દ્વારા બૌદ્ધો સિવાય અન્ય કોઈને પણ ગિરનારની યાત્રા કરવા ઉપર પ્રતિબંધ આવી ગયો હતો.



એક વખત સિદ્ધાચલ મહાતીર્થની યાત્રા કરીને જૈન શ્વેતામ્બર યાત્રિકોનો એક મોટો સંઘ ગિરનાર મહાતીર્થના શ્રીનેમિનાથ ભગવાનના દર્શન, સ્પર્શન, પૂજનાદિ ભક્તિ માટે તળેટીમાં આવીને ઉતર્યો હતો. તે સમયે કેટલાક ધર્માંધ બૌદ્ધો દ્વારા શ્રીસંઘને યાત્રા કરતો અટકાવી ‘‘બુદ્ધં શરણં ગચ્છામિ’’ કહી બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરે તો જ ગિરનારની યાત્રાર્થે જવા માટે પરવાનગી મળશે તેવો કદાગ્રહ રાખવામાં આવ્યો હતો.

સમગ્ર ભારતભરના શ્વેતામ્બર જૈન સંઘો ચિંતિત બન્યા. આ તીર્થના પ્રશ્નને હલ કરવા ૮૪ સંઘો એકઠા થઈ બૌદ્ધોને સમજાવવાના અનેક પ્રયત્નો કરવા છતાં તેઓ તરફથી કોઈ અનુકૂળ પ્રતિભાવ ન મળતાં સૌએ વિચાર કર્યો કે હવે કોઈ દિવ્યતત્ત્વની સહાય દ્વારા જ આ પ્રશ્નનો નીવેડો લાવવો જરૂરી જણાય છે. દિવ્યતત્ત્વની સહાય મેળવવા સુયોગ્ય સાધક એવા શ્રાવકની પસંદગી કરી મંત્રજાપની આરાધના દ્વારા ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયિકા અને વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ ભગવાનના શાસનના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવી પ્રગટ થયા. વર્ષોથી ચાલતા વિવાદનો અંત લાવવાના ઉપાય અંગે અંબિકાદેવીને પૂછતાં તેમણે જણાવ્યું કે, ‘‘જો આચાર્ય યશોભદ્રસૂરિ અથવા તેમના શિષ્ય બલિભદ્રમુનિ અહીં (ગિરનાર) આવે તો આ પ્રશ્નનું નિરાકરણ થતાં સૌ સુખપૂર્વક તીર્થયાત્રા કરી શકશે.’’

શ્રીસંઘના લોકોએ આ મહાત્માઓ અંગે તપાસ કરતાં બલિભદ્રમુનિ કોઈ પર્વતની ગુફામાં સાધના કરતાં હોવાનું જાણવા મળ્યું. સંઘનો સંદેશો લઈને ચાર માણસો પર્વતોની કોતરોમાં ફરતાં ફરતાં જ્યાં બલિભદ્રમુનિ સાધના કરી રહ્યા હતાં ત્યાં પહોંચ્યા. મહાત્માને વંદન કરીને તેઓશ્રીને જૂનાગઢ પધારવાનો શ્રીસંઘનો સંદેશો આપ્યો. મહાત્માએ હકીકત જાણીને તે ભાઈઓને કહ્યું, ‘‘તમે જૂનાગઢ પહોંચો હું આવું છું.’’ તે ભાઈઓ ખુશ થઈને હરખાતા હૈયે જૂનાગઢ પાછા ફર્યા.

બલિભદ્રમુનિ તો આકાશગામિની વિદ્યાના પ્રભાવે આકાશમાં ઉડીને જૂનાગઢની તળેટીમાં શ્રીસંઘના પડાવ પાસે આવી પહોંચ્યા. શ્રીસંઘના ભાઈઓ પાસેથી ઘટનાની હકીકત જાણીને મંત્ર બળથી સંઘના પડાવની ચારેબાજુ અગ્નિનો એક કીલ્લો બનાવી તેને ફરતી પાણીની મોટી ખાઈ બનાવી. ત્યારબાદ મંત્રેલા અડદ-ચોખા અને કરેણની સોટી લઈને સંઘના ભાઈઓ સાથે રાજમહેલમાં જઈ રાજાને આશિષ આપીને બેઠા ત્યારે રાજાએ નમસ્કાર કર્યા.

બલિભદ્રમુનિએ રાજાને કહ્યું, ‘‘હે રાજન્ ! ‘રાજ્ય તો તે કહેવાય જે ન્યાયથી ચાલે’ ‘પ્રજાનો રક્ષક જ જ્યારે ભક્ષક બને ત્યારે પ્રજા ક્યાં જાય ?’ આ રીતે અમારા તીર્થનો કબજો કરવો તે રાજમાર્ગ નથી, અન્યાય કરનાર રાજા નરકે જાય છે.’’

મહાત્માની આ વાતો સાંભળી રાજા ક્રોધે ભરાયને તેમને કહેવા લાગ્યો, ‘‘અરે મુંડા ! તું મને ઓળખતો નથી ? તું શું બોલે છે ? તને તીરથ વ્હાલું જ હોય તો બૌદ્ધ ધર્મ સ્વીકારી તીર્થભક્તિ શા માટે નથી કરતો ? હવે તને તારી આ હરકતનું ફળ બતાવું છું.’’ ક્રોધે ભરાયેલા મુનિએ પણ આવેશમાં આવી અડદ-ચોખાના દાણા મંત્રી અને રાણી તરફ ફેંક્યા તથા કરેણની સોટી જમીન ઉપર પછાડતાં રાણીનું આખું શરીર તૂટવા લાગ્યું. રાણી તો ક્ષણવારમાં જેમ પાણી વિના માછલી તરફડે તેમ તરફડવા લાગી. તેના આખા શરીરે અગ્નિ જેવો દાહ શરૂ થઈ ગયો અને મુનિ તો ચાલ્યા ગયા.

રાજા મંત્રીને જણાવે છે, ‘‘આ મુનિએ પોતાનું અપમાન થતાં રાણીનો જીવ લેવા પ્રયત્ન કર્યો છે, હવે તેને મારા બળનો પરચો બતાવ્યા વિના નહીં રહુ. હવે તો સંઘ સાથે તેને પણ ખતમ કરી નાંખીશ, હવે તે કાં તો રાણીને સાજી કરે અથવા મરવા માટે તૈયાર થઈ જાય !’’

મંત્રી કહે, ‘‘મહારાજા ! પહેલાં તો આપણા બૌદ્ધગુરુને બોલાવી રાણીની વેદનાનો ઉપચાર કરાવી લઈએ તેમનાથી સારૂ ન થાય તો આપણે સૈન્ય સાથે તે સંઘ ઉપર હુમલો કરીએ.’’

મંત્રીના આ વચનો સાંભળી રાજાએ બૌદ્ધ પરિવારો દ્વારા તેમના ધર્મગુરુને બોલાવીને વિગતવાર વાત કરીને રાણીની વિષમ પરિસ્થિતિની જાણ કરી. બૌદ્ધગુરુએ નિશ્ચિંત રહેવા જણાવી તે મુનિને હાજર કરી રાણીને પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત થાય તે માટે પોતાની શક્તિનો પ્રયોગ શરૂ કર્યો પરંતુ તે સંપૂર્ણપણે નિષ્ફળ ગયો, વારંવાર પ્રયત્નો કરવા છતાં તેનું કોઈ પરિણામ ન આવતા રાણીએ રાજાને કહ્યું કે, ‘‘આ ગુરુથી કાંઈ થાય તેમ નથી !’’ એટલે રાજાએ તરત જ સેનાપતિને બોલાવી જૈનોના સંઘ અને મુનિ ઉપર હુમલો કરવા માટે સૈન્યને તૈયાર કરાવ્યું.

સૈન્ય સજ્જ થઈને સંઘના પડાવની નજીક જવા પ્રયાણ કરે છે ત્યાં પડાવની ફરતે અગ્નિથી ઝળહળતો એક મોટો કીલ્લો દેખાવા લાગ્યો. સૈન્યના હાથીઓ અગ્નિજ્વાળાઓ જોઈને આગળ વધતા અટકી ગયા અને ઘોડાઓ તો તે ભીષણ જ્વાળાઓને જોઈને કૂકડાંની માફક નાસભાગ કરવા લાગ્યા, રાજા પણ આ દૃશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો.

મંત્રી રાજાને કહે છે, ‘‘સ્વામી ! આ કોઈ સામાન્ય પુરુષ નથી જણાતા. આપની અનુમતિ હોય તો તે મહાત્મા પાસે જઈ સમાધાન માટે રજૂઆત કરૂં.’’ રાજાએ અનુમતિ આપતાં મંત્રીએ મનમાં સંકલ્પ કર્યો કે, ‘‘જો મારૂં મન શુદ્ધ હોય તો આ અગ્નિનો કીલ્લો મને રસ્તો આપે.’’ મંત્રીની નિષ્ઠાના પ્રભાવે માર્ગ ખૂલી ગયો. મંત્રી મુનિવર પાસે જઈ કરજોડી નમસ્કાર કરી જણાવે છે, ‘‘આપ રાજાનો વિરોધ ન કરો ! તે પૃથ્વીપતિ છે, તેની પાસે મોટું સૈન્ય છે.’’

મુનિવર મંત્રીની વાત સાંભળીને હલકા સ્મિત સાથે પ્રત્યુત્તર આપે છે, ''આ મારૂં બળ જુઓ !'' એમ કહી સોટીને ઉઠાવીને લાંબી કરીને મંત્રના બળ વડે બધા વૃક્ષોને નમાવીને નીચે પાડે છે. મુનિવર કહે છે ''આ રીતે તમારા રાજાનું આખું સૈન્ય ધરતીને નમસ્કાર કરતાં ધૂળ ચાટતું થઈ જશે, માટે તમારા રાજાને સંદેશો આપજો કે, 'જો તમારી, રાણીની અને તમારા સૈન્યની સુરક્ષા ચાહતા હો તો અમારૂં તીર્થ અમને સોંપી દ્યો !'' આ દશ્ય જોઈને મંત્રી તો અચંબામાં પડી ગયા, મહાત્માની પરીક્ષા કરવા તેણે કહ્યું, ''અરે ! ઠાંકણી તો ઉંદર પણ પાડી દે ! તમારી તાકાત હોય તો આ વૃક્ષોને પાછા ઊભા કરી દો તો તમને ખરા માનીએ !''





મહાત્માએ ફરીથી સોટીને લાંબી કરીને મંત્રવિદ્યાનું સ્મરણ કરતાંની સાથે જ બધા વૃક્ષો પાછા જ્યાં હતા ત્યાં ગોઠવાઈ ગયા. આ ઘટના જોતાં જ મંત્રી ક્ષણવાર માટે તો અવાચક્ બની ગયા, આ મંત્રશક્તિનો પરચો જોઈને મંત્રીએ તો સીધા રાજા પાસે જઈ બલિભદ્ર મુનિના બળનું વર્ણન કરી જણાવ્યું, ''મહારાજા ! મહાત્મા કોપાયમાન થતાં તમને, મને કે રાજ્યને કોઈ લાભ થવાનો નથી માટે આ મહાત્મા જેમ પ્રસન્ન રહે તેમ જ કરો !'' રાજાએ અનિચ્છાએ પણ પોતાની હાર સ્વીકારી મંત્રીને મહાત્મા પાસે મોકલ્યો.

મંત્રીએ મુનિ પાસે જઈને કહ્યું, ‘‘મહાત્મા ! રાજા આપના ચરણે પડી ક્ષમા માંગે તો પછી આપને કોઈ રોષ નથી ને ! કારણ કે ગમે તેવો વૈરી પણ જો સામેથી આવીને શરણાગતિ સ્વીકારે તો ભલભલા વિવાદ-વિખવાદનો અંત આવી જાય ને !’’ મુનિએ કહ્યું, ‘‘રાજા અને રાણી કાળી કાંબળી પહેરીને ઘૂંઘવાવેષે જો અહીં આવીને પગે લાગે તો રાણી સાજી થાય.’’ રાજા-રાણી આવી પગે પડતાં મુનિ શાંત થયા અને ગિરનાર મહાતીર્થનો કબજો મેળવતાં રાણીને પહેલાની જેમ સ્વસ્થ કર્યા.

સમસ્ત જૈન શ્વેતામ્બર સંઘ અને બલિભદ્ર મુનિ ખૂબ ભાવથી ‘‘ગિરનાર કી જય, નેમિનાથ ભગવાન કી જય’’ના નારાઓ બોલતાં બોલતાં બાલબ્રહ્મચારી નેમિનાથદાદાના જિનાલયે પહોંચી દર્શન-સ્પર્શન-પૂજન આદિ દ્વારા પ્રભુભક્તિમાં તરબોળ થયા આજે સૌના મનના મનોરથ ફળતાં સૌના હર્ષનો પાર ન હતો.

**પ્રશ્ન :-**

પ્ર.૧ ગિરનાર મહાતીર્થના પ્રશ્નનો ઉકેલ લાવવા સંઘ કયા મહાત્માનો સંપર્ક કરે છે ?

પ્ર.૨ મંત્રીના કયા ગુણના પ્રભાવથી અગ્નિના કીલ્લામાંથી રસ્તો થયો ?

પ્ર.૩ મુનિ અને સંઘ કયા નારા લગાવતા લગાવતા ગિરનારની યાત્રા કરે છે ?

**અહિંસા, સંયમ અને તપના પ્રભાવે દિવ્યતત્ત્વો પણ સેવામાં હાજર થાય છે, માટે હંમેશા અહિંસા, સંયમ અને તપધર્મની વિશેષ આરાધના કરવી જોઈએ.**

## અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ... પામે કેવળજ્ઞાન... ૧૮

મહાભારતના મહાપુરૂષો પાંડવોથી કોણ અજાણ હશે ? એમને કોણ ન ઓળખે ? એ પાંડવોનાં વંશમાં જ 'પાંડુષેણ' નામના એક શૂરવીર રાજા થઈ ગયા. એમને નામ પ્રમાણે ગુણવાળી બે પુત્રી હતી : મતિ અને સુમતિ. એકવાર તે બન્ને બહેનોને અનંતા તીર્થંકરોની કલ્યાણકભૂમિ શ્રીગિરનાર મહાતીર્થને ભેટવાની ઈચ્છા જાગી. બન્ને પુણ્યશાળી બહેનો પોતાના પરિવારની સાથે જહાજમાં બેસી સમુદ્રમાર્ગે શ્રીગિરનારજીની દિશામાં નીકળી પડ્યા.

વહાણ આગળ વધ્યે જતું હતું ને શ્રીગિરનાર તીર્થની નજીક આવતું જતું હતું. મતિ ને સુમતિના મનમાં અતિશય આનંદ હતો. બસ ! ક્યારે ગિરનાર પહોંચીયે એ ભાવનામાં તેઓ રમતા હતા. પણ કુદરતને તો કાંઇ બીજું જ મંજુર હતું. જહાજ જ્યારે લગભગ સમુદ્રની વચમાં આવ્યું ત્યારે અચાનક સમુદ્રમાં ભયંકર તોફાન જાગ્યું. સમુદ્રમાં મોજાઓ જોર-જોરથી ઊછળવા લાગ્યા. પશ્ચિમ દિશાનો પવન સુસવાટા સાથે ફૂંકાવા માંડ્યો. વહાણ મધદરિયે હાલમ-ડોલમ થવા માંડ્યું.

વહાણમાં બેઠેલા બધાજ પ્રવાસીઓ, તોફાનને જોતાં જ ધ્રુજી ઉઠ્યાં ! દૂર-દૂર સુધી દેખાતાં સાગરના પાણીમાં ઘણો વેગ હતો. તોફાન વધુ ને વધુ ભયાનક સ્વરૂપ લઈ રહ્યું હતું ! થોડીવારમાં તો વહાણનું સઢ ચિ...ર ચિ....ર ચિરાવા લાગ્યું. વહાણનું સુકાન હવે કાબૂમાં રહેતું ન હતું.

બધા જ પ્રવાસીઓને તો મૃત્યુ સામે જ દેખાઈ રહ્યું હતું. એ સહુના હૈયા જ્યારે ભયથી ઊંચા થઈ ગયા, ત્યારે'ય મતિ ને સુમતિ તો શાંત જ બેઠા હતા. તે બન્ને બહેનોએ વિચાર કર્યો કે : આવી પરિસ્થિતિમાં બચવાનો કોઈ રસ્તો નથી. શ્રીગિરનારજીની યાત્રા કરવાની ઈચ્છા મનમાં રહી જશે. તેથી દ્રવ્યથી નહીં પણ ભાવથી તો શ્રીગિરનારને તથા શ્રીનેમિનાથદાદાને વંદન કરી લઈએ. જાણે તેમની સામે જ ગિરનારજી ઊભો હોય તેમ તેઓ એને વંદન કરી મનમાં જ શ્રીનેમિનાથ પ્રભુનાં ગીત ગાઈ રહ્યાં હતા !

થોડી પળો વીતી અને તોફાને વધુ વેગ પકડ્યો. બે પળ વીતીને પાણીના મોજાઓ વહાણને ઉથલાવવા દોડતાં આવ્યાં ! સાગરના મોજાઓ સામે વહાણ જાણે પોતાની રક્ષા કરવા જંગ ખેલી રહ્યું હતું ! આવા સમયમાં જ્યારે કેટલાક પ્રવાસીઓ મોતના ભયથી જોર-જોરથી રડી રહ્યાં હતા, કીકીયારી કરી રહ્યા હતા કેટલા'ય બૂમાબૂમ કરીને આખા વાતાવરણને વધારે ભયંકર બનાવી રહ્યાં હતા, ત્યારે તે બધાની વચ્ચે પણ

મતિ અને સુમતિ શ્રીગિરનારજીના ધ્યાનમાં મસ્ત હતાં. મરણનો એમને કોઈ ભય ન'હતો અને જીવનની એમને ઈચ્છા'ય ન હતી !

એ બે બહેનોના દિલમાં ભય નહીં, ભગવાન શ્રીનેમિનાથ હતા, ગભરાટ નહીં, શ્રીગિરનાર એમની આંખ સામે રમતો હતો. ને જ્યારે એક જોરદાર આંધી આવી ને વહાણ ઉથલી પડ્યું, ત્યારે આ શુભભાવ ધારામાં ચઢતા તે બન્નેને 'કેવળજ્ઞાન'ની ભેટ મળી.

પાણીનાં મોજાંની થપાટ વાગીને વહાણનાં ભુક્કા બોલાતાં પહેલાં તો આ બન્ને બહેનોના ઘાતી-અઘાતી સર્વકર્મોના ભુક્કા બોલાઈ ગયા. તોફાની મોજાઓના



કારણે વહાણ ભાંગી પડ્યું. એમાં રહેલા બધા જ પ્રવાસીઓ સમુદ્રમાં ડુબીને મરી ગયા. પરંતુ મતિ અને સુમતિનો આત્મા સંસારસાગરથી તરી ગયો. એમણે ‘ભાવ’ના પ્રભાવથી કેવળજ્ઞાન મેળવ્યું.

મતિ અને સુમતિના શરીરને, સાગરનાં મોજાઓએ કિનારે ફેંકી દીધાં, કેમકે સાગર ક્યારે પણ મૃતદેહનો સંગ્રહ કરતો નથી. શ્રીગિરનારજીના ધ્યાનથી મુક્તિને પામેલા આ બન્નેનો નિર્વાણ મહોત્સવ ઊજવવા ત્યાં સમુદ્ર કિનારે દેવો ઉતરી પડ્યાં. આવો મંગલ મહોત્સવ થવાથી તે સ્થાન વિશેષ પ્રકાશિત થયું ને ત્યાં ‘પ્રભાસ’ નામે તીર્થની સ્થાપના થઈ.

ભગવાન શ્રીનેમિનાથનું ગાન ગાતા ને શ્રીગિરનારનું ધ્યાન ધરતા મોક્ષમાં જનારા તે મતિ ને સુમતિની અમર યશોગાથા ગાતી આ ભૂમિ આજે પણ ‘પ્રભાસ પાટણ’ના નામથી પ્રસિદ્ધ છે....

**પ્રશ્ન :-**

પ્ર.૧ મતિ-સુમતિ કોની પુત્રી હતી ?

પ્ર.૨ મતિ અને સુમતિને કેવળજ્ઞાન કેવી રીતે મળ્યું ?

પ્ર.૩ ‘પ્રભાસ’ તીર્થની સ્થાપના કેવી રીતે થઈ ?

**જો દૂરથી પણ ગિરનારની ભક્તિથી કેવળજ્ઞાન આવી શકે તો સાક્ષાત્ તેના દર્શનથી કેટલો બધો લાભ થઇ શકે ? શાસ્ત્રમાં કહ્યું છે ને ઘેર બેઠાં પણ ગિરનારનું ધ્યાન ધરો તો ચોથા ભવે મોક્ષ થાય. હવે આપણે રોજ ઘરે બેઠાં સવારના પહોરમાં ગિરનાર મહાતીર્થને યાદ કરી તેનું ધ્યાન ધરશું ને !**





# ગિરનારની અજબ-ગજબની વાતો ૧૯

ગરવાગઢ ગિરનારના પહાડોમાં અનેક ગુફાઓ અને ગુપ્તસ્થાનો છે, જેના કારણે ગિરનાર ઘણા સ્થાને ખૂબ પોલો હોવાનું જણાય છે. આ પર્વતોમાં અનેક સંતો, મહંતો, સિદ્ધો, યોગીઓ, અનેક અઘોરીઓ અને મહાત્માઓએ વસવાટ કરી અનેકવિધ સાધનાઓને સિદ્ધ કરેલ છે.

આજે પણ અનેક વિભૂતિઓ આ ગિરનારની ગુફાઓમાં આત્મધ્યાનમાં લીન રહી આત્મસાધના કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે, જેની ઉંમર ૧૦૦-૨૦૦-૩૦૦ એમ સેંકડો વર્ષની પણ હોય છે. જૈન ગ્રંથો તથા અન્યધર્મગ્રન્થોમાં પણ યક્ષાદિ અનેક આત્માઓ ગિરનારમાં વસતા હોવાનો ઉલ્લેખ આવે છે.

આ સંતો, મહંતો, સિદ્ધયોગી તથા યક્ષાદિ આત્માઓની અનેક વાર્તાઓ અને ચમત્કારોની વાતો આજે પણ લોકમુખથી જાણવા મળે છે, જેમાંથી કેટલીક વાતો અહીં જણાવેલ છે.



૧) જુનાગઢના ગોરજી કાંતીલાલજીના કહેવા પ્રમાણે જુનાગઢના કેટલાક ભાઈઓ ગધ્ધેસિંહના ડુંગરમાં જઈ ગધૈયાના સિક્કાઓ એકઠા કરી ગાંસડી બાંધીને બોરદેવીના મુકામે આવ્યા, તે વખતે બોરદેવીમાં ઉપસ્થિત બાવાને તેઓએ હેરાન કર્યો તેથી બાવાનો ક્રોધ આસમાને ચડતાં કેટલાક તો ગાંડા થઈને ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યા, કેટલાક ભાગી છુટતાં રસ્તામાં મૃત્યુ પામ્યા અને કેટલાકતો જુનાગઢમાં પહોંચ્યા પછી મૃત્યુ પામ્યા હતાં.

૨) ગોરજી કાંતીલાલજી કહેતા કે ગિરનાર ઉપર પથ્થર ચટ્ટીની જગ્યામાં રહેતા હરનાથગર નામના અઘોરીએ એકવાર કોઈ બ્રાહ્મણના પુત્રને ઉપાડી લાવીને તેનું ભક્ષણ કર્યુ હતું. તે બ્રાહ્મણ પુત્રને શોધતાં શોધતાં ગિરનાર ઉપર આવ્યો પરંતુ પુત્ર ન મળવાથી અત્યંત દુઃખી હૃદયે તે ગિરનારના અધિષ્ઠાયક દેવોને પ્રાર્થના કરે છે, બ્રાહ્મણના આક્રંદથી તુષ્ટ થયેલ વરદત્ત શિખરના અધિષ્ઠાયક દેવ જાગૃત થયા, તેમની સહાયથી પેલો બ્રાહ્મણપુત્ર

પુનઃ જીવિત થયો અને અધિષ્ઠાયક દેવે તે અઘોરીને લાકડી વડે ખૂબ માર મારતાં તે અઘોરી લંગડો થઈ ગયો, ત્યારબાદ ઘણા અઘોરીઓ ગિરનાર છોડીને ચાલ્યા ગયા.

૩) ગિરનારના શ્રી નેમિનાથ દાદાની પૂજા કરનાર આરાધક આત્માઓ ધન્ય બની જાય છે, અરે!! બાલબ્રહ્મચારી નેમિપ્રભુના દર્શન-પૂજનથી કેટલાય આરાધકોએ વાસનાઓનું વમન થતું હોવાનો અનુભવ કર્યો છે, આજે અનેક મુમુક્ષુ આત્માઓ દીક્ષાપૂર્વે શ્રીનેમિપ્રભુ તથા દીક્ષાકલ્યાણકભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન દ્વારા સંયમ અંગીકાર કરવામાં નડતાં અંતરાયોને તોડવા માટે સમર્થ બને છે. કેટલાય આત્માઓ આ ગિરનારની ભક્તિ કરી બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરી આત્મારાધનામાં લીન બન્યા છે.



૪) એક સાધક આત્મા ગિરનારના અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના ભોંયરામાં સાધના કરવા અનેકવાર આવતાં હતા, ત્યારે એક રાત્રિએ ભોંયરામાં જાપ-ધ્યાનની આરાધનામાં લીન હતા અને ભોંયરાનો દરવાજો પૂજારી બહારથી બંધ કરી ગયા હતા ત્યારે આકાશમાર્ગેથી એક દિવ્યપ્રકાશનો પૂંજ ભોંયરામાં ઉતરતો જોયો અને થોડીવાર તે પ્રકાશના પૂંજમાંથી બે ચારણમુનિઓ અવતરતાં દૃશ્યમાન થયા, થોડીવાર અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ કરી ત્યારબાદ તે ચારણમુનિઓ અત્યંત તેજગતિએ આકાશભણી ગમન કરતાં નિહાળ્યા હતા.

૫) આ ગિરનારની ઔષધીના અચિન્ત્યપ્રભાવથી છેલ્લા સેંકડો વર્ષોમાં અનેક મહાપુરૂષો આકાશગમન દ્વારા તીર્થયાત્રા કરતાં હતા.

૬) એકવાર એક યોગીપુરૂષને જીવતાં સળગાવી દેવામાં આવ્યા હોવા છતાં તે મહાત્માએ ભડભડ બળતાં અગ્નિમાંથી સહજતાપૂર્વક બહાર નીકળીને કલકત્તાના અંગ્રેજ ગવર્નરને આશ્ચર્ય પમાડી દીધા હતા.

૭) એકવાર એક બાવાએ જંગલમાં કોઈ રસકૂપિકાની શોધ કરીને તેમાંથી રસ લઈને એક તુંબડીમાં ભરી દીધો હતો, રાત્રે કોઈ સોનીને ત્યાં રોકાણ કરી બીજા દિવસે સવારે ઉઠીને તે પોતાના રસ્તે ચાલી નીકળ્યો હતો. સોનીના ઘરમાં જ્યાં જ્યાં તુંબડીમાં રહેલા રસના છાંટા હતા તે તે વસ્તુઓ સોનાની બની ગઈ હતી. આ ઘટનાનો ખ્યાલ આવતાં સોનીએ તાત્કાલિક તે બાવાને શોધવાના પ્રયત્નો કર્યા પરંતુ તે બાવાનો કોઈ પત્તો ન લાગ્યો.

૮) એકવાર એક કઠીયારાએ રતનબાગમાં કોઈ વાંદરાને કુહાડી મારી, તે કુહાડી જોગાનુજોગ કોઈ કુંડમાં પડવાથી સોનાની થઈ ગઈ, તે સ્થાનની ચોક્કસ નિશાની રાખીને





કઠીયારો બીજા દિવસે તે સ્થાન શોધવા લાગ્યો ત્યારે પોતાની કરેલી નિશાની ન મળતાં તે રસ્તામાં ભૂલો પડી ગયો હતો.

૯) ગિરનારમાં એવી વનસ્પતિ છે જેના મૂળિયાને રાંધીને ખીચડી બનાવીને ખાવાથી છ-છ માસ સુધી માણસની ભૂખ ખલાસ થઈ જાય છે.

૧૦) ગિરનારમાં એક એવી વનસ્પતિ છે જેમાંથી દૂધ નીકળે છે, તે દૂધના ૩-૪ ટીપાં આપણાં સાદા દૂધમાં નાંખવામાં આવે તો પાંચ જ મિનીટમાં તે દહીં બની જાય છે.

૧૧) એકવાર યાત્રાળુઓ ગિરનાર ચઢી રહ્યા હતા ત્યારે સવારના સમયે કોઈ ઝાડીની ડાળી તોડીને દાતણ કરવા લાગ્યા અને થોડી જ વારમાં તેના બધા દાંત પડી ગયા.

૧૨) કેટલાક સાધ્વીજી ભગવંતો શ્રી નેમિનાથ ભગવાનનું દેરાસર માંગલિક થયા બાદ બહાર રહેલા શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીની દેરી પાસે આરાધના કરી રહ્યા હતા ત્યારે દાદાના દરબારમાંથી લગભગ પોણા કલાક સુધી સતત નૃત્યોના નાદ અને ઝાંઝરના -ઝમકારના દિવ્યધ્વનિનું ગુંજન સંભળાતું હતુ.

૧૩) જુનાગઢ ગામના એક શ્રાવક તથા તેના મિત્ર રતનબાગ તરફ જવાના માર્ગે આગળ વધી રહ્યા હતા, ત્યાં સામે આવેલી ઝાડીને હાથથી થોડી દૂર કરવાનો પ્રયાસ કરે છે ત્યાંતો તે ડાળી જાણે કે કોઈનો હાથ ન હોય! તેમ તે વ્યક્તિના મુખ ઉપર જોરથી લાફો માર્યો ત્યારે તેમના આગળના ચાર દાંત પડી ગયા હતાં.

આવી અનેક વાતો આ મહાપ્રભાવક, ચમત્કારી ગિરનાર ગિરિવરના ઈતિહાસ સાથે જોડાયેલી છે.

**પ્રશ્ન :-**

પ્ર.૧ કયા ભગવાનની ભક્તિ કરવા ચારણમુનિઓ અવતર્યા હતા ?

પ્ર.૨ કઈ ભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન સંયમ અંગીકાર કરવામાં નડતાં અંતરાયો તોડી નાંખે છે?

પ્ર.૩ કઈ દેરી પાસે આરાધના કરતાં સાધ્વીને ઝાંઝરના ઝમકાર સંભળાતા હતા ?

**આત્માનું કલ્યાણ કરાવી આપતાં આ ગિરનારના આવા ચમત્કારો વાંચી વિશેષ શ્રદ્ધાથી મોક્ષપદની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનો છે.**



અનેક ગુણરત્નોના ભંડાર એવા આ
ગિરનારના અર્વાચીન ઉદ્ધારકોની
એક ઝાંખી ઝલક

# પ.પૂ. આચાર્ય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
## (જન્મ - વિ.સં. ૧૮૦૧ - સ્વર્ગવાસ - વિ.સં. ૧૮૮૪)



મારવાડમાં શુદ્ધદંતિ (સોજલ)માં મહેતા હરખચંદના ધર્મપત્ની શ્રીમતિ ગમનાબાઈની કુક્ષીએ વિ. સં.૧૮૦૧ની સાલમાં તેઓશ્રીનો જન્મ થયો હતો. વિ.સં. ૧૮૧૭માં દીક્ષા થઈ હતી. જ્ઞાનાભ્યાસાદિ યોગોમાં અપ્રમત્ત રહી પ્રગતિ કરતાં વિ. સં. ૧૮૪૧ના માગશર સુદ પાંચમના દિવસે તેઓશ્રીને વડીલો દ્વારા આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું.

પ્રભુવીરની ૫૮મી પાટે થયેલ અકબર બાદશાહ પ્રતિબોધક તપાગચ્છીય પ. પૂ. આચાર્ય હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૯મી પાટે બિરાજતા પૂજ્યશ્રીને વિ. સં. ૧૮૪૧ મહાસુદ દસમના દિવસે ગચ્છનાયકના પદે સ્થાપવામાં આવ્યા હતા અને મહાસુદ અગ્યારસના દિવસે શ્રી શત્રુંજયગિરિ પર મોદી પ્રેમચંદની ટૂંકમાં શ્રી સર્વતોભદ્ર જિનપ્રાસાદમાં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા તેઓશ્રીના શુભહસ્તે થઈ હતી.

આચાર્ય ભગવંતના માર્ગદર્શનથી શ્રી ગિરનાર મહાતીર્થના શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયના પરિસરમાં, મેરકવસીની ટૂંક, સગરામ સોનીની ટૂંક આદિ જિનાલયોમાં અનેક પ્રકારના જીર્ણોદ્ધારના કાર્યો થયા હતા. તેઓશ્રીના શુભહસ્તે વિ. સં. ૧૮૪૮ વૈશાખ સુદ છઠ્ઠ શુક્રવારના મંગલદિને અંજનશલાકા થયેલ લગભગ ૧૦૭ પ્રભુજીની પ્રતિષ્ઠા નેમિનાથ ભગવાનના પ્રથમ રંગમંડપમાં, ભમતીમાં તથા જેઓ આ જીર્ણોદ્ધારની દેખરેખ રાખતાં હતા તે શેઠ જગમાલ ગોરધન દ્વારા બંધાવેલ શ્રી આદિનાથ ભગવાનના જિનાલયમાં કરવામાં આવી હતી, વિ. સં. ૧૮૫૯/૬૨ની સાલમાં લગભગ ૮૭ પ્રભુજીની અંજનશલાકા પ્રતિષ્ઠા મેરકવસીના જિનાલયના પરિસરમાં મુખ્ય જિનાલય ઉપરાંત અષ્ટાપદજી જિનાલય, પંચમેરૂ જિનાલયાદિમાં થઈ હતી અને વિ. સં. ૧૮૭૫/૭૯ આદિ સાલમાં લગભગ ૧૫ પ્રભુજીની અંજનશલાકા-પ્રતિષ્ઠા સગરામસોનીના જિનાલયમાં કરવામાં આવી હતી. આ રીતે ગિરનારના અર્વાચીન ઉદ્ધારમાં લગભગ ૨૦૯ પ્રભુજીની અંજનશલાકા-પ્રતિષ્ઠા તપાગચ્છીય આચાર્ય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભ હસ્તે થઈ હોવાનો ઉલ્લેખ જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૪માં કરવામાં આવેલ છે.

આ સિવાય તેઓશ્રી દ્વારા વિ. સં. ૧૮૬૦માં સુરતમાં શા. પ્રેમચંદ ઝવેરચંદ ઓશવાલ અને અનેક શ્રાવકો દ્વારા ભરાવેલાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી. શત્રુંજયના પાંચ પાંડવના દેરાસરમાં સહસ્રકુટની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૬૦ના વૈશાખ સુદ પાંચમે કરી હતી, શત્રુંજય મહાતીર્થના છાલાકુંડની ઉપર શ્રીપૂજની ટૂંકની પ્રતિષ્ઠા કરી હતી. આ ટૂંકનું બીજુ નામ જિનેન્દ્રટૂંક પણ છે. તેઓશ્રીએ સિરોહીમાં પણ જિનેન્દ્રટૂંકની સ્થાપના કરી હતી અને રાંતેજમાં બાવનદેરીવાળા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવીને પ્રતિષ્ઠા કરી હતી.

વિ. સં. ૧૮૮૪ પોષ વદ ૧૧ના તેઓશ્રી સિરોહી (કે સિહોર)માં કાળધર્મ પામ્યા હતા.



શાસન સમ્રાટ

# પ. પૂ. આચાર્ય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

## (જન્મ - વિ.સં. ૧૯૨૯ - સ્વર્ગવાસ - વિ.સં. ૨૦૦૫)

સોહામણા સોરઠદેશની રમણીય ધરતી ઉપર મહુવાનગર આવેલું છે. જેમાં સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત એવા સતરા કુટુંબમાં ખૂબજ ધર્મિષ્ઠ, સંસ્કારી, સંતોષી અને અધ્યાત્મરસિક એવા લક્ષ્મીચંદભાઈ રહેતા હતા. તેમના અનેકગુણોથી સદા દીપતા એવા દીવાળીબેન નામના ધર્મપત્નિ હતા. વિ.સં. ૧૯૨૯ના નૂતનવર્ષના પ્રથમદિવસ કારતક સુદ એકમના મંગલદિને દીવાળીબેનની રત્નકુક્ષીએ ભાવિમાં જિનશાસનમાં ધર્મનો પ્રકાશ ફેલાવનારા પુત્રરત્નનો જન્મ થયો હતો. જેનું નામ નેમચંદ પાડવામાં આવ્યું હતું. અનેકવિધ સંસ્કારો, સત્ત્વ અને શૌર્યના સ્વામી નેમચંદે અનેકવિધ વિઘ્નોનો સામનો કરીને વિ.સં. ૧૯૪૫ જેઠ સુદ સાતમના દિવસે ચારિત્રગ્રહણ કર્યું હતું.

દિનપ્રતિદિન શાસ્ત્રાભ્યાસ, વિચક્ષણબુદ્ધિ, કટોકટી અવસરે તાત્કાલિક નિર્ણય કરવાની ગજબની શક્તિ, ત્યાગ, શાસનપ્રભાવકતા, ગીતાર્થતા, નિર્દંભતા, પરોપકારિતા, કાર્યકુશળતા, અલૌકિક બુદ્ધિમતા આદિ અનેકગુણોને પોતાના જીવનમાં આત્મસાત કર્યા હતા. જેના કારણે અનેકસંઘો, પૂજ્યો તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીગણ પણ અવારનવાર તેઓશ્રીની સલાહ લેવા પધારતા હતા.

પૂજ્યશ્રીની તીર્થભક્તિ અનેરી હતી. સ્તંભનતીર્થ, શેરીસાતીર્થ, કદમ્બગિરિતીર્થ, કાપરડાજીતીર્થ આદિના ઉદ્ધારો તથા પ્રતિષ્ઠાદિ પૂજ્યશ્રીના શુભહસ્તે થયા હતા. ગિરનાર મહાતીર્થની વિષમ પરિસ્થિતિ અવસરે પૂજ્યશ્રી પેઢીને સચોટ માર્ગદર્શન આપતાં અને પેઢીની સહાયમાં રહેતા હતા. પૂજ્યશ્રીને પોતાના નામવાળા નેમિપ્રભુ અને ગિરનાર મહાતીર્થ સાથે વિશેષ લાગણી હોવાથી તેઓશ્રીની પાવનનિશ્રામાં ઐતિહાસિક સંઘોના આયોજન થયા હતા.



વિ. સં. ૧૯૮૩ માગશર વદિ ૧૩ના મંગલદિને પૂજ્યશ્રીની નિશ્રામાં પાટણના શેઠશ્રી નગીનદાસ કરમચંદભાઈએ પાટણથી કચ્છ-ભદ્રેશ્વર થઈ ગિરનારનો અનુમોદનીય સંઘ કાઢ્યો હતો જેમાં લગભગ ૬૫ સાધુમહાત્માઓ, ૨૬૭ સાધ્વીજીભગવંતો, ૫૮૫ મોટરગાડીવાળા, ૪૨૮ નોકરચાકરો, ૮૦ ચોકીયાત, ૨૫૦ છ'રીપાલિત ભાવુકો, ૨૬૦૦ યાત્રિક સાથે ચાંદીનું જિનાલય, તંબૂ-પાલ, શમીયાણાઓ વગેરે સાધનસામગ્રીઓ હતી. અચાનક શાસનના વિશિષ્ટ કાર્યાર્થે પૂજ્યશ્રીને અમદાવાદ તરફ જવું અનિવાર્ય હોવાથી તેઓશ્રી ધ્રાંગધ્રાથી આ સંઘથી છૂટા પડી ગયા હતા. તે અવસરે પ.પૂ.આ. નીતિસૂરિ મ.સા., પ.પૂ.આ. ભક્તિસૂરિ મ.સા., પ.પૂ.આ. માણિક્યસિંહસૂરિ મ.સા., પ.પૂ.પં. ભક્તિવિજયજી(રાધનપુરવાળા) વગેરે પૂજ્યો સંઘ સાથે કચ્છ-ભદ્રેશ્વર થઈ ગિરનાર પહોંચ્યા હતા.

આ ઉપરાંત પૂજ્યશ્રીની પાવનનિશ્રામાં આ યુગના ભગીરથકાર્ય તરીકે રાજનગરના શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ દ્વારા રાજનગર-અમદાવાદથી ગિરનાર મહાતીર્થ થઈ સિદ્ધાચલ મહાતીર્થના

વિશાળસંઘનું આયોજન થયું હતું. આ સંઘમાં પૂજ્યશ્રી સમેત પૂ. સાગરજી મ.સા., પૂ.આ. મોહનસૂરિ મ.સા., પૂ.આ. મેઘસૂરિ મ.સા. વગેરે ૨૭૫ આસપાસ મુનિભગવંતો, ૪૦૦ આસપાસ સાધ્વીજી ભગવંતો, લગભગ ૧૩ હજાર છ'રી પાળતાં યાત્રિકો, ૮૫૦ જેટલા બળદગાડાઓ, અનેક મોટર-ગાડી વગેરે ૧૩૦૦ જેટલા વાહનો, ચાંદીનો મહેન્દ્રધ્વજ, સુવર્ણરસેલો ચાંદીનો રથ, ચાંદીનો મેરુપર્વત, ચાંદીનું જિનમંદિર, ચાંદીની અંબાડી, બે-બે ગજરાજો વગેરે અનેક રાચરચીલા સહિતનો આ સંઘ જોવા માટે રાણી વિકટોરીયા પણ ખાસ પધાર્યા હતા.

આ ઉપરાંત જામનગરથી ગિરનારનો પણ ઐતિહાસિક સંઘ કાઢ્યો હતો.

વિ.સં. ૧૯૮૪ ફાગણ સુદ ૩ શુક્રવાર, વિ.સં. ૧૯૯૯ ફાગણ સુદ-૨ સોમવાર તથા વિ.સં. ૨૦૦૪ વૈશાખ વદ-૫ શુક્રવારના મંગલદિને પૂજ્યશ્રીના શુભહસ્તે અંજનશલાકા થયેલ લગભગ ૪૪ પ્રભુજીઓ આજે પણ આ ગિરનાર મહાતીર્થ ઉપર જોવા મળે છે. જેમાંથી કેટલીક પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા સ્વયં પૂજ્યશ્રીના શુભહસ્તે થઈ હોવાની સંભાવના છે. બાકી વિ.સં. ૨૦૦૬ વૈશાખ સુદ સાતમના પૂ.આ.નીતિસૂરિ મ.સા.ના શિષ્ય પૂ. આ. હર્ષસૂરિ મ.સા.ના શુભહસ્તે થઈ હતી.

જીવદયા, જીર્ણોદ્ધાર, તીર્થરક્ષા, શુદ્ધ સંયમપાલન, જ્ઞાનોદ્ધાર જિનશાસનના અનેકવિધ અંગોમાં સફળતા પામેલ પૂજ્યશ્રી ''શાસનસમ્રાટ''ના વિશેષણથી પ્રસિદ્ધિ પામ્યા હતા.

### ગિરનાર તીર્થોદ્ધારક

## પ.પૂ.આ.શ્રી નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

### (જન્મ - વિ.સં. ૧૯૩૦ - સ્વર્ગવાસ - વિ.સં. ૧૯૯૮)



વિ.સં. ૧૯૭૮ના તે ધન્યદિનની મંગલઘડી !

વેરાવળ મુકામે પ.પૂ.આ.શ્રીનીતિસૂરિ મહારાજ સાહેબની પાવનનિશ્રામાં પરમાત્મભક્તિનો અઠ્ઠાઈ મહોત્સવ હતો. સંગીતની સૂરાવલી સાથે પરમાત્મની પૂજા ભણાતી હતી ત્યારે જૂનાગઢના દિવાન સાહેબ શ્રીત્રીભોવનદાસભાઈની પૂજામાં પધરામણી થઈ હતી. પરમાત્માની સંગીતમય પૂજા અને પૂજ્યશ્રીના દર્શન પામી ધન્યતા અનુભવી રહેલા દિવાનના મુખ ઉપર આનંદ વર્તાઈ રહ્યો હતો ત્યારે વર્ષોથી ગિરનારના જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવવાના મનોરથો સેવતા પૂજ્યશ્રીએ આ તકનો લાભ ઉઠાવી વેરાવળના ટ્રસ્ટીગણને ઈશારો કર્યો. સમજુ શ્રાવકોએ પૂજ્યશ્રીની ભાવના જાણીને દિવાનસાહેબને તે

જીર્ણોદ્ધાર માટે નવાબસાહેબની સંમતિ મેળવી આપવા વિનંતી કરી હતી. દિવાનસાહેબ પણ આ જીર્ણોદ્ધાર થાય તેમાં રાજી હોવાથી તે આગેવાનોને જૂનાગઢના સંઘના અગ્રણીઓને સાથે લઈને જૂનાગઢમાં મળવા આવવા માટે જાણ કરી તથા આ સંમતિ અપાવવા તૈયારી દર્શાવી હતી.

ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્યશ્રી વિહાર કરી જૂનાગઢ પધાર્યા અને વેરાવળના આગેવાનો તથા જૂનાગઢ સંઘના અગ્રણીઓએ સાથે જઈ દિવાનસાહેબ પાસે જીર્ણોદ્ધાર કરાવવા અંગે પ્રસ્તાવ મૂક્યો. દિવાનસાહેબે તે આગેવાનો પાસેથી જીર્ણોદ્ધાર કરાવવાની પદ્ધતિ, તેના માટે આર્થિક અને વહીવટીય વ્યવસ્થા અને કામકાજ માટે વિવિધ સમિતિઓ દ્વારા કઈ રીતે કામ થશે વગેરે માહિતી જાણી ત્યારે તેમણે જણાવ્યું કે : ‘‘નવાબસાહેબને પણ આ જીર્ણોદ્ધાર થાય તેમાં વિશેષ રસ હોવાથી આ જીર્ણોદ્ધાર સુંદર રીતે સંપન્ન થાય તેનો ખ્યાલ રાખવો અને તેમાં રાજ્ય તરફથી પણ જે સગવડની જરૂરીયાત હશે તે પણ મળી જશે એવું તેમણે જણાવ્યું છે.’’

પૂજ્યશ્રીના પ્રચંડપુણ્યોદયે અનંતા તીર્થંકર પરમાત્માના અનંતા કલ્યાણકોથી ભાવિત થયેલા ગઢ ગિરનારના જિનાલયોનો જીર્ણોદ્ધાર નક્કી થઈ ગયો. જિનાલયોની કથળતી પરિસ્થિતિને જોઇને વર્ષોથી જીર્ણોદ્ધારના સ્વપ્રદૃષ્ટા એવા પૂજ્યશ્રીના આનંદનો પાર ન હતો. પૂજ્યશ્રીએ ચોતરફ આ જીર્ણોદ્ધારના સમાચાર વહેતા મૂક્યા અને ગામોગામ અનેક સંઘોમાં સૌના હૈયે આજે આનંદ સમાતો ન હતો. પૂજ્યશ્રીના અથાગ પ્રયત્ન અને પ્રેરણાથી ગામેગામથી ફુલ નહીં તો ફુલની પાંદડી સ્વરૂપે આ જીર્ણોદ્ધાર માટેની રકમો નોંધી-નોંધીને ભરાવા લાગી હતી.

પૂજ્યશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ વ્યવસ્થાઓની કમિટિઓ કાર્યપદ્ધતિઓ, આર્થિક વ્યવસ્થા, કુશળ શિલ્પીઓ દ્વારા વિવિધ નકશા વિવિધ કારીગરો અને યોજનાઓ અંગેની વિચારણાઓ સાથે ચતુર્વિધસંઘના હર્ષોલ્લાસપૂર્વક ગિરનાર મહાતીર્થની પહેલી ટૂંકના ૧૪ જિનાલયોના જીર્ણોદ્ધારના કાર્યની ભૂમિકા રચવાનું કામ ખૂબજોરમાં શરૂ થયું. અવસરે અવસરે માર્ગદર્શનાદિની અનુકૂળતાર્થે પૂજ્યશ્રીએ વિ.સં. ૧૯૭૯નું ચાતુર્માસ જૂનાગઢ ગામમાં જ કર્યુ.

વિ.સં. ૧૯૭૯થી શરૂ થયેલ ગિરનાર મહાતીર્થની પહેલી ટૂંકના નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલય સહિત ચૌદ-ચૌદ જિનાલયના જીર્ણોદ્ધારનું આ કાર્ય લગભગ સળંગ ૧૦-૧૨ વર્ષથી વધુ સમય ચાલ્યુ હતું. આ જીર્ણોદ્ધાર દરમ્યાન દરેક જિનાલયમાં શ્વેતવર્ણના આરસથી પરમાત્માની ગાદીઓ, પબાસણો, ગોખલાઓ, દેરીઓ, થાંભલાઓ વગેરે દ્વારા જિનાલયોને સુશોભિત કરવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું હતું, કેટલાક જિનાલયોના ઘુમ્મટો, શિખરોના કાર્યો પણ થયા હતા અને તે દરમ્યાન વિ.સં. ૧૯૮૫માં મા.વ.૫ ના દિવસે કેટલીક નૂતનદેરીઓમાં પૂ.આ. નીતિસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે અનેક પ્રભુજીની પ્રતિષ્ઠાઓ પણ થઈ હતી. (ત્યારબાદ વિ.સં. ૨૦૦૬માં તેઓશ્રીના શિષ્ય પૂ. આ. હર્ષસૂરિ મ.સા. આદિ દ્વારા પણ અનેક પ્રભુજીની પ્રતિષ્ઠાઓ થઈ હતી.) વર્તમાનમાં અહીં પૂ.આ. નીતિસૂરિ મ.સા. તથા તેમના શિષ્યગણ દ્વારા અંજનશલાકા-પ્રતિષ્ઠા થયેલા લગભગ ૪૧ પ્રભુજીઓ જોવા મળે છે.

પૂજ્યશ્રીની પ્રેરણા માર્ગદર્શનથી ગિરનાર, પ્રભાસપાટણ, મેવાડ, ચિત્તોડ આદિ અનેક તીર્થોના જીર્ણોદ્ધાર તથા સંઘોના જિનાલયોના જીર્ણોદ્ધાર પણ થયા હતા.





## સહસાવન (ગિરનાર) તીર્થોદ્ધારક

# પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબ

## (જન્મ - વિ.સં. ૧૯૯૩ - સ્વર્ગવાસ - વિ.સં. ૨૦૫૯)

ગરવા ગિરનારના પવિત્ર વાયુમંડળથી સુવાસિત બનેલી જૂનાગઢની પાવનભૂમિ !

હેમાભાઈના વંડાનો ઉપાશ્રય !

વિક્રમ સંવત ૨૦૨૭ની સંધ્યાનો સુવર્ણ સમય ! તપસ્વી સમ્રાટ પ.પૂ.આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજા પોતાની નિત્યજાપની આરાધનામાં લીન હતા ત્યાં અચાનક જ તે સ્થાનમાં દિવ્યપ્રકાશ થયો અને શાસનદેવીએ દિવ્યસ્વરૂપે દર્શન આપી પૂજ્યશ્રીને કલ્યાણકભૂમિ સહસાવનનો ઉદ્ધાર કરવા પ્રેરણા કરી. આ દિવ્યપ્રેરણાના આલંબનથી પૂજ્યશ્રીના માનસપટ ઉપર અનેક વિચારો ગતિમાન થવા લાગ્યા હતા.

આ તીર્થોદ્ધાર કેવી રીતે કરવો ? ક્યાંથી શરૂઆત કરવી ? વગેરે અનેક પ્રશ્નોના નિરાકરણ માટે વિચાર કરતાં કરતાં પ્રથમ તો પહેલી ટૂંકથી સહસાવન જવાના માર્ગના પગથિયા તૂટેલા અને અસ્તવ્યસ્ત હતા તેનું સમારકામ કરાવવા પ્રેરણા કરી અને સહસાવનથી તળેટી જવા માટે માત્ર જંગલની કાચી કેડીનો માર્ગ હયાત હતો તેના સ્થાને પૂજ્યશ્રીની પાવન પ્રેરણા અને પુણ્યપ્રભાવે સરકારી ખાતામાંથી સંમતિ મેળવીને કાળાપાષાણને ઘડીને પગથિયાનો સુગમમાર્ગ બનાવવામાં આવ્યો હતો. સાથેસાથે વિક્રમ સંવત ૨૦૩૪-૩૫થી અનંતા તીર્થંકરોના કલ્યાણકોથી વાસિત થયેલ સહસાવનના ગાઢ જંગલમાં એક નયનરમ્ય જિનાલયના નિર્માણ માટે ભૂમિ મેળવવા માટે ચક્રો ગતિમાન થયા હતા. તેના ફળ સ્વરૂપે સહસાવનની ભવ્યભૂમિમાં જ્યાં ૧ ફૂટ જગ્યા પણ મેળવવી મુશ્કેલ હતી ત્યાં હજારો ફૂટ જમીન શ્રીસરકાર પાસેથી ૯૯ વર્ષના ભાડા પટ્ટે મળી હતી.

આ જગ્યા મળતાં જિનાલય નિર્માણ માટેનો પૂજ્યશ્રીનો ઉલ્લાસ દિનપ્રતિદિન વધવા લાગ્યો. તેઓની દીર્ઘદ્રષ્ટિથી આ કલ્યાણભૂમિની ભાવિ ભવ્યતા માટે નેમિનાથ પરમાત્માના દીક્ષા અને કેવળજ્ઞાનકલ્યાણકભૂમિની ચીરકાલીન સુરક્ષા-સ્મૃતિ અર્થે એક નયનરમ્ય સમવસરણ મંદિરનું નિર્માણકાર્ય ઝડપભેર ચાલવા લાગ્યું અને આવા જંગલમાં જિનાલય માટેનો માલ સામાન ઉપર ચડાવી કામ કરવું અત્યંત કઠીન હોવા છતાં પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે વિક્રમસંવત ૨૦૪૦ ચૈત્રવદ પાંચમના શુભદિવસે પૂજ્યશ્રી

આ. હિમાંશુસૂરિ મ.સા.ના પાર્થિવદેહની
અંતિમ સંસ્કારભૂમિ



ઉપરાંત અનેક પૂજ્યોની ઉપસ્થિતિમાં સમવસરણ મંદિરમાં મૂળનાયક સંપ્રતિકાલીન નેમિનાથ ભગવાન સહિત અન્ય શ્યામવર્ણના શ્રીનેમિનાથ પરમાત્માની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો પ્રસંગ ખૂબ જ ઉલ્લાસભેર સંપન્ન થયો.

જ્યાં વર્ષમાં ગણીને ૨૫ યાત્રિક પણ સહસાવનની કલ્યાણકભૂમિના દર્શન-સ્પર્શન-પૂજનાદિ માટે પધારતા ન હતા તેના સ્થાને સેંકડો લોકો પહેલી ટૂંકથી સહસાવન કલ્યાણકભૂમિની સ્પર્શના કરીને જ નીચે ઉતરવા લાગ્યા. સૌના હૈયામાં સહસાવન કલ્યાણકભૂમિ પ્રત્યેનો આદરભાવ વધતાં સહસાવન તરફ યાત્રિકોનો પ્રવાહ વધવા લાગ્યો. આ જિનાલયમાં અંદર પ્રવેશતાં એક વિશાળ સમવસરણના સ્વરૂપને જોઈને સાક્ષાત્ નેમિપ્રભુના સમવસરણમાં પ્રવેશ કરતાં હોઈએ તેવા ભાવો ભાવિકોના હૈયામાં પ્રગટ થાય છે. જૈનબંધુઓના માનસપટ ઉપરથી લગભગ ભૂંસાય રહેલી આ કલ્યાણકભૂમિની મહત્તા આજે સૌના હૈયામાં પુનઃ જાગૃત થઈ છે. ત્યારબાદ વિક્રમ સંવત ૨૦૪૭માં પૂજ્યશ્રીની પ્રેરણાથી ગિરનાર ઉપરથી મોક્ષમાં ગયેલા ગત ચોવીસીના ૧૦ તીર્થંકર પરમાત્મા તથા આવતી ચોવીસીમાં ગિરનારથી મોક્ષે જનારા પ્રથમ પદ્મનાભસ્વામી (શ્રેણિક મહારાજાનો આત્મા) આદિ ચોવીસ પરમાત્મ સહિત વરદત્ત વગેરે ૧૮ ગણધર અને ગુફામાં નેમિનાથ પરમાત્માની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હાલ જીવિતસ્વામી નેમિનાથ પ્રભુજી પણ અત્ર બિરાજમાન છે.

આ સિવાય પૂજ્યશ્રીના શુભહસ્તે ગિરનારની પહેલી ટૂંકની મોટી ભમતીમાં વિ.સં. ૨૦૩૮ મહાસુદ ૧૦ના લગભગ ૩૪ પ્રભુજીઓની પ્રતિષ્ઠા પણ થઈ હતી. શ્રી સંઘની એકતા અને શાસનોત્કર્ષના ભીષ્મસંકલ્પ સાથે પૂજ્યશ્રીએ પોતાના જીવનકાળ દરમ્યાન ૩૦૦૦થી વધુ ઉપવાસ તથા ૧૧૫૦૦થી વધુ આયંબિલ તપની આરાધના કરી હતી.

સેંકડો વર્ષના ઈતિહાસમાં તેઓશ્રીની પાવનનિશ્રામાં ગિરનારતીર્થની તળેટીમાં વિ.સં. ૨૦૫૮માં પ્રાયઃ સર્વ પ્રથમવાર સામુહિક ચાતુર્માસિક આરાધનાનું આયોજન થયું હતું. આ ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ, ગિરનાર તીર્થમાં પણ શત્રુંજય તીર્થ જેવી એક ‘જયતળેટી’નું નિર્માણ થાય તે માટે પેઢીને પ્રેરણા કરી હતી. તે પ્રેરણાને ઝીલીને આજે પેઢી દ્વારા એક ભવ્ય ‘‘જય તળેટી’’નું નિર્માણ થયેલ છે.

વિક્રમ સંવત ૨૦૫૯માં માગશર સુદ ૧૪ ના દિવસે જૂનાગઢ ગામના હેમાભાઈના વંડાના ઉપાશ્રયમાં પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા. તેઓશ્રીના પાર્થિવદેહની અંતિમસંસ્કાર વિધિ પણ આ સહસાવનમાં જ થતાં ગિરનાર મહાતીર્થની પાવનભૂમિ ઉપર અંતિમ સંસ્કારનો નવો ઈતિહાસ સર્જાયો હતો.



# પ.પૂ. પંન્યાસ વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ
# તથા
# આ. હેમપ્રભસૂરિ મહારાજ સાહેબ



નમસ્કારમંત્ર આરાધક પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને ગિરનાર મહાતીર્થ પ્રત્યે વિશેષ લગાવ હતો. તેઓશ્રીએ સહસાવન (ગિરનાર)માં આરાધના-સાધના કરી હતી તેથી તેઓશ્રીના પ્રશિષ્યો પ.પૂ.પં. વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ તથા પ.પૂ.મુનિરાજ હેમપ્રભવિજયજી મહારાજ સાહેબ (હાલ આચાર્ય)ને પણ ગિરનાર મહાતીર્થ પ્રત્યે વિશેષ લાગણી હતી.

વિક્રમ સંવત ૨૦૫૨માં પ.પૂ.પં. વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ તથા પ.પૂ. મુનિરાજ હેમપ્રભવિજયજી મહારાજ સાહેબને ગિરનાર પધારવાનું થયું હતું ત્યારે સહસાવન તીર્થોદ્ધારક પ.પૂ. આ. હિમાંશુસૂરિ મહારાજ સાહેબ અમદાવાદમાં બિરાજમાન હતા. આ બંને મહાત્માઓની કુશાગ્રબુદ્ધિથી વાકેફ એવા સહસાવન તીર્થોદ્ધારક આચાર્ય ભગવંતે સહસાવનના જિનાલયમાં સમવસરણ મંદિરને વિશેષ આકર્ષક બનાવવા કંઈક કરવા પ્રેરણા કરી હતી. શિલ્પકલા અને કલાત્મક રચનાઓના કાર્યોમાં અનેરી સુઝબુઝવાળા બંને મહાત્માઓએ કુશળ કારીગરો અને શિલ્પીઓના અભિપ્રાય અને સહાયથી સમવસરણમાં વિશિષ્ટ પ્રકારના અશોકવૃક્ષ અને ચૈત્યવૃક્ષની રચના કરાવી હતી. સાથે સાથે સમવસરણના ત્રણ ગઢના ચાર-ચાર દરવાજે આરસની કોતરણી સહિતની કલાત્મક કમાનો તથા ગઢના કાંગરાઓનું નિર્માણ કાર્ય કરાવ્યું હતું. આજે આ સમવસરણ મંદિર પ્રભુના સાક્ષાત્ સમવસરણનું સ્મરણ કરાવી અનેક ભાવુકોના અંતરમાં બોધિબીજનું આરોપણ કરવામાં નિમિત્તભૂત બની રહ્યું છે.

ગિરનાર મહાતીર્થે કોઈ યોગ્ય ધર્મશાળાના અભાવમાં યાત્રિકોને ઉતરવા-રહેવા-જમવાની ખૂબ મુશ્કેલી પડી રહી હતી તેવા અવસરે લગભગ વિક્રમ સંવત ૨૦૫૩ દરમ્યાન આ બંને મહાત્માઓના પુણ્યપ્રભાવે સૌ ભાવુક જીવો વારંવાર ગિરનાર પધારે અને આ કલ્યાણકભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન દ્વારા આત્મકલ્યાણની આરાધના કરી શકે તે માટે ગિરનાર તળેટીમાં જ ''શ્રી નેમિજિન યાત્રિક ભવન'' નામની એક વિશાળ ધર્મશાળાનું નિર્માણ થયું હતું. જેના કારણે યાત્રિકોની અવરજવરમાં વધારો થવા લાગ્યો હતો. આ રીતે આ બંને મહાત્માઓનું પણ આ તીર્થ માટે સારૂં યોગદાન રહ્યું છે.

ત્યારબાદ કચ્છીભવન ધર્મશાળા અને તાજેતરમાં છેલ્લા સાત વર્ષ દરમ્યાન ''ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા'', ''શ્રી ગિરનાર રાજેન્દ્ર-શાંતિ યાત્રિક ભવન'', શ્રી દેવચંદ લક્ષ્મીચંદ પેઢીના પરિસરમાં ''કાંતાબા સંકુલ'' નામની ધર્મશાળાઓનું નિર્માણ થઈ ગયું છે અને આગામી બે વર્ષમાં અન્ય બે-ત્રણ ધર્મશાળાનું નિર્માણ થવા સંભવ છે.



## વિમલગચ્છાધિપતિ

# પ. પૂ. આચાર્ય પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ (પૂજ્ય ભાઈમહારાજ)

## (જન્મ - ઈ.સ. ૯-૧૨-૧૯૬૪)

મરુધરદેશના જાલોર જિલ્લાના જૈતુ ગામની ધન્યધરા ઉપર માતા બાદલીબાઈ ઉકચંદજીની કૂખે એક શાસનરત્ન બાળકનો જન્મ થયો હતો જેમનું નામ પ્રભુ પાડવામાં આવ્યુ હતુ. વિ.સં. ૨૦૩૨ના માગશર સુદિ ચોથના દિવસે માત્ર ૧૦ વર્ષની બાળવયમાં પ્રભુએ જિનેશ્વરપ્રભુના ચીંધેલા ચારિત્રમાર્ગનો સ્વીકાર કરીને અનેકવિધ સાધનાના સાધક એવા પ.પૂ.આ. શાંતિવિમલસૂરિ મહારાજ સાહેબના ચરણોમાં જીવન સમર્પણ કર્યુ હતુ. બાળવયથી કુશાગ્રબુદ્ધિના ધારક એવા પ્રદ્યુમ્નવિમલમુનિએ ગુરૂકુળવાસમાં રહી સંયમજીવનની ગ્રહણ-આસેવન શિક્ષા પ્રાપ્ત કરી હતી. સાધક એવા ગુરૂભગવંતની અમિદૃષ્ટિથી નાની ઊંમરથી જ તેઓશ્રીએ સાધનામાર્ગમાં સારૂં ખેડાણ કર્યુ હતુ. મેધાવી એવા બાલમુનિ હિન્દી, ગુજરાતી, મારવાડી, સંસ્કૃત, પ્રાકૃત આદિ વિવિધ ભાષાઓમાના આલંબનથી જ્ઞાનાભ્યાસમાં આગળ વધતાં ગયા અને વિદ્વાન મુનિપ્રવર પૂ. જંબૂવિજયજી મ.સા.ના સાંનિધ્યમાં રહી તેઓશ્રીએ જૈનધર્મના સિદ્ધાંતો અને આગમાદિ ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

મુનિ પ્રદ્યુમ્નવિમલના અનેકગુણોને ધ્યાનમાં લઈ તેઓશ્રીને ઈ.સ. ૧૯૮૩માં ગચ્છાધિપતિપદે આરુઢ કરવામાં આવ્યા અને ઈ.સ. ૧૯૯૬ની ૨૦મી ફેબ્રુઆરીના મહાસુદ ૧૩ના શુભદિને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું.

પ્રચંડ પુણ્યપ્રભાવક પૂજ્યશ્રીની પ્રેરણાથી તેઓશ્રીના શુભહસ્તે ૧૦૦થી અધિક જિનમંદિર-ગુરૂમંદિર આદિના નિર્માણ અને પ્રતિષ્ઠા થયેલ છે. તેઓશ્રીના પ્રયાસથી તપાગચ્છાધિષ્ઠાયક શ્રી માણીભદ્રવીરનું મહાપ્રભાવક સ્થાન મગરવાડા (પાલનપુર) આજે વિશેષ ઉત્થાન અને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. સિદ્ધગિરિના તળેટીમાર્ગ ઉપર પણ તેઓશ્રીની પાવનીયપ્રેરણાથી શ્રી માણીભદ્રવીરના એક સ્વતંત્ર મંદિરનું નિર્માણ થયેલ છે. આ સિવાય સિદ્ધગિરિની છત્રછાયામાં હિમ્મતવિહાર ધર્મશાળામાં જીવદયા-અનુકંપાના અનેકવિધ કાર્યો અવસરે અવસરે થયા કરે છે.

અનંતા તીર્થંકરો સહિત નેમિપ્રભુના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક જે પાવનભૂમિ ઉપર થયા છે તે સાધનાભૂમિ ગિરનાર મહાતીર્થ પ્રત્યે પણ સાધક એવા પૂજ્યશ્રીને વિશેષ લાગણી અને આદર-બહુમાન હોવાથી છેલ્લા લગભગ ૯ વર્ષથી તેઓશ્રી પણ આ તીર્થ સાથે સારી રીતે જોડાઈને તીર્થના ઉત્કર્ષ અને વિકાસના કાર્યોમાં અનંતર કે પરંપર અનેક રીતે ઉપયોગી થઈ રહ્યા છે. તેઓશ્રીની પાવનનિશ્રામાં વિ.સં. ૨૦૬૯ના લગભગ ૫૦૦ આરાધકો અને વિ.સં. ૨૦૭૨માં સેંકડો વર્ષના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ૧૫૦૦થી અધિક આરાધકોની વિશાળ સંખ્યા સાથે ખૂબજ શાસનપ્રભાવનાપૂર્વક સામુહિક ચાતુર્માસિક આરાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિ.સં. ૨૦૭૫માં સ્વસાધના માટે ગિરનાર મુકામે ચાતુર્માસ કર્યું હતું. તેઓશ્રીની અમિદૃષ્ટિથી એક બહુમાળી ધર્મશાળાનું પણ નિર્માણ થયેલ છે.

ગિરનાર તળેટીના ભવનાથ વિસ્તારમાં કોઈ દવા કે દવાખાનાની યોગ્ય સુવિધાના અભાવમાં તેઓશ્રીના શુભાશિષથી એક વિશાળ હોસ્પિટલનું નિર્માણ પણ થયેલ છે. તેઓશ્રીના પુણ્યપ્રભાવથી સો વર્ષથી અધિક સમયથી ગિરનારમાં ચાલી રહેલા કેટલાક વિવાદો-વિખવાદોવાળા પ્રશ્નોનું સરળ નિરાકરણ લાવીને જૂનાગઢ કલેકટર, હિન્દુ મહંતો-સંતો અને જૈનાચાર્યોની ઉપસ્થિતિમાં સર્વત્ર શાંતિસ્થાપક એક ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. આ રીતે પૂજ્યશ્રીનું ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષના કાર્યમાં યોગદાન ઉડીને આંખે વળગે તેવું છે.

પૂજ્યશ્રીની સરળતા, નમ્રતા, ઉદારતા, દીર્ઘદ્રષ્ટિ, આત્મીયતા આદિ ગુણોને કારણે તેઓશ્રી ''ભાઈ મહારાજ''ના હુલામણા નામથી લોકચાહના મળવી સર્વત્ર પ્રસિદ્ધ થયા છે.

## યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં. ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબના શિષ્ય - પ્રશિષ્ય

જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;

એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.

શત્રુંજય ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે જ્યારે ગિરનાર ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ અરિહંતપદને પામીને સિદ્ધ થયા છે.



પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરિ મહારાજ સાહેબ
(જન્મ - વિ.સં. ૨૦૧૧ - સ્વર્ગવાસ - વિ.સં. ૨૦૭૫)

લગભગ ૧૨ વર્ષ પૂર્વે દર વર્ષે લાખો ભાવુકો શત્રુંજય મહાતીર્થની સ્પર્શના દ્વારા પાવન થઈ રહ્યા હતા પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી ચતુર્વિધસંઘ દ્વારા ગિરનાર મહાતીર્થ તરફ દુર્લક્ષ અપાયેલ હોવાથી તેના પ્રત્યે ઉપેક્ષા સેવાતી હતી, જિનાલયો અત્યંત જીર્ણ-શીર્ણ થવા લાગ્યા હતા અને ખંડેર થવા મથી રહ્યા હોય તેવું લાગતું હતું.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, જૂનાગઢ જૈન સંઘના ભાવુકો તથા અનેક મહાત્માઓ આ તીર્થની કથળતી જતી સ્થિતિ જોઈને ચિંતિત બન્યા હતા. પેઢી તથા જૂનાગઢના ભાવુકો દ્વારા અનેક આચાર્યભગવંતોના સંપર્ક કરી આ તીર્થના વિકાસ માટે કાંઈક કરવા વિનંતીઓ થવા છતાં કોઈ અનુકૂળ પ્રતિસાદ મળતો ન હતો. આવા અવસરે કોઈ પુણ્યશાળીએ જેની રગરગમાં શાસનપ્રેમ અને હૈયામાં શાસનહિતની તલપ રહેતી હતી તેવા પ.પૂ.પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સમક્ષ ગિરનાર તીર્થની દયાજનક પરિસ્થિતિની વાત મૂકીને કાંઈક કરવા આજીજી કરી. પૂ.પંન્યાસજી મહારાજે મુનિ હેમવલ્લભવિજયજીને તાત્કાલિક ગિરનાર જવાનો આદેશ ફરમાવી વિક્રમ સંવત ૨૦૬૪ના કાંદિવલી ચાતુર્માસના અંતે મુંબઈથી વિહાર કરાવ્યો હતો. અમદાવાદથી મુનિ ધર્મરક્ષિતવિજયજી પણ તેમની સાથે જોડાયા અને તેઓ પણ સાથે ગિરનાર પહોંચ્યા હતા.

ગિરનાર મહાતીર્થના જિનાલય આદિની અત્યંત કરૂણ પરિસ્થિતિ જોઈને બન્ને મુનિઓનું દિલ કકળી ઉઠ્યું. પેઢી દ્વારા અનેક પ્રયત્નો કરવા છતાં લેન્ડ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, પુરાતત્ત્વવિભાગ અને વનવિભાગમાંથી જીર્ણોદ્ધાર કરવા માટે સંમતિ મળતી ન હતી.

આ બન્ને મહાત્માઓએ તીર્થની સુરક્ષા અને વિકાસના સંકલ્પ સાથે સ્વયં તથા ગિરનારપ્રેમી એવા કેટલાક પૂજનીય સાધુ-સાધ્વીજી-શ્રાવક-શ્રાવિકા દ્વારા વિશેષ આરાધના-સાધનાનો પ્રારંભ કરાવ્યો. મુનિ હેમવલ્લભવિજયજીએ પણ સંકલ્પ સાથે અટ્ઠમતપની આરાધના શરૂ કરી અને ત્રીજા દિવસે સંધ્યા સમયે તીર્થના અધિષ્ઠાયિકા અંબિકાદેવી તરફથી જીર્ણોદ્ધાર અંગેનો દિવ્યસંકેત મળ્યો હતો. ટૂંક સમયમાં સરકારશ્રી તરફથી પણ જીર્ણોદ્ધાર માટેની સંમતિ મળી હતી.

લગભગ ૭૫ વર્ષ બાદ વિક્રમ સં.૨૦૬૫ વૈશાખ સુદ પાંચમના શુભદિને મુનિ હેમવલ્લભવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો. કુશળ શિલ્પીઓ અને વાસ્તુશાસ્ત્રીઓના માર્ગદર્શન મુજબ કેટલાક શિલ્પદોષ અને વાસ્તુદોષ નિવારણના પ્રયત્નો સાથે જીર્ણ-શીર્ણ જિનાલયોની સ્થિતિ સુધારવાનું કાર્ય શરૂ થયું. જ્ઞાનવાવના સંભવનાથ જિનાલયથી આ જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો અને ધીમે ધીમે એક પછી એક જિનાલયોનું કાર્ય શરૂ થવા લાગ્યું.



**પ.પૂ.આ. હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ**
**જન્મઃ વિ.સં. ૨૦૧૮ જેઠ સુદ ૪**
**ઇ.સ. ૬-૬-૧૯૬૨**

ગિરનારના મહિમાથી અજ્ઞાત એવા ચતુર્વિધ સંઘમાં પ્રચાર માટે મુનિ હેમવલ્લભવિજયજી દ્વારા ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી આ ચાર ભાષામાં "સૌ ચાલો ગિરનાર જઈએ..." પુસ્તકનું સંપાદન અને પ્રકાશન થયું. "સૌ ચાલો ગિરનાર જઈએ..."ના અભિયાનનો પ્રારંભ થયો અને દેશ-વિદેશમાં પ્રચાર-પ્રસારના માધ્યમથી સૌ જૈનોના ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં ગિરનારનો મહિમા ગાજતો થયો.

ગિરનારની છત્રછાયામાં સામુહિક ચોમાસા, નવ્વાણુયાત્રા, આયંબિલની શાશ્વતી ઓળી, શિબિરો વગેરે આયોજન થવા લાગ્યા. વ્યાખ્યાનમાં મુનિ ધર્મરક્ષિતવિજયજી દ્વારા આરાધકો અને યાત્રિકોને અવિરતપણે ગિરનારના મહિમાની અનેક વાતો થવા લાગી. અનંતા તીર્થંકરોના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકભૂમિના સ્પર્શન-દર્શન-પૂજન વગેરે માટે ઠેરઠેર પ્રેરણાઓ, ભાવયાત્રાઓ, પ્રચારો થવાના કારણે સૌના હૈયામાં ગિરનાર પ્રત્યે વિશેષ ભક્તિ-બહુમાન જાગવા લાગ્યા. અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓ, સમકિતગ્રુપ, વર્ધમાન સંસ્કાર ધામ, પાર્શ્વભક્તિ પરિવાર, ગિરનારભક્તિ યુવા ગ્રુપ, ગિરનારભક્તિ પરિવાર, કલ્યાણમિત્ર ગ્રુપ આદિ ગ્રુપોના તીર્થવિકાસ અને તીર્થજાગૃતિના સહિયારા પુરુષાર્થના પરિણામે ગિરનાર ઉપર જૈન યાત્રિકોનું આવાગમન વધવા લાગ્યું. પૂર્વે વાર્ષિક ૩૦-૪૦ હજાર યાત્રિકોના આવાગમનની સામે વર્તમાનમાં વાર્ષિક ૩ લાખથી વધુ યાત્રિકોની અવર-જવર ચાલુ થઈ ગઈ છે.

આજીવન આયંબિલના અભિગ્રહધારી તથા અખંડ ૮,૫૦૦ ઉપરાંત આયંબિલના તપસ્વી મુનિ હેમવલ્લભવિજયજીએ (હાલ આચાર્ય) છેલ્લા ૧૧ વર્ષ દરમ્યાન વરસાદ આદિના દિવસો સિવાય લગભગ રોજ ગિરનાર ઉપર જઈ (લગભગ ૩૧૫૦ યાત્રા સાથે) જીર્ણોદ્ધારના કાર્યો અંગે માર્ગદર્શન આપ્યા છે. આજે લગભગ પહેલી ટૂંકના ૧૨ જિનાલયોમાં અતિ આવશ્યક એવા જીર્ણોદ્ધારના કાર્યો થઈ ચૂક્યા છે અને અન્ય બે જિનાલયોના કાર્ય ચાલુ છે.

આ જીર્ણોદ્ધાર દરમ્યાન કેટલાક શિલ્પદોષાદિના કારણે સ્થાનમાં ફેરફાર કરાયેલ લગભગ ૩૭ પ્રભુજીઓ તથા દીક્ષા-કેવલજ્ઞાનની દેરીના પગલાંની પુનઃપ્રતિષ્ઠા આ મહાત્માઓ દ્વારા થયેલ છે. તેઓના પુરુષાર્થને કારણે આજે ગિરનારમાં પણ શત્રુંજય મહાતીર્થ જેવી "જયતળેટી"નું નિર્માણ થયેલ છે તથા યાત્રિકો માટે સહસાવન કલ્યાણભૂમિ તીર્થોદ્ધાર સમિતિ - જૂનાગઢ દ્વારા "ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા" તથા દેવચંદ લક્ષ્મીચંદ પેઢી સંચાલિત "કાંતાબા સંકુલ"નું નિર્માણ પણ થયેલ છે.

બાલબ્રહ્મચારી નેમિનાથ પરમાત્માની અસીમકૃપા, શાસનદેવ-દેવીઓ તથા ચતુર્વિધ સંઘની સહાય અને દીર્ઘકાલીન આયંબિલના તપસ્વી એવા આ બન્ને મહાત્માઓના તપ-જપ-સંયમ આદિના પ્રભાવ અને ભગીરથ પુરુષાર્થથી આજે દેશ-વિદેશમાં વસતા લાખો જૈન બાળકો-યુવાનો અને વડીલોના હૈયે અને હોઠે ગિરનારના ગુણગાનનું ગુંજન થવા લાગ્યું છે, સૌના શ્વાસોશ્વાસમાં "જય જય ગરવો ગિરનાર..."નો નાદ ધબકી રહ્યો છે.

સૌ ચાલો ગિરનાર જઈએ...
જય ગિરનાર

સૌ ચાલો ગિરનાર જઈએ...
જય નેમિનાથ

# પ્રસાદ

વિશ્વની શ્રેષ્ઠતમ આધ્યાત્મિક ભૂમિ ગરવા ગિરનારની અનેક ભવ્ય ગાથાઓ દિવ્ય મહાપુરુષો દ્વારા આલેખાયેલી છે. વિવિધ ધર્મગ્રંથોમાં આ ભવ્યાતિભવ્ય ભૂમિનું અદ્‌ભુત, અલૌકિક વર્ણન થયેલું જોવા મળે છે. ભારતના વિવિધ ખૂણે સાધના કરી ચુકેલા સાધકોએ સિદ્ધિ માટે ગિરનાર પધારવું અનિવાર્ય હોય છે. આ ગિરનારે અનેક સિદ્ધ સાધકો-સંતો-સિદ્ધયોગીઓની ભેટ ધરી છે. તેમાંના એક એટલે પૂજ્ય આચાર્ય હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ. આશરે ૩૧૫૦ વખત ગિરનાર યાત્રા તથા આજીવન આયંબિલતપના અભિગ્રહ સાથે લગભગ ૨૪ વર્ષથી અખંડ આયંબિલ તપને સિદ્ધ કરનાર આ મહાત્મા વાસ્તવમાં ગિરનારી સાધક છે. તેઓશ્રીના શ્વાસે શ્વાસમાં ગિરનાર છે. આમ જેનો પ્રાણવાયુ જ ગિરનાર હોય તેના દ્વારા સંપાદિત પુસ્તક પણ પ્રસાદી સ્વરૂપ જ હોય.

પ્રસ્તુત ગ્રંથ **"ગિરનારની બાળવાર્તાઓ"** માં આશરે ૧૯ જેટલી ધર્મભક્તિસભર વાર્તાઓ સચિત્ર વર્ણિત છે. આ ઉપરાંત આશરે ૭ જેટલા આચાર્ય સાધકોની સાધનાસિદ્ધિઓ આશીર્વાદ સ્વરૂપે પ્રસાદભાવથી પ્રકાશિત કરવામાં આવી છે. મારા પૂજ્ય પિતાશ્રી રતિલાલ જોષીએ ૧૯૬૦-૭૦ ના દસકામાં ગિરનારમાં કઠોર સાધના કરેલ, આથી ગિરનાર પ્રત્યે ગિરનારની કૃપાથી જ ભક્તિભાવ રહ્યો છે. તેઓ વારંવાર કહેતા કે "પૂર્વજોની કૃપા હોય તો ગિરનાર વિષે જાણી શકાય, ગિરનારી સાધકોની કૃપા હોય તો ગિરનાર જોઈ શકાય, પરંતુ ઈશ્વરની કૃપા હોય તો જ ગિરનાર જઈ શકાય છે."

પ્રસ્તુત પ્રસાદી સ્વરૂપ પુસ્તક અનેક બાળકો-વિદ્યાર્થીઓ-યાત્રાળુઓ-પ્રવાસીઓ-સંશોધકો માટે આદર્શ જીવન જીવવાની પ્રેરણા પુરું પાડનાર બની રહેશે તે ચોક્કસ છે. પૂજ્ય હેમવલ્લભસૂરિ મ.સા. દ્વારા ગ્રંથોની સરવાણી વહેતી રહે તેવી અભ્યર્થના. ગુજરાત અને ગિરનારના ગૌરવ સમાન **હેમવલ્લભસૂરિ** મહારાજના ચરણોમાં વંદન સહ જય જિનેન્દ્ર.

Rosi



**પ્રો. (ડો.) વિશાલ આર. જોષી**
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી - જુનાગઢ.

# ગિરનારની બાળવાર્તાઓ





JSBN: gyann0005

KIRIT GRAPHICS
9898490091 I 9409342601

9 788194 819899
ISBN : 978-81-948198-9-9